
પૂ. મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મ. કૃત

# યશો આંતર વ્યથા...




સંકલક
પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ આ.દે. શ્રીમદ્
વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

# યશો આંતર વ્યથા

## (૧૨૫ અને ૧૫૦ ગાથાનું સ્તવન)

### (અર્થ સહિત)

-: સંકલનકાર :-

જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન સ્વાધ્યાયમગ્ન પૂ.આ.ભ. **શ્રી. વિજય જિતમૃગાંક સૂ.મ.સા.** ના શિષ્યરત્ન તથા પરમ નિસ્પૃહી સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી.વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર

**પૂ.આ.ભ.શ્રી.વિ. હેમભૂષણ સૂ.મ.સા.**

**નિમિત્ત**

**પ.પૂ. નિર્વેદરેખાશ્રીજી મ.સા.** ના શિષ્યા

**પ.પૂ. અધ્યાત્મરેખાશ્રીજી મ.સા.** ના

સળંગ બીજા વર્ષીતપની અનુમોદનાર્થે

|| પ્રકાશક- લાભાર્થી ||

**શાન્તાબેન સરદારમલ પ્રેમચંદજી મુઠલીયા પરિવાર**

(ખિવાન્દી નિવાસી, હાલ-મુંબઈ)

**લીલાબેન કાન્તીલાલજી**

(ચાંદરાઈ નિવાસી, હાલ-મુંબઈ)

# યશો આંતર વ્યથા

## (૧૨૫ અને ૧૫૦ ગાથાનું સ્તવન)

### (અર્થ સહિત)

આવૃત્તિ - પ્રથમ
નકલ : ૧૦૦૦

વિ.સં. ૨૦૬૨
મૂલ્ય : પઠન-પાઠન

|| પ્રાપ્તિસ્થાન ||
ડીક્કી બેગ્સ,
૮૫, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવળની પાસે,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨ ૯૪૯૫

|| મુદ્રક ||
ભવ્ય ગ્રાફિક્સ
૨૦/૨૨, સી.પી. ટેન્ક રોડ,
૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૯૫૦૪૫

# પ્રકાશકીય

પરમાત્માનું શાસન મળ્યા બાદ પ્રત્યેક ભવ્યાત્માની ભાવના સંયમજીવન સ્વીકારવાની હોય છે. તેવી શક્તિ ન હોય તો તેને મેળવવાની ઝંખનાપૂર્વક શ્રાવકજીવન જીવે છે. સાથે સાથે પોતાને સંયમમાર્ગ મળે તે માટે સંયમીઓના જીવનની અનુમોદના કરે છે અને પોતાના ચારિત્રમોહનીય કર્મનો ક્રમશઃ નાશ કરતો જાય છે.

અમે પણ આવી ઉદાત્તભાવનાથી પ.પૂ. નિર્વેદરેખાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. અધ્યાત્મરેખાશ્રીજી મ.સા. (સંસારીપક્ષે કુલદીપિકા) ના સળંગ બીજા વર્ષીતપની પૂર્ણાહૂતિ નિમિત્તે તેમના આ ભવ્યપુરુષાર્થની અનુમોદના કરવા કંઈક કરવાની ભાવના થઈ.

તદન્વયે તેઓશ્રીના માર્ગદર્શનથી પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાને અર્થસહિત ૧૨૫-૧૫૦ ગાથાના સ્તવનની પુસ્તિકા તૈયાર કરી આપવા નમ્ર વિનંતી કરી. તેઓશ્રીમદે અમારા ઉપર ઉપકાર કરી ટૂંક સમયમાં આ પુસ્તિકા તૈયાર કરી આપી છે. તેઓશ્રીમદ્નો આ ઉપકાર હરહંમેશ સ્મૃતિપથ પર જીવંત રહેશે.

સૌ કોઈ આ પુસ્તિકા દ્વારા આત્મિક લાભ પ્રાપ્ત કરે તેવી અભ્યર્થના...

શાન્તાબેન સરદારમલજી
લીલાબેન કાન્તીલાલજી

# સંકલનની પૂર્વક્ષણે...

ભવસાગરથી પાર ઉતરવા સાધનામાર્ગમાં પ્રવેશ કરવા તત્પર બનેલા ભવ્યાત્માઓ માટે મોક્ષમાર્ગ પ્રત્યેની પ્રતિબદ્ધતા અવિહડ શ્રદ્ધા જૈન શાસનમાં અત્યંત આવશ્યક લેખાઈ છે.

પ્રત્યેક સાધકે મોક્ષમાર્ગનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઈએ. કલિકાલના યોગે મોક્ષમાર્ગના વિષયમાં મતિકલ્પનાથી ઉભા કરેલા અનેક વિકલ્પો જગતમાં પ્રચારાતા હોય છે. તેવા સમયે મોક્ષમાર્ગના સાધકો મૂંઝવણ અનુભવતા હોય છે કે સત્ય શું અને અસત્ય શું ?

લગભગ ૨૫૦ વર્ષ પૂર્વે થયેલા પૂ. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા પણ આવા જ પ્રકારના મતિકલ્પનાથી ઉઠેલા વિકલ્પોથી વ્યથિત થયા હતા. તેઓ શ્રીમદ્દે તે વ્યથાને શ્રી સીમંધર સ્વામીને વિનંતી રૂપે ૧૨૫ ગાથાના સ્તવનમાં ઠાલવી છે. સાથે સાથે ભાવિકાલના જીવોને કુમતોથી ચેતતા રહેવા હિતશિક્ષા પણ પાઠવી છે.

૧૫૦ ગાથાના સ્તવનમાં કુમતિનું રોચક શૈલીમાં શાસ્ત્રાધારે ખંડન પણ કર્યું છે.

શ્રી સીમંધર સ્વામીની વિનંતી રૂપ સવાસો ગાથાના સ્તવનની પ્રથમ ઢાળમાં કુગુરૂઓનું ત્રાસદાયક સ્વરૂપ અને ભવ્યાત્માઓને તેઓથી બચવા માટેની હિતશિક્ષા આપી છે, કે જે અત્યારે પણ કુગુરુઓને ઓળખીને બચવા માટે માર્ગદર્શક બની જાય છે.

બીજી ઢાળમાં શુદ્ધધર્મ અને અધર્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. ત્રીજી ઢાળમાં આત્મસ્પર્શી જ્ઞાનને દુઃખનાશક જણાવી સ્વરૂપથી અનભિજ્ઞને ગુણસ્થાનકનો અસદ્ભાવ ઈત્યાદિ વાતોની

છણાવટ કરી અંતરયતના-બાહ્યયતના, અંતરદૃષ્ટિ-બહિર્દૃષ્ટિનું સ્વરૂપ વર્ણવ્યું છે. ચોથી ઢાળમાં આત્મા અને પુદ્ગલની ભિન્નતા, નિશ્ચયદયા-વ્યવહારદયાનું સ્વરૂપ આદિ વર્ણવ્યું છે.

પાંચમી ઢાળમાં માત્ર નિશ્ચયનયનું આલંબન લેતા લોકોની અનભિજ્ઞતાને પ્રગટ કરી વ્યવહાર નિશ્ચયનયનું પોત-પોતાના સ્થાને મહત્ત્વ સુંદર રીતે વર્ણવ્યું છે.

છઠ્ઠી અને સાતમી ઢાળમાં શુદ્ધ વ્યવહાર અને અશુદ્ધ વ્યવહારનું તથા મોક્ષના ત્રણ માર્ગ અને સંસારના ત્રણ માર્ગોનું સ્વરૂપ વર્ણવ્યું છે.

આઠમી ઢાળમાં માત્ર સ્વરૂપ હિંસાના નિમિત્તથી શ્રી જિનપૂજાનો નિષેધ કરનારાઓને સદુપદેશ આપ્યો છે.

નવમી ઢાળમાં શ્રી જ્ઞાતાસૂત્ર આદિમાં નિરૂપિત દ્રૌપદી આદિનાં ઉદાહરણો દ્વારા શ્રી જિનપૂજાની સિદ્ધિ કરી છે.

દસમી ઢાળમાં દ્રવ્યસ્તવ (જિનપૂજા) ને યોગ્ય શ્રાવકોને દ્રવ્યસ્તવ સંબંધી સદુપદેશ આપી અનેકવિધ વિષયોને સારી રીતે ચર્ચ્યા છે.

અગીયારમી ઢાળમાં શ્રી સીમંધર સ્વામીને ગદ્ગદિત હૃદયે વચન આપ્યું છે કે કોઈપણ કુમતો તારા વચન ઉપરના રાગને તોડી શકશે નહિ. એકમાત્ર તું જ મારા માટે પરમ આધાર છે.

જો કે પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ પોતાના સમકાલમાં ઉત્પન્ન થયેલા જિનપ્રતિમા લોપક ઢુંઢકમતિઓના (સ્થાનકવાસિઓના) મતનું નિરાકરણ પ્રતિમાશતક આદિ ગ્રંથોમાં સવિસ્તૃત કર્યું જ છે, તો પણ પ્રાકૃતજન (સામાન્ય બોધવાળાઓના) ઉપકાર માટે તે બધા જ વિષયોને આવરી લેતું પદ્યમય (શ્રી વીર પરમાત્માના સ્તવનરૂપે) ૧૫૦ ગાથાનું સ્તવન

રચ્યું છે. તે પણ અહીં અર્થ સહિત છે. તેની અંદર વર્ણવેલા વિસ્તૃત વિષયો અર્થના અધ્યયનની સાથે સ્વયમેવ જણાશે જ. તેથી અહીં તેને વર્ણવતા નથી.

સિદ્ધાંત સંરક્ષક જિનશાસન શિરતાજ પૂજ્યપાદ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવતા હતા કે... પ્રત્યેક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાના સ્તવનનો અર્થસહિત અભ્યાસ અવશ્ય કરવો જ જોઇએ.

આ પુસ્તકમાં સવાસો અને દોઢસો ગાથાના સ્તવન ઉપર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સ્વોપજ્ઞ બાલાવબોધ (ટબા) ઉપર પૂજ્ય શ્રીમદ્ ઉપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજાના શિષ્યરત્ન પૂ. પંન્યાસ પ્રવરશ્રી દાનવિજયજી મ.સા. એ સંશોધન કરેલ પુસ્તકના આધારે સંક્ષેપમાં સવાસો અને દોઢસો ગાથાના સ્તવનોનો ગાથાર્થ જણાવ્યો છે.

આ બંને સ્તવનનો અર્થ સહિત અભ્યાસ કરી સૌ કોઇ સન્માર્ગના યાત્રી બની વહેલામાં વહેલા મુક્તિસુખને પામે એ જ સદા માટેની શુભાભિલાષા....

લિ. વિજય હેમભૂષણ સૂરિ

વિ.સં. ૨૦૬૨, ચૈત્ર વદ-૬,
શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઇ-૬.

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

## ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય પૂજ્યપાદ શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત શ્રી સીમંધરસ્વામીને વિનંતિ કરવા સ્વરૂપે

# શ્રી સવાસો ગાથાનું હુંડીનું સ્તવન

કુટુમ્બમાં જેમ ભારે ક્લેશ વ્યાપ્યો હોય, કોઇ એકબીજાને કહી કે સમજાવી શકતું ન હોય તેથી અંતરવેદના અત્યંત વધી ગઇ હોય. ત્યારે કુટુંબનો કોઇ સમજુ સભ્ય દૂર દેશમાં રહેલા પોતાના નિકટના સંબંધીને જે કુટુંબનો પણ સાચો હિતેચ્છુ હોય તેને પત્ર દ્વારા કુટુંબીઓના ક્લેશની આત્મવ્યથા જણાવે છે અને ક્લેશના નિવારણ માટે સાચા માર્ગદર્શનની અપેક્ષા રાખે છે. તેવી જ રીતે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી વર્તમાનકાળમાં ભરતક્ષેત્રમાં નવા-નવા મતોની સ્થાપના દ્વારા ચાલણીથી ચળાતા અને છિન્નભિન્ન થતાં જૈનશાસનને જોઇને પીડિતહૃદયે દૂર દેશમાં = મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન, અત્યંત શુદ્ધ હિતોપદેશક તરીકે નિકટના સંબંધી પરમોપકારી શ્રી સીમંધરસ્વામી ભગવાનને હુંડી સ્વરૂપે આ પત્ર લખે છે. અમારી આ હુંડી સ્વીકારી, બરાબર વાંચીને સાચા ધર્મનું સ્વરૂપ સમજાવનારા સદ્‌ગુરૂનો અમને સંયોગ કરાવજો. એમ જાણે સૂચવતા હોય તેમ આ સ્તવન રચે છે. આ સ્તવન રચવા દ્વારા આપણને ઉપાધ્યાયજી મહારાજા ધર્મનું સાચું સ્વરૂપ સમજાવે છે.

# શુદ્ધ દેશનાનું સ્વરૂપ
## ઢાળ-પહેલી
(રાગ- ચેતન ! જ્ઞાન અજવાળીએ....)

**સ્વામી સીમંધરા ! વિનતિ, સાંભળો માહરી દેવ ! રે;**
**તાહરી આણ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવ રે.**
**સ્વામી સીમંધરા ! વિનતિ ॥૧॥**

**ગાથાર્થ** = હે સીમંધર સ્વામી ! તમે મારી વિનંતિ બરાબર સાંભળો. હું આપની આજ્ઞાને મસ્તકે ધારણ કરૂ છું અને આપના ચરણકમળની સેવા આદરૂં છું તેથી હે પ્રભુ ! આપ મારી વિનંતિ સાંભળો.

અવતરણિકા - કુગુરૂઓના પંજામાં ફસાયેલા જીવોને જોઈ ગ્રંથકારશ્રી પ્રભુ પાસે પોતાનું દુઃખ વ્યક્ત કરે છે.

**કુગુરૂની વાસના પાસમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;**
**તેહને શરણ તુજ વિણ નહીં, ટળવળે બાપડા ફોક રે.**
**સ્વામી૦ ॥૨॥**

**ગાથાર્થ** = જે લોકો કુગુરૂઓની મિથ્યા ઉપદેશ આપવા રૂપ વાસનાની જાળમાં (મિથ્યા ઉપદેશ આપવાના સંસ્કારની જાળમાં) હરણની જેમ ફસાયા છે. હે પ્રભુ ! તે લોકોને આપના વિના બીજા કોઈ શરણ સ્વીકારવા લાયક નથી. જો આપનો સત્ય ઉપદેશ તેઓને પરિણમે તો જ તેઓ વાસનાની જાળમાંથી છૂટે. બિચારા તે લોકો દૃષ્ટિરાગના કારણે નિરર્થક આમથી તેમ રખડે છે.

અવતરણિકા - કુગુરૂઓ ભદ્રિક જીવો પાસે કેવા કામો કરાવે છે ? તે સંબંધી વ્યથા પ્રગટ કરે છે.

**જ્ઞાનદર્શનચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;**
**લૂંટિયા તેણે જગ દેખતાં, કિહાં કરે લોક પોકાર રે ?**
**સ્વામી૦ ॥૩॥**

**ગાથાર્થ** = જ્ઞાન-દર્શન અને ચારિત્ર સ્વરૂપ આત્માના ગુણોની આરાધના વિના માત્ર કુલના આચારરૂપે ધર્મક્રિયાઓ જે ગુરૂઓ કરાવે છે. તે ગુરૂઓ લોકોના દેખતાં-દેખતાં આત્મધન લૂંટી રહ્યા છે. હે પ્રભુ ! લુંટાતા એવા આ ભદ્રિક જીવો કોની પાસે જઈને પોતાના દુઃખની હકીકત જણાવે ?

**જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહ રે ?**
**ઈમ અજાણ્યા પડે ફંદમાં, પાપબંધે રહ્યા જેહ રે.**
**સ્વામી૦ ॥૪॥**

**ગાથાર્થ** = જે ગુરૂઓ પોતે નિર્ગુણી (ગુણરહિત) છે અને સંસારસાગર તર્યા નથી, તેવા ગુરૂઓ કોની જેમ તારશે ? અર્થાત નહીં જ તારી શકે. કારણકે નાવ તારે પણ શિલા નહીં તારે આવું નહિં જાણનારા જીવો (ભોળા લોકો) આ કુગુરૂઓની માયાજાળમાં ફસાઈ જાય છે અને પાપકાર્યોમાં રત રહે છે પણ આત્મવીર્ય પ્રગટ કરવામાં ઉલ્લાસવાળા બન્યા નથી.

**કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;**
**દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે ?**
**સ્વામી૦ ॥૫॥**

**ગાથાર્થ** = કામકુંભ, ચિંતામણિરત્ન, કલ્પવૃક્ષ, કામધેનું વિગેરે પદાર્થો બહુ જ કિંમતી છે. તેના કરતાં પણ અધિક મૂલ્યવાળો આ ધર્મ છે કે જે ધર્મનું મૂલ્ય આંકી શકાતું નથી. તેવા પ્રકારના અમૂલ્ય ધર્મને કુગુરૂઓ પૈસાથી મૂલવે છે (અર્થાત ધનથી જ ધર્મને દેખાડે છે). ખરેખર હે પરમાત્મા ! હૈયામાં શૂલની જેમ ખટકે એવું જગતમાં આ શું થયું છે ? તે કાંઈ સમજાતું નથી.

અવતરણિકા - અર્થની દેશના આપનારા ગુરૂઓને મોક્ષમાર્ગના ઉચ્છેદકરૂપે જણાવે છે.

**અર્થની દેશના જે દિયે, ઓળવે ધર્મના ગ્રંથ રે;**
**પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે ?**
**સ્વામી૦ ॥૬॥**

**ગાથાર્થ** = જે ગુરૂઓ પોતાના સ્વાર્થો (યશ-કીર્તિ, મોહ વાસના પોષવા અને ધનસંપત્તિ એકત્રિત કરવા-કરાવવા રૂપ સ્વાર્થો) સાધવા માટે ધનની પ્રધાનતાવાળી દેશના આપે છે અને ધર્મના ગ્રંથોને છુપાવે છે. તે ગુરૂઓ પરમપદના સાક્ષાત્ ચોર (મોક્ષમાર્ગના ઉચ્છેદક) છે. આવા ગુરૂઓથી જૈનશાસનનો આ મોક્ષમાર્ગ શી રીતે વહન થાય ?

**વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદપૂર રે;**
**ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.**
**સ્વામી૦ ॥૭॥**

**ગાથાર્થ** = ગૃહસ્થો સંસારી હોવાથી પાંચે ઈન્દ્રિયોના વિષયસુખમાં સહજ રીતે આસક્ત હોય છે અને તેઓને કુગુરૂઓનો સહયોગ મળતાં અભિમાનથી પૂર્ણ બનીને તેમાં (વિષયસુખમાં) વધારે ડૂબે છે. આ રીતે બન્નેમાં ગાજા-વાજા વગડાવવાપૂર્વક ધૂમધામસહિત સર્વત્ર ધમાધમ જ પ્રવર્તે છે. શાસ્ત્ર-આજ્ઞાને અનુસારે વૈરાગ્યવાહી જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ તો અતિશય દૂર ચાલ્યો ગયો છે.

અવતરણિકા - કુગુરૂઓ જિનવચનને વિપરીત બતાવી પોતાના ખોટા મતો સ્થાપે છે તે જણાવે છે.

**કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;**
**જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે.**
**સ્વામી૦ ॥૮॥**

**ગાથાર્થ** = ક્લેશને કરનારા અને કદાગ્રહ (હઠાગ્રહ)થી ભરેલા આવા ગુરૂઓ ઢોલ વગાડીને જાણે જાહેરાત કરતા હોય, તેમ જિનવચનને વિપરીત કહીને પોતપોતાના મતો (પક્ષો) થાપી રહ્યા છે.

અવતરણિકા-કુગુરૂઓ પોતાના દોષને છુપાવવા સત્યધર્મને સમજાવતા જ નથી તે જણાવે છે.

**કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે;**
**ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહીં મંદ રે.**
**સ્વામી૦ ||૯||**

**ગાથાર્થ** = કેટલાક કુગુરૂઓ પોતાના દોષોને છુપાવવા માટે અને પોતાના નવા-નવા ખોટા મતો જમાવવાના મૂળીયા રોપવા માટે ઉત્તમ એવા ધર્મતત્ત્વની દેશનાને પણ સમય અને સંજોગોના નામે બદલી નાંખે છે. સાચો યથાર્થ ધર્મોપદેશ અજ્ઞાની (મંદ) એવા તેઓ કહેતા જ નથી કે જેનાથી જીવ ધર્મમાં જોડાય.

અવતરણિકા - સાચો ધર્મ જાણવા ભદ્રિક લોકો ભમરની જેમ ફરે છે તે જણાવે છે.

**બહુમુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;**
**ઢુંઢતા ધર્મને તે થયા, ભમર જિમ કમલની વાસ રે.**
**સ્વામી૦ ||૧૦||**

**ગાથાર્થ** = જુદા-જુદા વક્તાઓ પાસે જુદી જુદી ધર્મપ્રરૂપણા સાંભળીને લોકો સત્ય સમજાવનારાઓ ઉપર વિશ્વાસ રાખતા નથી અને ભમર જેમ સુગંધ માટે કમળને શોધ્યા જ કરે છે તેમ લોકો પણ સત્યધર્મને સમજાવનારાની શોધમાં ફર્યા જ કરે છે.

## આત્મસ્વરૂપની ઓળખાણ

### ઢાળ-૨

(રાગ : અભિનંદન જિન ! દરિશન તરસીએ....)

અવતરણિકા - સત્ય ધર્મ સમજાવનારા સદ્ગુરુની શોધ કરતાં કરતાં જ્ઞાની ગુરૂની પ્રાપ્તિ થઈ તે જણાવે છે.

**એમ ઢુંઢતાં રે ધર્મ સોહામણો, મિલિયો સદ્ગુરૂ એક;**
**તેણે સાચો રે મારગ દાખવ્યો, આણી હૃદય વિવેક.**
**શ્રી સીમંધર સાહિબ ! સાંભળો ॥૧॥**

**ગાથાર્થ** = આ પ્રમાણે યથાર્થ સત્ય ધર્મને શોધતાં શોધતાં એક જ્ઞાની સદ્ગુરૂ મળ્યા. તે મહાત્માએ હૃદયમાં વિવેક લાવીને સર્વત્ર અવિશ્વાસુ (સંભ્રમવાળા) જીવોને સાચો માર્ગ દેખાડ્યો. હે સીમંધરસ્વામી ! અમારી વાત સાંભળો.

અવતરણિકા - સદ્ગુરૂ ભદ્રિક જીવોને સમજાવે છે તે કહે છે.

**પરઘર જોતાં રે ધર્મ તુમે ફરો, નિજઘર ન લહો રે ધર્મ;**
**જિમ નવિ જાણે રે મૃગ કસ્તૂરિયો, મૃગમદપરિમલમર્મ.**
**શ્રી૦ ॥૨॥**

**ગાથાર્થ** = જેમ કસ્તૂરીઓ મૃગ પોતાની નાભિમાં રહેલી કસ્તૂરીની સુગંધનો મર્મ જાણતો નથી તેમ તમે પણ પોતાના જ આત્મારૂપી નિજઘરમાં રહેલા ધર્મતત્ત્વને જાણતા નથી અને પરઘરમાં (પરદ્રવ્યમાં) ધર્મ સમજીને તે ધર્મને લેવા માટે ચારે તરફ નિરર્થક ભટકો છો.

અવતરણિકા - પરમાર્થદષ્ટિએ અંધ એવા મિથ્યાદષ્ટિ જીવો ધર્મને બહાર શોધે છે.

**જિમ તે ભૂલો રે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદગંધ;**
**તિમ જગ ઢુંઢે રે બાહિરધર્મને, મિથ્યાદષ્ટિ રે અંધ.**
**શ્રી૦ ॥૩॥**

**ગાથાર્થ** = જેમ ભ્રાન્ત એવો તે કસ્તૂરીઓ મૃગ કસ્તૂરીની સુગંધ લેવા માટે પ્રત્યેક (દશે) દિશામાં ફરે છે તેમ આ જગતમાં પરમાર્થને જોવામાં અંધ એવો મિથ્યાદષ્ટિ જીવ બહાર (આત્માથી અન્ય સ્થાને) ધર્મને શોધે છે.

અવતરણિકા - જાતિઅંધ અને મિથ્યાદષ્ટિ આ બન્નેમાં કોણ અધિક ? તે સમજાવે છે.

**જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;**
**મિથ્યાદષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ.**
**શ્રી૦ ॥૪॥**

**ગાથાર્થ** = જે પુરુષ જન્મથી જ અંધ છે તેનો દોષ તેટલો ભારે નથી કારણ કે તે અન્યપદાર્થને જોઈ શકતો નથી. પરંતુ મિથ્યાદષ્ટિનો દોષ તો તેનાથી ઘણો આકરો છે કે જે અર્થને અનર્થ માને છે. ૧. ધર્મમાં અધર્મની બુદ્ધિ, ૨. અધર્મમાં ધર્મની બુદ્ધિ, ૩. માર્ગમાં ઉન્માર્ગની બુદ્ધિ, ૪. ઉન્માર્ગમાં માર્ગની બુદ્ધિ, ૫. સાધુમાં અસાધુની બુદ્ધિ, ૬. અસાધુમાં સાધુની બુદ્ધિ, ૭. જીવમાં અજીવની બુદ્ધિ, ૮. અજીવમાં જીવની બુદ્ધિ, ૯. મુક્તમાં અમુક્તની (સંસારીની) બુદ્ધિ અને ૧૦. અમુક્તમાં મુક્તની બુદ્ધિ એમ દશ પ્રકારે મિથ્યાત્વ શ્રી ઠાણાંગ સૂત્રમાં બતાવ્યું છે.

અવતરણિકા - મિથ્યાદષ્ટિ આત્માનું વર્તન કેવું હોય છે ? તે જણાવે છે -

**આપપ્રશંસે રે પરગુણ ઓળવે, ન ધરે ગુણનો રે લેશ;**
**તે જિનવાણી રે નવિ શ્રવણે સુણે, દિયે મિથ્યા ઉપદેશ.**
**શ્રી૦ ॥૫॥**

**ગાથાર્થ** = મિથ્યાદષ્ટિ આત્માઓ પોતાની પ્રશંસા કરે છે, બીજાના કઈંક દોષો કાઢીને તેના ગુણોને છુપાવે છે. પોતાનામાં ગુણનો એક અંશ પણ ધારણ કરતાં નથી. જિનેશ્વર પરમાત્માની વાણી ક્યારેય પણ ભાવથી સાંભળતા નથી અને લોકોને મનોરંજન થાય તે રીતે સ્વમતિ કલ્પિત ઉપદેશ આપે છે.

અવતરણિકા - સદ્‌ગુરૂની પ્રાપ્તિથી જીવોમાં શું પરિવર્તન આવે છે ? તે જણાવે છે.

**જ્ઞાનપ્રકાશે રે મોહતિમિર હરે, જેહને સદ્‌ગુરૂ સૂર;**
**તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.**
**શ્રી૦ ॥૬॥**

ગાથાર્થ = સદ્‌ગુરૂની પ્રાપ્તિરૂપી સૂર્ય ઉગવાથી જ્ઞાનરૂપી પ્રકાશ મળવા દ્વારા જે-જે આત્માઓમાંથી મોહરૂપી અંધકાર દૂર કરાયો છે તેઓ જ પોતાના આત્મામાં ધર્મની સત્તા દેખે છે અર્થાત્ સમ્યક્ત્વને પામે છે અને તે સમ્યક્ત્વના કારણથી જ્ઞાનના આનંદથી પૂર્ણ થાય છે જ્ઞાનાનંદને અનુભવનારા બને છે.

અવતરણિકા - ધર્મ એ જીવનો શુદ્ધસ્વભાવાત્મક પદાર્થ છે તે સમજાવે છે -

**જિમ નિર્મલતા રે રત્નસ્ફટિકતણી, તિમ એ જીવ સ્વભાવ;**
**તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબલ કષાય-અભાવ.**
**શ્રી૦ ॥૭॥**

**ગાથાર્થ** = જેમ સ્ફટિકરત્નની નિર્મળતા એ સ્વભાવિક છે તેમ જીવની શુદ્ધ-બુદ્ધ, નિર્મળ અવસ્થા એ સ્વભાવિક છે. આ સ્વભાવિક નિર્મળતા પ્રાપ્ત કરવી અને પ્રબળ કષાયોના ઉદયરૂપ મલીનતાને દૂર કરવી એ જ સાચો ધર્મ છે. એમ શ્રી વીરપરમાત્માએ ધર્મ પ્રકાશિત કર્યો છે.

અવતરણિકા - આ જ વાત ગ્રંથકાર શ્રી અત્યંત સ્પષ્ટ કરે છે.

**જિમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામફૂલથી રે શ્યામ;**
**પાપ પુણ્યથી રે તિમ જગ જીવને, રાગદ્વેષ-પરિણામ.**
**શ્રી૦ ॥૮॥**

**ગાથાર્થ** = નિર્મલ અને ઉજ્જવલ એવું પણ સ્ફટિક જેમ લાલફૂલના સંપર્કથી લાલ અને શ્યામફૂલના સંપર્કથી શ્યામ દેખાય છે તેવી જ રીતે નિર્મલ અને શુદ્ધ-બુદ્ધ એવા આ આત્માને સંસારમાં પૂર્વે બંધાયેલા પુણ્ય-પાપના ઉદયથી રાગદ્વેષના પરિણામો પેદા થાય છે. રાગ=રાતા ફૂલના સંપર્કથી અને દ્વેષ=શ્યામ ફૂલના સંપર્કથી એમ સમજવું.

અવતરણિકા - રાગ અને દ્વેષના પરિણામને (પ્રશસ્ત હોય તો પણ) ધર્મ ન કહેવાય આ વાત જણાવે છે -

**ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ;**
**પહેલે અંગે રે એણીપેરે ભાખિયું, કરમે હોયે ઉપાધિ.**
**શ્રી૦ ॥૯॥**

**ગાથાર્થ** = તે રાગ-દ્વેષ પ્રશસ્ત પરિણામરૂપ હોય તો કારણમાં કાર્યના ઉપચારથી વ્યવહારથી ધર્મ કહેવાય પણ નિશ્ચયનયથી ધર્મ ન કહેવાય. જે રાગદ્વેષ વિભાવ છે તે મોટી વ્યાધિરૂપ છે. આ પ્રમાણે શ્રી આચારાંગ નામના પ્રથમ અંગમાં કહ્યું છે. આ રાગ અને દ્વેષના પરિણામરૂપ ઉપાધિ કર્મોના ઉદયથી થાય છે માટે વૈભાવિક છે સ્વભાવિક નથી.

અવતરણિકા - (બધી) આખી વાતનો સારાંશ સમજાવે છે -

**જે-જે અંશે રે નિરૂપાધિકપણું, તે-તે જાણો રે ધર્મ;**
**સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી, જાવ લહે શિવશર્મ.**
**શ્રી૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = આત્મામાં જેટલા-જેટલા અંશે નિરૂપાધિકદશા (રાગાદિ ભાવમલોનો વિગમ=નાશ) આવે છે તેટલા-તેટલા અંશે ધર્મપ્રાપ્તિ થઈ છે એમ જાણવું. જેમકે સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વરૂપ ઉપાધિ ટળી તેટલો જ ધર્મ, વિરતિને અવિરતિ ટળી તે ધર્મ, અકષાયીને કષાય ટાળ્યો તે ધર્મ અને અયોગીને યોગ ટળ્યો તે ધર્મ. અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકથી યાવત્ મોક્ષસુખની પ્રાપ્તિ સુધી નિરૂપાધિકતારૂપ ધર્મની પ્રાપ્તિ ઉત્તરોત્તર અધિક-અધિક જાણવી.

અવતરણિકા - નિરૂપાધિક એવા શુદ્ધ આત્મધર્મમાં જ વર્તવાનો ઉપદેશ-

**એમ જાણીને રે જ્ઞાનદશા ભજી, રહીએ આપ સ્વરૂપ;**
**પરપરિણતિથી રે ધર્મ ન છાંડીએ, નવિ પડીએ ભવકૂપ.**
**શ્રી૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = એમ જાણીને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ એ પાંચ આશ્રવ છે અને તેમની નિવૃત્તિ તે પાંચ સંવર છે એમ અંતરંગ જ્ઞાનદશા ભજીને આત્મસ્વરૂપમાં મગ્ન થઈને રહીએ. પર-પરિણતિને (કર્મના ઉદયને) આધીન થઈને સ્વભાવદશારૂપ ધર્મને ન છોડવું જેથી સંસારરૂપી કૂવામાં ન ડૂબી જવાય (આ જ હિતોપદેશ છે).

## આત્મતત્ત્વ વિચાર
### ઢાળ-૩
(રાગ - કડવા ફળ છે ક્રોધના.....)

અવતરણિકા - પરદોષદૃષ્ટિ ટાળીને આત્માની શોધ કરે તો ધર્મ પામે એમ બીજી ઢાળમાં કહ્યું. હવે તે આત્મજ્ઞાનનો ઉપાય ત્રીજી ઢાળમાં બતાવે છે.

**જિહાં લગે આતમદ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;**
**તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું ?**
**આતમતત્ત્વ વિચારીએ......॥૧॥**

**ગાથાર્થ** = જ્યાં સુધી જીવ આત્મદ્રવ્યનું પારમાર્થિક સ્વરૂપ જાણતો નથી ત્યાં સુધી ઉપર-ઉપરનું ઉંચું ગુણસ્થાનક માત્ર ખેંચવાની ક્રિયાવડે શી રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ પ્રાપ્ત ન જ થાય.

અવતરણિકા - આત્મતત્ત્વનું યથાર્થ જ્ઞાન જ ભવદુઃખ ટાળનાર છે તે જણાવે છે -

**આતમ અજ્ઞાને કરી, જે ભવદુઃખ લહીએ;**
**આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીએ.**
**આતમ૦ ॥૨॥**

**ગાથાર્થ** = 'આત્મતત્ત્વ'ની અજ્ઞાનતાથી આ જીવને સંસારમાં જે દુઃખો આવ્યા છે અને આવે છે. તે સર્વે દુઃખો 'આત્મતત્ત્વના જ્ઞાનથી' દૂર થઈ જાય. પણ આત્મજ્ઞાનથી રહિત માત્ર તપ વિગેરે કરવાથી વાસ્તવમાં દુઃખો દૂર થતા નથી. એમ મનમાં અવશ્ય શ્રદ્ધા કરવી જોઈએ. (આત્મતત્ત્વનું અજ્ઞાન = પુદ્ગલદ્રવ્યોમાં મમત્વ એટલે અભેદબુદ્ધિ, આત્મજ્ઞાન= પુદ્ગલ અને આત્માનું ભેદજ્ઞાન).

અવતરણિકા - ઉત્કૃષ્ટ જ્ઞાનદશા જ ચારિત્ર છે સંવર છે તે જણાવે છે -

**જ્ઞાનદશા જે આકરી, તેહ ચરણ વિચારો;**
**નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો.**
**આતમ૦ ॥૩॥**

**ગાથાર્થ** = ઉત્કૃષ્ટ જ્ઞાનદશા = પરપુદ્ગલની પરિણતિનો ત્યાગ એ જ પારમાર્થિક ચારિત્ર છે. તેમજ મોહરહિત જ્ઞાનદશાના ઉપયોગમાં વર્તનારા જીવને કર્મોનું આગમન = આશ્રવ થતું નથી: (પણ જ્ઞાન વિનાનો બાહ્યત્યાગ તો તિર્યંચાદિકને પણ હોય છે.)

અવતરણિકા - આ બાબતમાં ભગવતીસૂત્રની સાક્ષી આપે છે-

**ભગવઈ અંગે ભાખિયો, સામાયિક અર્થ;**
**સામાયિક પણ આતમા, ધરો સૂધો અર્થ.**
**આતમ૦ ॥૪॥**

**ગાથાર્થ** = શ્રી ભગવતી નામના પાંચમાં અંગમાં ‘‘આત્મા એ જ સામાયિક છે’’ (સમભાવમાં વર્તવું એ જ સાચું સામાયિક છે) એમ સ્પષ્ટ કહ્યું છે. આવા શુદ્ધ=સ્પષ્ટ અર્થને મનમાં ધારણ કરો.

**લોકસાર અધ્યયનમાં, સમકિત મુનિભાવે;**
**મુનિભાવ જ સમકિત કહ્યું, નિજ શુદ્ધસ્વભાવે.**
**આતમ૦ ॥૫॥**

**ગાથાર્થ** = શ્રી આચારાંગસૂત્રના પાંચમાં લોકસાર નામના અધ્યયનમાં કહ્યું છે કે આ જીવ પોતાના શુદ્ધ સ્વભાવમાં વર્તે તે જ સમ્યક્ત્વ છે અને સમ્યક્ત્વ એ જ મુનિભાવ=મૌન છે

તથા મુનિભાવ (મૌન) એ જ સમ્યક્ત્વ જાણવું. (અર્થાત સર્વથા શુદ્ધ આત્મસ્વરૂપના (મુક્તિમાત્રના) અભિલાષી બનવું તેનું નામ મૌન. આવા પ્રકારનું મૌન એ જ સમ્યક્ત્વ છે અને આવા પ્રકારનું સમ્યક્ત્વ એ જ મૌન છે.)

અવતરણિકા - જ્ઞાનદશાની લીનતા વિના કષ્ટકારી પાળેલું ચારિત્ર પણ કર્મક્ષય માટે સમર્થ બનતું નથી તે હવે સમજાવે છે.

**કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;**
**જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ.**
**આતમ૦ ||૬||**

**ગાથાર્થ** = દુઃખો સહન કરીને કષ્ટકારી એવા સંયમનું પાલન પણ ભલે કરીએ અને શરીરને પણ ઓગાળી દઈએ = શરીર સુકલકડી જેવું પણ કરે પરંતુ જો ભેદજ્ઞાન થવારૂપ જ્ઞાનદશા જાગી ન હોય, સ્વ-પરનો વિવેક પ્રગટ્યો ન હોય તો કર્મોનો અને તદુદયજન્ય દુઃખોનો ઉચ્છેદ થતો નથી. માટે અંતર્મુખ બનીને જ્ઞાનદૃષ્ટિને દૃઢ રાખવી જોઈએ.

અવતરણિકા - જ્ઞાનદશાપૂર્વકની સાધના જ સાચો મોક્ષમાર્ગ છે આ વાતને વધારે સ્પષ્ટ કરે છે.

**બાહિર - યતના બાપડા, કરતાં દુહવાએ;**
**અંતર-યતના જ્ઞાનની, નવિ તેણે થાએ.**
**આતમ૦ ||૭||**

**ગાથાર્થ** = જે બિચારા અજ્ઞાની (પારમાર્થિક જ્ઞાનરહિત) આત્માઓ હિતાહિતને ન જાણતા હોવાથી બાહ્ય-જયણા બહુ પાળે છે અને તેને માટે શારીરિક ઘણા દુઃખો સહન કરે છે પરંતુ તેટલા માત્રથી આંતરિક જ્ઞાનદશા (=વચનાતીત અને અલૌકિક સુખદાયક એવી જ્ઞાનદશા)રૂપ જયણા પ્રગટ થતી નથી.

**રાગ દ્વેષ મલ ગાળવા, ઉપશમ રસ ઝીલો;**
**આતમપરિણતિ આદરી, પરપરિણતિ પીલો.**
**આતમ૦ ॥૮॥**

**ગાથાર્થ** = રાગદ્વેષરૂપી (અજ્ઞાનાદિ દુર્ગુણોરૂપી)મેલને ઓગાળવા માટે ઉપશમભાવ (પ્રશમભાવ, સમતાભાવ)રૂપી જલથી સ્નાન કરો. આત્માના ગુણોની જ ઝંખના રૂપ આત્મપરિણતિને સ્વીકારીને પરપુદ્ગલ કે પરવ્યક્તિ પ્રત્યેની પ્રીતિ-અપ્રીતિ-હર્ષ-શોક-રાગ-દ્વેષરૂપ પરપરિણતિને આત્મામાંથી દૂર ફગાવી દો. (કારણકે આ પરપરિણતિ આ જીવને આશારૂપી જાળથી બાંધીને ચારે ગતિરૂપ અપાર સંસારમાં ભટકાવે છે.)

અવતરણિકા - પરપરિણતિથી આ જીવ જડતાને અનુભવનાર બને છે તે જણાવે છે -

**હું એહનો એ માહરો, એ હું એણી બુદ્ધિ;**
**ચેતન જડતા અનુભવે, ન વિમાસે શુદ્ધિ.**
**આતમ૦ ॥૯॥**

**ગાથાર્થ** = હું આ પુત્રાદિનો પિતા છું, આ પુત્રાદિ મારા છે. આ શરીરાદિ એ જ હું છું (અને હું એ જ શરીરાદિ છે) આવા પ્રકારની મોહમયી બુદ્ધિથી ચેતન એવો આ જીવ જડતા (મૂર્ખતા)ને અનુભવે છે પરંતુ આત્મતત્ત્વની શુદ્ધિ વિચારતો નથી.

અવતરણિકા - ઉપરોક્ત વાતને વધારે સ્પષ્ટ કરે છે -

**બાહિરદૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે;**
**અંતરદૃષ્ટિ દેખતાં, અક્ષયપદ પાવે.**
**આતમ૦ ॥૧૦॥**

ગાથાર્થ = જે આત્માઓ ચર્મચક્ષુથી શરીરાદિ મારા છે એમ દેખે છે તેનું મન બહાર (બાહ્ય પદાર્થોના સંયોગ-વિયોગમાં) જ દોડે છે અને જે આત્માઓ જ્ઞાનચક્ષુથી સ્વ=આત્માના ગુણો મારા છે એમ દેખે છે તેનું મન મોહરહિત થયું છતું મુક્તિપદને પામે છે.

અવતરણિકા - અંતરાત્મદૃષ્ટિ વિનાનું બાહ્ય ચારિત્ર મુક્તિનું કારણ બનતું નથી તે સમજાવે છે -

**ચરણ હોયે લજ્જાદિકે, નવિ મનને ભંગે;**
**ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે.**
**આતમ૦ ||૧૧||**

ગાથાર્થ = લજ્જાદિકથી દ્રવ્યક્રિયા કરવા છતાં પણ મનના અસમાધાનમાં=મનની અસમાધિમાં ચારિત્ર ઘટતું નથી. પરન્તુ જ્ઞાનથી કરાયેલી=જ્ઞાનપૂર્વકની મનની શુદ્ધિ એ જ ચારિત્ર મોક્ષનું કારણ છે એમ પહેલા શ્રી આચારાંગસૂત્રના ત્રીજા અધ્યયનમાં કહ્યું છે.

**અધ્યાતમ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે;**
**મમકારાદિક યોગથી, ઈમ જ્ઞાની બોલે.**
**આતમ૦ ||૧૨||**

ગાથાર્થ = અપુનર્બંધકાદિ ભાવની આત્મદૃષ્ટિરૂપ આત્મશુદ્ધિના લક્ષ્ય વિના કરાતી ધર્મક્રિયા મમત્વ-અહંકારાદિનું કારણ બનતી હોવાથી શારીરિક મેલની સમાન છે એમ જ્ઞાનીપુરુષો કહે છે.

અવતરણિકા - પરભાવના કર્તૃત્વની બુદ્ધિ જ જીવને કર્મ બંધાવનારી છે તે જણાવે છે –

હું કર્તા પરભાવનો, એમ જિમ-જિમ જાણે;
તિમ-તિમ અજ્ઞાની પડે, નિજકર્મને ઘાણે.
આતમ૦ ॥૧૩॥

**ગાથાર્થ** = હું પરપુદ્ગલાદિ ભાવોનો કર્તા છું. એમ જેમ-જેમ આ જીવ જાણે છે. તેમ તેમ તે અજ્ઞાની જીવ કર્મબંધરૂપ ઘાણમાં ફસાય છે. અર્થાત્ કર્તૃત્વ અભિમાનજનિત કર્મથી બંધાય છે.

પુદ્ગલકર્માદિક તણો, કર્તા વ્યવહારે;
કર્તા ચેતન કર્મનો, નિશ્ચય સુવિચારે.
આતમ૦ ॥૧૪॥

**ગાથાર્થ** = આ જીવ શરીરાદિ પૌદ્ગલિક ભાવોનો તથા જ્ઞાનાવરણીયાદિ બદ્ધ્યમાન દ્રવ્યકર્મોનો એમ બન્નેનો કર્તા વ્યવહારનયથી જાણવો તથા રાગ-દ્વેષાદિ સ્વરૂપ ભાવકર્મોનો આ ચેતન કર્તા છે તે (અશુદ્ધ) નિશ્ચયનયથી જાણવો.

કર્તા શુદ્ધસ્વભાવનો, નય શુદ્ધે કહીએ;
કર્તા પરપરિણામનો, બેઉ કિરિયા ગ્રહીએ.
આતમ૦ ॥૧૫॥

**ગાથાર્થ** : આ જીવ જ્ઞાનાદિગુણોરૂપ શુદ્ધ સ્વભાવોનો કર્તા છે તે શુદ્ધ નિશ્ચયનયથી જાણવો. આ જીવને પરપરિણામનો કર્તા માનીએ તો બે ક્રિયા આવે. એક જીવક્રિયા અને બીજી અજીવક્રિયા. એમ માનતા સિદ્ધાન્તનો વિરોધ થાય. તે માટે આત્મા=જીવ શુદ્ધ સ્વભાવનો જ કર્તા છે એમ માનવું જોઈએ.

## શુદ્ધ નય વિચાર
### ઢાળ-૪
(રાગ-એક રે દિવસ એવો આવશે...)

અવતરણિકા - બીજી અને ત્રીજી ઢાળમાં કહેલું નિશ્ચયનયનું સ્વરૂપ સાંભળીને કોઈક શિષ્ય ગુરૂને પ્રશ્ન કરે છે કે-

**શિષ્ય કહે જો પરભાવનો, અકર્તા કહ્યો પ્રાણી;**
**દાન-હરણાદિક કિમ ઘટે ?, કહે સદ્‌ગુરૂ વાણી.**
**શુદ્ધ નય અર્થ મન ધારીએ. ॥૧॥**

**ગાથાર્થ** = કોઈ શિષ્ય ગુરૂજીને પૂછે છે કે જો આ જીવ પરભાવનો અકર્તા કહો છો તો અમુક દાતા, અમુક હર્તા વિગેરે વ્યવહાર કેવી રીતે ઘટશે ? તેમજ દાન અને હરણાદિકનું ફલ પણ કેવી રીતે ઘટશે ? તેનો ઉત્તર હવે (પછીની ગાથાઓમાં) ગુરૂજી પોતે જ આપે છે. જે શુદ્ધ નિશ્ચયનયના અર્થો છે તેને (સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીને) મનમાં ધારીએ. ત્યાં માત્ર વ્યવહારનો બાધ થતા દોષ નથી. દાન અને હરણાદિકનું ફળ તો આત્મામાં જ છે. પરપદાર્થ તો નિમિત્તમાત્ર જ છે.

**ધર્મ નવિ દીયે નવિ સુખ દીયે, પર જંતુને દેતો;**
**આપ સત્તા રહે આપમાં, એમ હૃદયમાં ચેતો. શુદ્ધ૦ ॥૨॥**

**ગાથાર્થ** = વસ્ત્રાદિ પર પદાર્થો દીન-દરિદ્રી આદિ અન્ય પ્રાણીને આપતો એવો આ આત્મા બીજાને ધર્મ કે સુખ (આનંદ) આપી શકતો નથી. ધર્મ અને સુખ તો આત્માના ગુણોની સત્તા હોવાથી આત્મામાં જ રહે છે. (તે ગુણો બીજાને અપાતા નથી.) એમ હૃદયમાં જાણો.

**જોગવશે જે પુદ્ગલ ગ્રહ્યા, નવિ જીવના તેહ;**
**તેહથી જીવ છે જૂજૂઓ, વળી જૂજૂઓ દેહ. શુદ્ધ૦ ॥૩॥**

**ગાથાર્થ** = આ જીવે મન-વચન અને કાયાના યોગથી જે પુદ્ગલો ગ્રહણ કર્યા છે તે પુદ્ગલો પણ જીવના નથી. તે પુદ્ગલોથી જીવ જુદો છે અને જીવથી દેહાદિ પુદ્ગલો પણ જુદા છે. તેથી કોણ કોને ગ્રહણ કરે ?

અવતરણિકા - આ જ વાત ગ્રંથકારશ્રી વધારે સ્પષ્ટ કરે છે -

**ભક્તપાનાદિ પુદ્ગલ પ્રતે, ન દિયે છતિ વિના પોતે;**
**દાનહરણાદિ પર જંતુને, એમ નવિ ઘટે જોતે.**
**શુદ્ધ૦ ॥૪॥**

**ગાથાર્થ** = ભોજન પાણી વિગેરે પૌદ્ગલિક પદાર્થો પોતાની માલિકી વિનાના છે. તેથી તેને આપવાનું (અને લેવાનું) ઘટી શકતું નથી. આ પ્રમાણે વિચારતાં (બીજા)પર પ્રાણી પ્રત્યે દાતૃત્વ અને હર્તૃત્વ વગેરે વ્યવહારો નિશ્ચયનયથી ઘટતા નથી (સંભવતા નથી).

અવતરણિકા - તો કર્મબંધ કેમ થાય છે ? તે બતાવે છે -

**દાનહરણાદિક અવસરે, શુભ અશુભ વસ્તુ સંકલ્પે;**
**દિયે હરે તું નિજ રૂપને, મુખે અન્યથા જલ્પે.**
**શુદ્ધ૦ ॥૫॥**

**ગાથાર્થ** = દાન અને અપહરણ વગેરેના પ્રસંગોમાં તારા પોતાના આત્મામાં શુભ અને અશુભ જે સંકલ્પ-વિકલ્પો (વિચારો) થાય છે. તેનાથી તું તારા પોતાના શુદ્ધસ્વરૂપને આપે છે અથવા ચોરે છે અને મુખથી તેનાથી ઉલટું એટલે પુદ્ગલોના આદાન-

પ્રદાન કર્યાનું બોલે છે. એ પ્રમાણે મનના નિમિત્તથી તું કર્મ બાંધે છે.

**અન્યથા વચન અભિમાનથી, ફરી કર્મ તું બાંધે;**
**જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે. શુદ્ધ૦ ॥૬॥**

**ગાથાર્થ** = પારમાર્થિક પરિસ્થિતિ ન સમજવાથી 'હું દાનાદિકનો કર્તા છું' એવા વિપરીત વચનો બોલી-બોલીને વારંવાર તું ફોગટ કર્મો બાંધે છે. દાન-અપહરણાદિના કાળે જે આત્મા માત્ર જ્ઞાતાપણાનો ભાવ ગ્રહણ કરે છે તે આત્મા પારમાર્થિક-સુખને સાધે છે.

**શુભ અશુભ વસ્તુ સંકલ્પથી, ધરે જે નટ માયા;**
**તે ટળે સહજ સુખ અનુભવે, પ્રભુ આતમરાયા.**
**શુદ્ધ૦ ॥૭॥**

**ગાથાર્થ** = આ જીવ શુભ અને અશુભ માનસિક સંકલ્પો અને વિકલ્પો દ્વારા નટની પ્રક્રિયા (હર્ષ-શોકાદિ)ને ધારણ કરે છે પરંતુ જ્યારે આ આત્મા તેવા પ્રકારની હર્ષ-શોકાદિરૂપ નટમાયાને ત્યજી દેશે ત્યારે જ આ આત્મારૂપી રાજા પ્રભુ થયો છતો સ્વભાવિક સુખને અનુભવશે.

**પરતણી આશ વિષવેલડી, ફલે કર્મ બહુભાંતિ;**
**જ્ઞાનદહને કરી તે દહે, હોયે એક જે જાતિ.**
**શુદ્ધ૦ ॥૮॥**

**ગાથાર્થ** = પરદ્રવ્યોની આશા એ વિષની વેલડી સમાન છે તેનાથી ઘણા પ્રકારે કર્મો બંધાય છે. જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા જો

તે વિષવેલડી બાળી નાંખવામાં આવે તો આ આત્મા વિશિષ્ટ એવી એક શુદ્ધ જાતિવાળો બને છે. તે પરદ્રવ્યની આશારૂપી વિષની વેલડી સંકલેશ અને વિશુદ્ધિ સ્વરૂપ અનેક પ્રકારના ફળરૂપ કર્મબંધને આપે છે અર્થાત્ કર્મબંધ કરાવે છે.

**રાગ દોષે રહિત એક જે, દયા શુદ્ધ તે પાળે;**
**પ્રથમ અંગે એમ ભાખિયું, નિજ શક્તિ અજુઆળે.**
**શુદ્ધ૦ ॥૯॥**

**ગાથાર્થ** = શ્રી આચારાંગ નામના પ્રથમ અંગમાં કહ્યું છે કે જે આત્મા રાગદ્વેષરહિત બને છે તે જ એક પોતાના આત્માની શુદ્ધ એવી ભાવદયા (જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ભાવપ્રાણોની રક્ષા કરવારૂપ ભાવદયા) પાળે છે. આવી ભાવદયા દ્વારા પોતાના આત્માના ગુણોના વિકાસરૂપ આત્મશક્તિને તે ઉજ્જવળ કરે છે.

**એકતાજ્ઞાન નિશ્ચયદયા, સુગુરૂ તેહને ભાખે;**
**જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે.**
**શુદ્ધ૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જે મહાત્માઓ પોતાના આત્માના જ્ઞાનાદિગુણોમાં લીન બને છે (અને પરપરિણામોને ત્યજી દે છે) તે મહાત્માઓ નિશ્ચયનયથી ભાવદયાવાળા છે એમ મહર્ષિઓ કહે છે. ભાવદયાના પરિણામોવાળા અને મોહના વિકલ્પોથી રહિત એવા શુદ્ધ ઉપયોગમાં વર્તતા આ આત્માઓ પોતાના ભાવપ્રાણોની રક્ષા કરનારા બને છે.

અવતરણિકા - આ જ વાતને વધારે સ્પષ્ટ કરે છે -

**જેહ રાખે પરપ્રાણને, દયા તાસ વ્યવહારે;**
**નિજ દયા વિણ કહો પર દયા, હોયે કવણ પ્રકારે ?**
**શુદ્ધ૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = જે આત્માઓ બીજાના દ્રવ્યપ્રાણોની રક્ષા કરે છે તે વ્યવહારનયથી દયા કહેવાય છે પરંતુ પોતાની ભાવદયા વિના કરાતી તે પરની દ્રવ્યદયા આત્મશુદ્ધિરૂપ ઉપકારને કરનારી શી રીતે બને ? અર્થાત્ ઉપકાર કરનારી ન જ બને.

અવતરણિકા - ભાવદયા વિનાની દ્રવ્યદયા કેવી હોય છે ? તે સમજાવે છે-

**લોક વિણ જિમ નગરમેદની, જિમ જીવ વિણ કાયા;**
**ફોક તિમ જ્ઞાન વિણ પરદયા, જિસી નટતણી માયા.**
**શુદ્ધ૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = જેમ લોકો વિના નગરની ભૂમિ તથા જીવ વિના કાયા શોભા પામતી નથી. તેમ શુદ્ધજ્ઞાનદશાના ઉપયોગાત્મક ભાવદયા વિના નટડીની માયા સમાન દ્રવ્યદયા પણ શોભા પામતી નથી.

અવતરણિકા - મોહના વિકારો વિનાનો શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ એ જ સર્વશ્રેયસ્કર માર્ગ છે તે સમજાવે છે -

**સર્વ આચારમય પ્રવચને, ભણ્યો અનુભવયોગ;**
**તેહથી મુનિ વમે મોહને, વળી અરતિ-રતિ શોગ.**
**શુદ્ધ૦ ॥૧૩॥**

**ગાથાર્થ** = આ કારણથી સર્વ પ્રકારના ઉત્તમ આચારમય એવા

જૈન પ્રવચનમાં આત્મતત્ત્વનો 'અનુભવ યોગ' (જ્ઞાન યોગ) જ શ્રેષ્ઠ કહ્યો છે કે જે આત્માનુભવથી મુનિરાજ મોહને અર્થાત્ કષાય મોહનીયને દૂર કરે છે અને વળી અરતિ-રતિ તથા શોકને અર્થાત્ નોકષાય મોહનીયને પણ દૂર કરે છે.

**સૂત્ર (અર્થ) અક્ષર પરાવર્તના, સરસ શેલડી દાખી;**
**તાસ રસ અનુભવ ચાખીએ, જિહાં એક છે શાખી.**
**શુદ્ધ૦ ॥૧૪॥**

**ગાથાર્થ** = આ મહાત્માઓને સૂત્રો અને તેના અર્થોનું સતત પુનરાવર્તન કરવું એ, (=કર્મયોગ છે) રસભરપૂર શેલડી જેવું મીઠું લાગે છે. તેના અમૃત તુલ્ય રસનો નિત્ય અનુભવ (જ્ઞાનયોગ) કરે છે જેની મીઠાશમાં પોતાનો આત્મા જ એક સાક્ષીભૂત છે. (આ મીઠાશ શબ્દોથી અવર્ણનીય છે.) કર્મયોગ=૧-સ્થાન, ૨-વર્ણ, જ્ઞાનયોગ=૧-અર્થ, ૨-આલંબન અને નિરાલંબન.

અવતરણિકા - આ જ હકીકતને વધારે દૃઢ કરતાં સમજાવે છે -

**આતમરામ અનુભવ ભજો, તજો પરતણી માયા;**
**એહ છે સાર જિનવચનનો, વળી એહ શિવછાયા.**
**શુદ્ધ૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = તેથી આત્મતત્ત્વના અનુભવને જ સ્વીકારો. પરદ્રવ્યોની પ્રીતિનો ત્યાગ કરો. જિનેશ્વર પરમાત્માના વચનોનો આ જ એક સાર છે. આવા પ્રકારના અનુભવની લીનતા સંસારના તાપને ટાળનારી હોવાથી મુક્તિસુખના અનુભવની એક છાયારૂપ છે.

## વ્યવહારસિદ્ધિ

## ઢાળ-૫

(રાગ : સુમતિનાથ ગુણશું મિલીજી.....)

**એમ નિશ્ચયનય સાંભળીજી, બોલે એક અજાણ;**
**'આદરશું અમે જ્ઞાનને જી, શું કીજે પચ્ચક્ખાણ ? '**
**સોભાગી જિન ! સીમંધર ! સુણો વાત. ॥૧॥**

**ગાથાર્થ** = આવા પ્રકારનો નિશ્ચયનય સાંભળીને અજ્ઞાની એક પ્રશ્નકાર કહે છે કે અમે તો હવે જ્ઞાનને જ આદરશું. વિષયભોગોના ત્યાગરૂપ પચ્ચક્ખાણ કરવાની શું જરૂર છે ? હે સૌભાગ્યશાળી પરમાત્મા સીમંધર સ્વામી ! આપ અમારી વાત સાંભળો.

**કિરિયા ઉત્થાપી કરી જી, છાંડી તેણે લાજ;**
**નવિ જાણે તે ઉપજે જી, કારણ વિણ નવિ કાજ.**
**સોભાગી૦ ॥૨॥**

**ગાથાર્થ** = જે આત્માઓ ક્રિયામાર્ગનું ઉત્થાપન કરે છે તે આત્માઓએ શરમ છોડી દીધી છે એમ જાણવું. કારણકે તે અજ્ઞાની જીવો 'કારણ વિના કાર્ય નહીં થાય' આ વાત જાણતા નથી. અર્થાત્ વ્યવહાર વિના નિશ્ચય કેવી રીતે આવે ? અને આવે તો પણ પ્રમાણભૂત કેવી રીતે મનાય ?

અવતરણિકા - માત્ર નિશ્ચયનું આલંબન લેનારને ગ્રંથકાર ઠપકો આપે છે -

**નિશ્ચયનય અવલંબતાંજી, નવિ જાણે તસ મર્મ;**
**છોડે જે વ્યવહારનેજી, લોપે તે જિન ધર્મ.**
**સોભાગી૦ ॥૩॥**

**ગાથાર્થ** = એકલા નિશ્ચયનયનું આલંબન લેનારા તત્ત્વમૂઢ આત્માઓ તેના મર્મને જાણતા નથી. જે વ્યવહારનયનો ત્યાગ કરે છે તે જૈનધર્મનો પણ લોપ કરનારા જાણવા. વ્યવહાર પરિણતિ વિના નિશ્ચય આવે જ નહીં.

**નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.**
**સોભાગી૦ ॥૪॥**

**ગાથાર્થ** = નિશ્ચયનયની દૃષ્ટિને હૈયામાં રાખીને તેની પ્રાપ્તિ માટે તેના ઉપાયરૂપે જે જે આત્માઓ પંચાચારાદિ આચારપાલનરૂપ વ્યવહારને આચરે છે. તે જ પુણ્યશાળી આત્માઓ આ ભવસમુદ્રનો પાર પામે છે. આમાં હેતુ, સ્વરૂપ અને અનુબંધ જણાવે છે. ૧. નિશ્ચયનું લક્ષ રાખી વ્યવહાર મુજબ ક્રિયા કરે તે નિશ્ચય હેતુ. ૨. નિશ્ચય ભાવનો પક્ષ તે નિશ્ચય સ્વરૂપ અને ૩. નિશ્ચયથી આત્માની શુદ્ધ પ્રવૃત્તિ તે નિશ્ચય અનુબંધ જાણવો.

અવતરણિકા - આ જ વાતને ઉદાહરણ આપી સમજાવે છે -

**તુરંગ ચઢી જિમ પામીએજી, વેગે પુરનો પંથ;**
**માર્ગ તિમ શિવનો લહેજી, વ્યવહારે નિર્ગ્રન્થ.**
**સોભાગી૦ ॥૫॥**

**ગાથાર્થ** = જેમ ઘોડા ઉપર ચઢીને નગરાન્તર જઈએ તો નગરનો માર્ગ જલ્દી-જલ્દી આવે છે. તેમ મુનિમહાત્માઓ

ધર્મક્રિયાઓરૂપ વ્યવહારને કરતાં-કરતાં મુક્તિમાર્ગને જલ્દી-જલ્દી પામે છે. આ નિશ્ચય હેતુ જાણવું તેથી વ્યવહાર જ સિદ્ધ થાય.

અવતરણિકા - ફળની સિદ્ધિના કાળમાં સાધનની અપેક્ષા ન હોવાથી સાધન કઇ અસાધન બનતું નથી -

**મહેલ ચઢંતાં જિમ નહીંજી, તેહ તુરંગનું કાજ;**
**સફળ નહીં નિશ્ચય લહેજી, તેમ તનુકિરિયા સાજ. ॥૬॥**

**ગાથાર્થ** = વિવક્ષિત નગર અને ઘર આવી ગયા પછી તે ઘરમાં ઉપર ચઢવા માટે ઘોડાનું કોઇ પ્રયોજન ન હોવાથી ઘોડાને છોડી દેવાય છે. તેમ નિશ્ચય પ્રાપ્ત થયે છતે કાયિક ક્રિયાઓનો સમૂહ હવે ફળ આપનાર ન હોવાથી તે ક્રિયાઓ કરવાની હોતી નથી. (અર્થાત્ નિશ્ચય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધનભાવે ક્રિયાઓ આવશ્યક છે.)

અવતરણિકા - વ્યવહાર વિના નિશ્ચય પ્રાપ્ત કરી શકાતો નથી તે સમજાવે છે -

**નિશ્ચય નવિ પામી શકેજી, પાળે નવિ વ્યવહાર;**
**પુણ્યરહિત જે એહવા જી, તેહને કવણ આધાર.**
**સોભાગી૦ ॥૭॥**

**ગાથાર્થ** = જે આત્માઓ વ્યવહાર પાળતા નથી તેઓ નિશ્ચય પ્રાપ્ત કરી શકતા નથી. (તત્ત્વદષ્ટિ આપે એવા ભાવ) પુણ્ય વિનાના એવા તે જીવોને સંસારથી તારવામાં કોણ આધારરૂપ બને ? (અર્થાત્ તેઓને કોઇ તારી શકતું નથી.)

અવતરણિકા - એકલા નિશ્ચયની વાતો કરનારામાં સાચો જ્ઞાનદશા કેટલી છે ? તેની પરીક્ષા સુવર્ણની જેમ ક્રિયાની વ્યાપકતાથી જ થાય છે તે સમજાવે છે -

**હેમ પરીક્ષા જિમ હુએ જી, સહત હુતાશન-તાપ;**
**જ્ઞાનદશા તિમ પરખીએ જી, જિહાં બહુ કિરિયાવ્યાપ.**
**સોભાગી૦ ॥૮॥**

**ગાથાર્થ** = જ્યારે સુવર્ણ અગ્નિના ઘણા તાપને સહન કરે છે ત્યારે જ તેની પરીક્ષા થાય છે (=નિર્મલ થઈને બહાર આવે છે). તેવી જ રીતે જેના જીવનમાં ઘણી ધર્મક્રિયાઓ વ્યાપકપણે આવી હોય તે જ આત્મા યથાર્થજ્ઞાનદશાને પામ્યો કહેવાય છે એમ ક્રિયાઓ દ્વારા જ્ઞાનદશાની પરીક્ષા થાય છે. જ્ઞાની આત્માની ક્રિયા ખેદ વિગેરેથી રહિત હોવાથી અસંગ અનુષ્ઠાન સ્વરૂપ આભૂષણ રૂપ છે.

**આલંબન વિણ જિમ પડે જી, પામી વિષમી વાટ;**
**મુગ્ધ પડે ભવકૂપમાં જી, તિમ વિણ કિરિયાઘાટ.**
**સોભાગી૦ ॥૯॥**

**ગાથાર્થ** = ભોમીયાના આલંબન વિના જે પ્રાણી વિષમમાર્ગે ચાલે છે તે ભયંકર અટવીના માર્ગમાં આવી પડે છે. તેવી રીતે અજ્ઞાની આત્માઓ જીવનમાં ક્રિયાઓના સમૂહ લાવ્યા વિના (ક્રિયા કર્યા વિના) ભવકૂપમાં પડે છે માટે ક્રિયા તે ભવ્યપ્રાણીઓને માટે પુષ્ટ આલંબનરૂપ છે.

**ચરિત ભણી બહુલોકમાં જી, ભરતાદિકનાં જેહ;**
**લોપે શુભ વ્યવહારને જી, બોધિ હણે નિજ તેહ.**
**સોભાગી૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = આ લોકમાં ભરતમહારાજા વગેરેના ઘણા ચરિત્રો કહીને જે-જે આત્માઓ શુભ વ્યવહારનો પણ લોપ કરે છે. અર્થાત્ ભરત મહારાજા વિગેરે એ ક્યાં ક્રિયા કરી છે ? માત્ર આત્મશુદ્ધિથી જ તેઓ કેવલજ્ઞાન પામ્યા છે તો વ્યવહાર=ક્રિયાનો શું પરમાર્થ ? એમ કહી ક્રિયાનો લોપ કરે છે. તે-તે આત્માઓ પોતાના (અને બીજાના) સમ્યક્ત્વગુણને હણે છે.

**બહુ દલ દીસે જીવનાં જી, વ્યવહારે શિવયોગ;**
**છીંડી તાકે પાધરો જી, છોડી પંથ અયોગ.**
**સોભાગી० ॥૧૧॥**

**ગાથાર્થ** = જીવોનાં ઉપાદાનકારણ ઘણા પ્રકારના દેખાય છે. વ્યવહારમાર્ગથી મોક્ષનો યોગ થાય આ રાજમાર્ગ છે. તેવા રાજમાર્ગને છોડીને જે લોકો પાધરો (સીધે સીધો) અપવાદ માર્ગ જુએ છે તે માર્ગ અયોગ્ય છે એમ સમજવું.

**આવશ્યકમાં ભાખિયો જી, એહિ જ અર્થવિચાર;**
**ફલસંશય પણ જાણતાં જી, જાણીજે સંસાર.**
**સોભાગી० ॥૧૨॥**

**ગાથાર્થ** = શ્રી આવશ્યક સૂત્રમાં પણ આવો જ અર્થવિચાર બતાવેલો છે જે ભરતાદિકનું આલંબન લઈને ક્રિયામાર્ગને ઉત્થાપે છે અને ક્રિયા કરતાં તેનું ફળ મળશે કે નહિં ૧ એમ સંશય કરે છે તે તથા વ્યવહારધર્મની ક્રિયાઓના ફળનો સંદેહ કરવામાં પણ અનંત સંસાર (જન્મ મરણની વૃદ્ધિ) થાય છે એમ જાણવું.

## ઢાળ-૬

(રાગ : શાસન તાહરૂં અતિ ભલું....સંભવ ! જિનવર વિનતિ....)

**અવર ઈસ્યો નય સાંભળીજી, એક ગ્રહે વ્યવહારો રે;**
**મર્મ દ્વિવિધ તસ નવિ લહે, શુદ્ધ અશુદ્ધ વિચારો રે. ॥૧॥**

**ગાથાર્થ** = વળી કોઈ અન્ય શિષ્ય આવા પ્રકારના વ્યવહારનયનું સ્વરૂપ સાંભળીને એકલા વ્યવહારને જ ગ્રહણ કરે છે તે વ્યવહારના બે ભેદ છે. એવો ફલિતાર્થ તે જીવ જાણતો નથી. શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારનો વ્યવહાર છે એમ વિચારો (એમ જાણો).

**તુજ વિણ ગતિ નહી જંતુને, તું જગજંતુનો દીવો રે,**
**જીવીએ તુજ અવલંબને, તું સાહિબ ચિરંજીવો રે.**
**તુજ૦ ॥૨॥**

**ગાથાર્થ** = હે પરમાત્મા ! સાંસારિક જીવોને સદ્‌બુદ્ધિ આપવા માટે, સન્માર્ગે લાવવા માટે તારા વિના બીજા કોઈનું પણ શરણ નથી. તથા હે પરમાત્મા ! તું જ જગતના જીવોને દીપક રૂપ (પ્રકાશ આપનાર) છે. આપની સ્યાદ્‌વાદવાણીના આધારે જ અમે જીવીએ છીએ. હે પરમાત્મા ! તમે ઘણું લાંબુ જીવનારા થાઓ, અર્થાત્ આપનું શાસન અમને લાંબા કાળ સુધી મળો.

અવતરણિકા - પ્રથમ શુદ્ધ વ્યવહાર કોને કહેવાય ? તે સમજાવે છે -

**જેહ ન આગમ વારીઓ, દીસે અશઠ આચારો રે;**
**તેહિ જ બુધ બહુ માનીઓ, શુદ્ધ કહ્યો વ્યવહારો રે.**
**તુજ૦ ॥૩॥**

**ગાથાર્થ** = જે-જે વ્યવહારોનો આગમમાં નિષેધ કરેલો ન હોય તથા જે વ્યવહાર ઉત્તમ આચારરૂપ જણાતો હોય અને પાછળ થયેલા ગીતાર્થ મુનિભગવંતોએ જે વ્યવહારને ઘણું માન આપ્યું હોય તે વ્યવહાર શુદ્ધ વ્યવહાર છે એમ જાણવું.

અવતરણિકા - અશુદ્ધ વ્યવહાર કોને કહેવાય ? તે સમજાવે છે-
**જેહમાં નિજમતિ કલ્પના, જેહથી નવિ ભવ પારો રે;**
**અંધપરંપરા બાંધિયો, તેહ અશુદ્ધ આચારો રે.**
**તુજ૦ ॥૪॥**

**ગાથાર્થ** = જે વ્યવહારોમાં પોતાની બુદ્ધિ પ્રમાણેની કલ્પના છે, જેનાથી ભવનો પાર પામી શકાતો નથી અને અજ્ઞાની આત્માઓએ પરંપરાથી ચલાવેલો છે, તે સર્વે અશુદ્ધ આચાર (વ્યવહાર) છે.

અવતરણિકા - આ પ્રમાણે શુદ્ધ આચાર અને અશુદ્ધ આચાર સમજાવ્યા. હવે અશુદ્ધ વ્યવહારના કેટલાક ઉદાહરણો આપે છે-
**શિથિલવિહારીએ આચર્યા, આલંબન જે કૂડાં રે;**
**નિયતવાસાદિક સાધુને, તે નવિ જાણીએ રૂડાં રે.**
**તુજ૦ ॥૫॥**

**ગાથાર્થ** = શિથિલ વિહારી પાસત્થાદિક સાધુઓએ "નિયત વાસ" વગેરે જે-જે કૂડાં (ખોટા) આલંબનો આદર્યા છે. તે સાધુને માટે સારા ન જાણવા.

**આજ નવિ ચરણ છે આકરૂં, સંહનનાદિક દોષે રે;**
**એમ નિજ અવગુણ ઓળવી, કુમતિ કદાગ્રહ પોષે રે.**
**તુજ૦ ॥૬॥**

**ગાથાર્થ** = આ પંચમકાળમાં સંઘયણ બલ વગેરે હીન હોવાથી ઉત્કૃષ્ટ ચારિત્ર નથી. (ઉત્કૃષ્ટ ચારિત્રપાલન કઠિન છે.) એમ કહી પોતાનામાં રહેલા અવગુણને છુપાવીને કુમતિ એવા પાસત્થાદિક સાધુઓ પોતાના કદાગ્રહને પોષે છે અને પોતાનામાં સાધુપણું છે એમ બતાવે છે. પરન્તુ અમે શિથિલાચારી છીએ અને જેઓ આ પંચમકાળને ઉચિત સાધુપણાનું અશઠપણે પાલન કરે છે તેઓ પૂજ્ય છે એમ કહેતા નથી.

**ઉત્તર ગુણમાંહિ હીણડા, ગુરૂ કાલાદિક પાખે રે;**
**મૂળગુણે નહીં હીણડા, એમ પંચાશક ભાખે રે.**
**તુજ૦ ॥૭॥**

**ગાથાર્થ** = કાલાદિકનો બચાવપક્ષ કરીને ઉત્તરગુણોમાં હીનચરિત્રવાળા સાધુઓ હશે. પરંતુ મૂલગુણોમાં હીનચારિત્રવાળા નહીં હોય. પણ પાંચમકાળમાં કાળને ઉચિત જયણા પાળતા અને ગીતાર્થ ગુરૂની આજ્ઞાપૂર્વક વિચરતા એવા સાધુનું આજે પણ અખંડ ચારિત્ર કહેવાય. એમ પંચાશક સૂત્ર જણાવે છે આવું ગુરૂજી કહે છે.

**પરિગ્રહ ગ્રહ વશ લિંગીયા, લેઈ કુમતિ રજ માથે રે;**
**નિજ ગુણ પર અવગુણ લવે, ઈન્દ્રિય વૃષભ ન નાથે રે.**
**તુજ૦ ॥૮॥**

**ગાથાર્થ** = કેવલ વેશ માત્રધારી સાધુઓ (વસ્તુઓ તથા વસ્તુઓની મમતારૂપી) પરિગ્રહાત્મક ભૂતને વશ થયા છતા આવા પ્રકારની દુર્બુદ્ધિ રૂપી રજને પોતાના માથે લે છે. તેઓ પોતાની પ્રશંસા અને પરની નિંદા કરે છે પરંતુ ઈન્દ્રિયોરૂપી વૃષભને નાથતા નથી, ત્યારે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે.

**નાણ રહિત હિત પરિહરી, નિજ દંસણ ગુણ લૂંસે રે;**
**મુનિ જનના ગુણ સાંભળી, તેહ અનારજ રૂસે રે.**
**તુજ૦ ॥૯॥**

**ગાથાર્થ** = આત્મપરિણત જ્ઞાન વિનાના આ મુનિઓ આત્મહિતને ત્યજીને પોતાના સમ્યક્ત્વગુણનો નાશ કરે છે અને સાચા આત્માર્થી ચારિત્રવાન મુનિઓના ગુણો તેમને કોઈ કહે તો તે સાંભળીને અનાર્ય એવા તે રોષે ભરાય છે.

**અણુસમ દોષ જે પરતણો, મેરૂ સમાન તે બોલે રે;**
**જેહસું પાપની ગોઠડી, તેહસું હિયડલું ખોલે રે.**
**તુજ૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = પરવ્યક્તિના (સંજોગોની પરવશતાના કારણે કોઈ દોષ સેવવો પડતો હોય તેવા મહાત્માઓના) પરમાણુ જેવડા દોષને તેઓ મેરૂસમાન કરીને બોલે છે અને જેઓની (પાપબુદ્ધિ યુક્ત મિત્રોની) સાથે અર્થાત્ મોહદશાવર્ધક પાપની મિત્રતાવાળાની પાસે હૈયુ ખોલીને પાપદશાનો વધારો જ કરે છે અને સાધુઓની સાથે અંતર રાખે છે.

**સૂત્ર વિરુદ્ધ જે આચરે, થાપે અવિધિના ચાલા રે;**
**તે અતિનિબિડ મિથ્યામતિ, બોલે ઉપદેશમાલા રે.**
**તુજ૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = જે શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરે, અવિધિપૂર્વકના વ્યવહારો ચલાવે. તે આવા પ્રકારના અશુદ્ધ આચારવાળા જે દંભી માયામૃષાવાદથી પોતે સારો અને બીજા ભૂંડા એમ મમત્વબુદ્ધિથી સૂત્રવિરૂદ્ધ આચરણ કરે છે અને ઉન્માર્ગને ચલાવે છે તેમજ દૃષ્ટિરાગીને ખોટા ઉપદેશ આપી માયા કરી ઉન્માર્ગને સ્થિર કરે છે તે મુનિઓ અત્યન્ત ગાઢ મિથ્યાત્વવાળા છે એમ ઉપદેશમાલા ગ્રંથમાં કહ્યું છે.

**પામર જન પણ નવિ કહે, સહસા જૂઠ સશૂકો રે;**
**જૂઠ કહે મુનિવેષ જે, તે પરમારથ ચૂકો રે.**
**તુજ૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = સામાન્ય અજ્ઞાની મનુષ્ય પણ નિર્ભયપણે (પાપ લાગશે એવા ભય વિના) એકદમ તરત જુઠું બોલતો નથી. (જુઠુ બોલવામાં ડરે છે.) અને મુનિવેષ ધારણ કરીને માયાકપટપૂર્વક નિર્ભયતાથી (સૂત્રવિરુદ્ધતાના, તીવ્રપાપબંધના અને જ્ઞાનીઓની અવગણનાના દોષો સેવવામાં કોઈ પણ જાતના ભયો રાખ્યા વિના) જે જુઠું બોલે છે, તે પરમાર્થપદથી ભ્રષ્ટ જાણવા.

**નિર્દય હૃદય છ કાયમાં, જે મુનિવેષે પ્રવર્તે રે;**
**ગૃહિ-યતિ-ધર્મથી બાહેરા, તે નિર્ધનગતિ વર્તે રે.**
**તુજ૦ ॥૧૩॥**

---

૧ બાહેરા-ટબામાં

ગાથાર્થ = જે મુનિઓ વેશ ધારણ કરીને છએ કાયની હિંસામાં નિર્દયપણે પ્રવર્તે છે તે જીવો શ્રાવકધર્મ અને સાધુધર્મ એ બન્ને પ્રકારના ધર્મથી ભ્રષ્ટ (સંયમ લીધું ત્યારથી સાચુ સાધુપણુ પામ્યા નથી માટે સાધુધર્મથી ભ્રષ્ટ અને મુનિવેષ ધારણ કરી માગીને ખાતા હોવાથી ગૃહસ્થ પણ નથી તેથી શ્રાવકધર્મથી ભ્રષ્ટ) થયેલા અને આત્મધનની અપેક્ષાએ નિર્ધન થયા છતાં સંસારની ચારે ગતિમાં રખડનારા બને છે.

**સાધુભગતિ જિનપૂજના, દાનાદિક શુભ કર્મો રે;**
**શ્રાવકજન કહ્યો અતિ ભલો, નહિ મુનિવેષે અધર્મો રે.**
**તુજ૦ ॥૧૪॥**

ગાથાર્થ = ૧. સાધુસંતોની ભક્તિ કરનારા ૨. જિનેશ્વર પ્રભુની પૂજા કરનારા ૩. દાન-શીયળ આદિ શુભ કાર્યો કરનારા શ્રાવકો સારા જાણવા (સાવદ્ય યોગની નિવૃત્તિના લક્ષ્યપૂર્વકની વિવેકયુક્ત ધર્મ પરિણતિ છે તેથી). પરંતુ મુનિનો વેશ સ્વીકારીને અધર્મમાં વર્તે તે સારા ન જાણવા.

**કેવલ લિંગધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે;**
**આદરીયે નવિ સર્વથા, જાણી ધર્મ વિરુદ્ધો રે.**
**તુજ૦ ॥૧૫॥**

ગાથાર્થ = ફક્ત સાધુવેશ માત્ર ધારણ કરનારાનો જે વ્યવહાર છે તે અશુદ્ધ વ્યવહાર છે. તે વ્યવહાર ધર્મવિરુદ્ધ છે એમ સમજીને તેવો વ્યવહાર સર્વથા આદરવા જેવો નથી. ત્યજવા જેવો છે. (કુગુરુમાં ગુરૂબુદ્ધિ ન કરતાં સદ્‌ગુરુમાં ગુરુબુદ્ધિ કરવી એમ સાર લેવો.)

## મોક્ષ-ભવમાર્ગ

## ઢાળ-૭

### (રાગ : ઋષભ ચંદ્રાનન વંદન કીજે....)

અવતરણિકા - હવે સંવિજ્ઞ પાક્ષિકનો માર્ગ બતાવે છે -

**જે મુનિવેષ શકે નવિ છંડી, ચરણ કરણ ગુણ હીણાજી;**
**તે પણ મારગમાંહિ દાખ્યા, મુનિગુણપક્ષે લીણાજી;**
**મૃષાવાદ ભવકારણ જાણી, મારગ શુદ્ધ પ્રરૂપેજી;**
**વંદે નવિ વંદાવે મુનિને, આપ થઈ નિજરૂપેજી. ॥૧॥**

**ગાથાર્થ** = દીક્ષા ગ્રહણ કર્યા પછી જે જીવો ચારિત્ર અને તેના આચારોમાં ન્યૂન છે તથા સાધુવેષનો ત્યાગ કરી ગૃહસ્થપણામાં જવા ઈચ્છતા નથી તથા લજ્જાદિકથી મૃષાવાદ બોલવો તે સંસાર વધારવાનું કારણ છે એમ સમજી ખોટી રીતે પોતાના દોષોનો બચાવ કે ઉત્સૂત્ર પ્રરૂપણા કરતા નથી. પરંતુ શુદ્ધમાર્ગની દેશના આપે છે. પોતે અન્ય મુનિઓને વંદન કરે છે પરંતુ અન્ય મુનિઓ પાસે વંદન કરાવતા નથી તથા પોતાનાથી ન પાળી શકાતા આચારોની શિથિલતામાં પોતે એકલા વર્તે છે. અન્યને જોડતા નથી તેવા તથા મુનિપણાના ગુણોના જે પક્ષપાતી (અતિશય રાગી) છે તેઓને જૈનશાસનના માર્ગમાં "સંવિજ્ઞપાક્ષિક" તરીકે ચાલનારા અર્થાત્ આરાધક કહ્યા છે.

**મુનિગુણરાગે પૂરા શૂરા, જે જે જયણા પાળેજી;**
**તે તેહથી શુભભાવ લહીને, કર્મ આપણાં ટાળેજી;**
**આપ હીનતા જે મુનિ ભાખે, માન સાંકડે લોકેજી;**
**એ દુર્દ્ધર વ્રત એહનું દાખ્યું, જે નવિ ફૂલે ફોકેજી. ॥૨॥**

**ગાથાર્થ** = જે જે આત્માઓ મુનિપણાના ગુણોના રાગમાં પૂરેપૂરા શૂરવીર છે પ્રાસુક જલ ગ્રહણાદિરૂપ યથાશક્તિ જયણા અવશ્ય પાળે છે. આવા પ્રકારના ગુણોના પક્ષપાતવાળા જીવો ઇચ્છાયોગરૂપ શુભભાવથી પોતાના કર્મોને ખપાવે છે. પોતાની લઘુતા (નિર્બલતા) લોકો સમક્ષ માન મૂકીને જે જણાવે છે તે પણ દુર્ધર વ્રત છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે. આવા મુનિઓ ફોગટ ફુલાતા નથી.

**પ્રથમ સાધુ બીજો વરશ્રાવક, ત્રીજો સંવેગપાખીજી;**
**એ ત્રણે શિવ-મારગ કહીએ, જિહાં છે પ્રવચન સાખીજી;**
**શેષ ત્રણ ભવ-મારગ કહીએ, કુમતિ કદાગ્રહ ભરિયાજી;**
**ગૃહિ યતિલિંગ કુલિંગે લખીએ, સકલ દોષના દરિયાજી.**
**||3||**

**ગાથાર્થ** = પ્રથમ સાધુ, બીજા શ્રેષ્ઠ શ્રાવક અને ત્રીજા સંવેગપાક્ષિક આત્મા, આ ત્રણે મુક્તિમાર્ગના આરાધક છે. આ બાબતમાં જૈન પ્રવચન સાક્ષીભૂત છે. બાકીના ત્રણ ૧. ગૃહસ્થ બ્રાહ્મણાદિ ૨. સાધુવેશધારી નિહ્નવાદિ અને ૩. અન્ય વેશધારી તાપસાદિ આ ત્રણે સંસાર માર્ગી છે જેઓ કુમતિ અને કદાગ્રહથી ભરેલા છે તથા સર્વે દોષોના ભંડાર (સાગર) છે.

**જે વ્યવહાર મુગતિ મારગમાં, ગુણઠાણાને લેખેજી;**
**અનુક્રમે ગુણશ્રેણિનું ચઢવું, તેહિ જ જિનવર દેખેજી;**
**જે પણ દ્રવ્યક્રિયા પ્રતિપાલે, તે પણ સન્મુખભાવેજી;**
**શુકલબીજની ચંદ્રકલા જિમ, પૂર્ણભાવમાં આવેજી. ||૪||**

**ગાથાર્થ** = જે વ્યવહારો મુક્તિમાર્ગમાં ગુણસ્થાનક ઉપર ચઢાવનાર છે તથા અનુક્રમે ગુણશ્રેણીનું આરોહણ કરાવીને પોતાના આત્મામાં રહેલું પોતાનું જિનવરપણું દેખાડનાર બને છે. તે જ વ્યવહાર શુદ્ધવ્યવહાર કહેવાય છે અને ઉપકારક છે તથા આત્મલક્ષ્યને સન્મુખ રાખીને જે મહાત્મા દ્રવ્યક્રિયા પાળે છે. તે સંવિજ્ઞ પાક્ષિક મહાત્મા બીજના ચંદ્રમાની જેમ કાળાન્તરે પૂર્ણભાવમાં આવે છે.

**તે કારણ લજ્જાદિકથી પણ, શીલ ધરે જે પ્રાણીજી;**
**ધન્ય તેહ કૃતપુણ્ય કૃતારથ, મહાનિશીથે વાણીજી;**
**એ વ્યવહારનયે મન ધારો, નિશ્ચયનયમત દાખ્યુંજી;**
**પ્રથમ અંગમાં વિતિગિચ્છાએ, ભાવચરણ નવિ ભાખ્યુંજી.**
**||૫||**

**ગાથાર્થ** = તે કારણોને લીધે લજ્જા આદિના કારણે પણ જે જીવો શીલવ્રત (ધર્મસંસ્કારો) ધારણ કરે છે તે જીવો ધન્ય છે, કૃતપુણ્ય છે, કૃતાર્થ છે એવું મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે. આ સઘળો વ્યવહારનય સમજવો. નિશ્ચયનયની દૃષ્ટિ પહેલી ૧થી૪ ઢાલમાં સમજાવી છે. તે નયની દૃષ્ટિએ વિતિગિચ્છા હોય તો (આન્તરિક શુદ્ધિનો વિરહ હોય તો) ભાવચારિત્ર હોતું નથી એમ પણ શ્રી આચારાંગસૂત્રમાં કહ્યું છે.

## દ્રવ્ય-ભાવસ્તવ

### ઢાળ-૮

(રાગ : ચોપાઈની દેશી / પાંચમે ભવે કોલ્લાગ...)

**અવર એક ભાખે❖ આચાર, દયા માત્ર શુદ્ધ જ વ્યવહાર;**
**જે બોલે તેહ જ ઉત્થાપે, 'શુદ્ધ કરૂં હું' મુખ ઈમ જપે.**
**॥૧॥**

**ગાથાર્થ** = બીજો કોઈ એક કુમતિ કહે છે કે "દયા માત્ર પાળવી" એ જ એક શુદ્ધ વ્યવહાર છે અને તે અમે શુદ્ધ રીતે કરીએ છીએ એમ મુખે બોલે છે. પરંતુ આવું જે લોકો બોલે છે તેઓ જ (પોતાના વર્તનથી) આ બોલને ઉત્થાપનારા છે.

**જિનપૂજાદિક શુભવ્યાપાર, તે માને આરંભ અપાર;**
**નવિ જાણે ઉતરતાં નઈ, મુનિને જીવદયા કિહાં ગઈ ?**
**॥૨॥**

**ગાથાર્થ** = વળી કેટલાક આત્માઓ જિનેશ્વર પરમાત્માની પૂજા ભક્તિ આદિ શુભ ધર્મવ્યાપારમાં અપાર આરંભ સમારંભ છે એમ કહીને (ગૃહસ્થોમાં પણ) પૂજા આદિનો નિષેધ કરે છે. તેઓને અમે પૂછીએ છીએ કે મુનિમહારાજ વિહાર કરતાં-કરતાં નદી ઉતરે ત્યારે તે જીવદયા (માનવા)ની વાત ક્યાં ગઈ ? '**जत्थ जलं तत्थ वणं**'' આ પંક્તિથી જયણાપૂર્વક નદી ઉતરે તો પણ ષટ્કાયનો વધ સંભવે.

**જો ઉતરતાં મુનિને નદી, વિધિ જોગે નવિ હિંસા વદી;**
**તો વિધિ જોગે જિનપૂજના, શિવ કારણ મત ભૂલો જના.**
**॥૩॥**

---

❖ ભાષે-ટબામાં

**ગાથાર્થ** = જો વિધિપૂર્વક=જિનાજ્ઞાપ્રમાણે આશયની વિશુદ્ધિ હોવાથી મુનિમહારાજ નદી ઉતરે તો હિંસા કહેવાતી નથી. તો પછી તે જ પ્રમાણે વિધિપૂર્વક જિનેશ્વરની પૂજા ગૃહસ્થો કરે તો તે પૂજા પણ મુક્તિનું કારણ બને છે માટે હે ભાગ્યશાળીઓ ! ભૂલ ન કરો.

**વિષયારંભ તણો જિહાં ત્યાગ, તેહથી લહિએ ભવજલ તાગ;**
**જિનપૂજામાં શુભભાવથી, વિષયારંભ તણો ભય નથી.**
**॥૪॥**

**ગાથાર્થ** = જ્યાં-જ્યાં પાંચ ઈન્દ્રિયોના વિષયોનો અને આરંભસમારંભનો ત્યાગ હોય છે. એવા પ્રકારનાં તે તે કાર્યોથી આ જીવ ભવસમુદ્રનો જેમ પાર પામે છે. તેવી રીતે જિનેશ્વર પરમાત્માની પૂજામાં ઉત્તમભાવથી વિષયોનો અને આરંભોનો (અર્થાત્ તેવા દોષોનો) ભય નથી. તેથી જિનપૂજાદિક સદારંભ કહેવાય. એમાં અસદારંભનિવૃત્તિ એ મોટો ગુણ છે.

**સામાયિક પ્રમુખે શુભભાવ, યદ્યપિ લહિએ ભવજલ નાવ;**
**તો પણ જિનપૂજાએ સાર, જિનનો વિનય કહ્યો ઉપચાર.**
**॥૫॥**

**ગાથાર્થ** = સામાયિક વગેરે ધર્મકાર્યોમાં આરંભનિવૃત્તિરૂપ જે શુભભાવ આવે છે તે અવશ્ય ભવસમુદ્રને તરવામાં નાવ સમાન છે. તો પણ જિનપૂજા કરવી એ પણ શ્રેષ્ઠમાર્ગ છે કારણકે આ પૂજા એ જિનેશ્વરનો ઉપચાર વિનય કહેવાય છે અને વિનય એ અંતરંગ તપ છે. દાન, જિનપૂજા, સામાયિક વિગેરે અનુષ્ઠાન યથોચિત કાળે કરવા જોઈએ એવી પરમાત્માની આજ્ઞા છે.

**આરંભાદિક શંકા ધરી, જો જિનરાજ ભક્તિ પરિહરી;**
**દાન માન વંદન આદેશ, તો તુજ સબલો પડ્યો કિલેશ.**
**॥૬॥**

**ગાથાર્થ** = જિનપૂજામાં આરંભાદિક છે એમ મનમાં શંકા લાવીને જો જિનેશ્વર પ્રભુની ભક્તિ કરવાનું ત્યજવામાં આવે તો દાન, માન, વંદન અને આજ્ઞા પાળવી વગેરે સર્વ શુભધર્મકાર્યો તે જીવને કલેશરૂપ થશે. (અર્થાત્ અકર્તવ્ય જ ઠરશે.) પણ જિનપૂજાદિકમાં વાયુકાયાદિક વિરાધના વર્જવી અશક્ય છે અને તેમાં શુભભાવ હોવાથી નિર્જરા જ છે આવી રીતે જિનપૂજાદિક કાર્યો અલ્પ સાવદ્ય અને વિપુલ સંવર-નિર્જરાવાળાં હોવાથી કર્તવ્ય જ ઠરે છે.

**સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિરવદ્ય;**
**જે કારણ જિનગુણ બહુમાન, જે અવસર વરતે શુભધ્યાન.**
**॥૭॥**

**ગાથાર્થ** = જિનપૂજા આદિ ધર્મકાર્યોમાં પુષ્પાદિકના જીવોનો આરંભ હોવાથી સ્વરૂપથી સાવદ્ય દેખાય છે. પરંતુ અનુબંધની અપેક્ષાએ અર્થાત્ ઉત્તરોત્તર ભાવની વૃદ્ધિ થતી હોવાથી નિરવદ્ય કાર્ય છે કારણકે જિનેશ્વરની પૂજાના કાલે તેઓના ગુણો ગાવા દ્વારા બહુમાનના અવસરે જીવોને શુભધ્યાન વર્તે છે.

**જિનવર પૂજા દેખી કરી, ભવિયણ ભાવે ભવજલ તરી;**
**છ કાયના રક્ષક હોય વળી, એહ ભાવ જાણે કેવલી. ॥૮॥**

**ગાથાર્થ** = જિનેશ્વરની પૂજા કરીને (અથવા અન્ય વડે કરાતી પૂજા જોઈને) ભવ્યજીવો ઉત્તમભાવનાથી સંસારસાગરને તરી જાય છે અને સદાને માટે છકાયના રક્ષક બને છે. આત્મામાં

રહેલા આત્મશુદ્ધિના આ ચઢતા પરિણામો કેવલી ભગવાન જ જાણે છે.

**જલ તરતાં જલ ઉપર યથા, મુનિને દયા ન હોય વૃથા;**
**પુષ્પાદિક ઉપર તિમ જાણ, પુષ્પાદિક પૂજાને ઠાણ. ॥૯॥**

**ગાથાર્થ** = નદી આદિના જલ ઉપર ચાલતાં મુનિના હૃદયમાં જલના જીવો ઉપર જે દયા છે તે ફોગટ નથી. તેમ પુષ્પાદિક દ્વારા જિનપૂજા કરતા ગૃહસ્થોને પણ પુષ્પાદિ ઉપર જે દયા વર્તે છે તે વૃથા નથી. (ઉત્સર્ગ-અપવાદને સમજાવનારી, નયસાપેક્ષ એવી પરમાત્માની આજ્ઞાનું અનુસરણ એ જ અહીં પ્રધાનતત્ત્વ છે.)

**તો મુનિને નહીં કિમ પૂજના, એમ તું શું ચિંતે શુભમના ?;**
**રોગીને ઔષધ સમ એહ, નીરોગી છે મુનિવર દેહ. ॥૧૦॥**

**ગાથાર્થ** = જો જિનપૂજા કર્તવ્ય જ છે તો મુનિને તે પૂજા કેમ કરવાની હોતી નથી ? આવો પ્રશ્ન ઉત્તમમનવાળા હે શિષ્ય ! તું મનમાં કેમ લાવે છે ? આ પૂજા રોગીને ઔષધ સમાન છે અને મુનિવરનો દેહ તો નિરોગી છે. જ્યારે ગૃહસ્થો તો મલિનારંભ રોગવાળા છે, તે રોગને ઉપશમાવવાનું મુખ્ય ઔષધ જિનપૂજા છે અને મુનિવર તો સર્વસાવદ્યથી નિવૃત્ત હોવાથી રોગરહિત છે તો રોગરહિત એવા મુનિવર રોગનું ઔષધ શા માટે કરે ?

## દ્રવ્ય-ભાવસ્તવ (ચાલુ)

### ઢાળ-૯

(રાગ : પહેલે ભવે એક ગામનો૦ અથવા
પુકખલવઈ વિજયે જયો રે૦-)

અવતરણિકા - હવે શ્રાવકને દ્રવ્ય અને ભાવ બન્ને પૂજા કર્તવ્ય છે, તે બતાવે છે -

**ભાવસ્તવ મુનિને ભલોજી, બિહું ભેદે ગૃહી ધાર;**
**ત્રીજે અધ્યયને કહ્યોજી, મહાનિશીથ મઝાર.**
**સુણો જિન ! તુજ વિણ કવણ આધાર ? ॥૧॥**

**ગાથાર્થ** = મુનિઓને ભાવસ્તવ ઉપકારક છે અને ગૃહસ્થોને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એમ બન્ને ઉપકારક છે. આ પ્રમાણે શ્રી મહાનિશીથ સૂત્રમાં ત્રીજા અધ્યયનની અંદર કહેલ છે. હે જિનેશ્વર પ્રભુ! તમે અમારી વાત બરાબર સાંભળો, અમારે તમારા વિના બીજા કોનો આધાર છે ?

અવતરણિકા = હવે દ્રવ્યસ્તવ (દ્રવ્યપૂજા) નું ફલ બતાવે છે.

**વળી તિહાં ફલ દાખિયુંજી, દ્રવ્યસ્તવનું રે સાર;**
**સ્વર્ગ બારમું ગેહિનેજી, એમ દાનાદિક ચાર.**
**સુણો જિન૦ ॥૨॥**

**ગાથાર્થ** = તથા વળી તે મહાનિશીથ સૂત્રમાં જ દ્રવ્યસ્તવનું શ્રેષ્ઠ ફલ પુણ્યબંધ દ્વારા બારમા દેવલોકનું કહ્યું છે. એમ દાનાદિ ચાર પ્રકારના દ્રવ્યધર્મોનું પણ ફલ બારમા દેવલોક સુધીનું કહ્યું છે. તેથી દ્રવ્યસ્તવને કરનાર અને અણુવ્રતાદિને ધારણ કરનાર આ બન્ને ગૃહસ્થો સમાન જ જાણવા.

અવતરણિકા= હવે ગૃહસ્થોએ દ્રવ્યપૂજા કરવા દ્વારા આત્મકલ્યાણ કર્યું હોય એવા કેટલાંક ઉદાહરણો આગમસાક્ષીએ આપીને શ્રાવક-શ્રાવિકાઓને દ્રવ્યપૂજા અત્યંત ઉપકારક છે. તેઓ માટે આ પૂજા પણ શુદ્ધાચાર સ્વરૂપ છે. એમ સમજાવે છે.-

**છઠ્ઠે અંગે દ્રૌપદીજી, જિનપ્રતિમા પૂજેઈ;**
**સૂરિયાભ પરે ભાવથીજી, એમ જિન વીર કહેઈ.**
**સુણો જિન ! ૦ ॥૩॥**

**ગાથાર્થ :** છઠ્ઠા શ્રી જ્ઞાતાધર્મકથા અંગમાં દ્રૌપદીજીએ ભાવથી સૂર્યાભદેવની માફક જ જિનેશ્વરની પૂજા કરી હતી એવો પાઠ છે. આમ શ્રીવીર પરમાત્મા કહે છે.

અવતરણિકા = અહીં કોઈ પ્રશ્ન કરે છે કે ''દ્રૌપદીજી સમ્યગદ્રષ્ટિ ન હતા'' તેથી ધર્મ કરવામાં તેઓની સાક્ષી પ્રમાણ કેમ મનાય ? તેનો ઉત્તર આપે છે-

**નારદ આવ્યે નવિ થઈજી, ઉભી તેહ સુજાણ;**
**તે કારણે તે શ્રાવિકાજી, ભાખે આળ અજાણ.**
**સુણો જિન ! ૦ ॥૪॥**

**ગાથાર્થ** = જ્યારે નારદ ઘરે પધાર્યા, ત્યારે (આ અવિરતિ છે) સમજુ એવી તે શ્રાવિકા ઉભી ન થઈ (તેઓનો વિનય ન કર્યો) તે કારણે આ શ્રાવિકા (સમ્યગ્દ્રષ્ટિ) જ હતી. તેથી ''આ દ્રૌપદી મિથ્યાદષ્ટિ હતી'' આવું જે લોકો કહે છે તેઓ અજ્ઞાની છે અને મિથ્યા કલંક આપનારા છે.

**જિનપ્રતિમા આગળ કહ્યોજી, શક્રસ્તવ તેણી નાર;**
**જાણે કુણ વિણ શ્રાવિકાજી, એહવિધ હૃદય-વિચાર.**
**સુણો જિન ! ૦ ॥૫॥**

**ગાથાર્થ** = જિનેશ્વર પ્રભુની પ્રતિમાની સામે તેણીએ "નમુત્થુણં સૂત્રનો પાઠ" ભાવપૂર્વક કર્યો છે. શ્રાવિકા વિના આ આચાર કોણ જાણે ? તેથી આવી સારી-સારી યુક્તિઓ જિનપૂજાની પાછળ છે. એવું મનમાં વિચારો. જો દ્રૌપદી મિથ્યાદષ્ટિ હોત તો નાગદેવતા વિગેરેની પ્રતિમા આગળ પ્રણામ કરી પુત્રાદિકની યાચના કરત.

અવતરણિકા = હવે સૂર્યાભદેવે પણ પૂજા કરી છે. એવું બીજું ઉદાહરણ આપે છે-

**પૂજે જિનપ્રતિમા પ્રતેજી, સૂરિયાભ સુરરાય;**
**વાંચી પુસ્તક રત્નનાજી, લેઈ ધરમ વ્યવસાય.**
**સુણો જિન ! ૦ ॥૬॥**

**ગાથાર્થ** = "સૂર્યાભ નામના દેવે" પણ ધર્મસભામાં જઈને, ત્યાં રહેલા રત્નનાં પુસ્તકો વાંચીને પોતાનો આવા પ્રકારનો ધર્મ વ્યવસાય છે, કે મારે પૂજા કરવી જોઈએ તેમ જાણીને જિનેશ્વર પ્રભુની પ્રતિમાની પૂજા કરી છે.

**રાયપસેણી સૂત્રમાંજી, મોટો એહ પ્રબંધ;**
**એહ વચન અણમાનતાંજી, કરે કરમનો બંધ.**
**સુણો જિન ! ૦ ॥૭॥**

**ગાથાર્થ** = આ સંબંધી ઘણો લાંબો અધિકાર (વર્ણન) શ્રી રાયપસેણી નામના બીજા ઉપાંગસૂત્રમાં છે. આમ આગમપાઠ હોવા છતાં પણ જે નથી માનતા, તેઓ દેવતાને **'नो धम्मिआ'** કહીને દેવતાનો અવર્ણવાદ કરવાથી તીવ્ર કર્મોનો બંધ કરે છે. જીવો પાંચ પ્રકારે દુર્લભબોધિતાને યોગ્ય કર્મ બાંધે છે. ૧-અરિહંત, ૨-અરિહંત પ્રરૂપિત ધર્મ, ૩-આચાર્ય-ઉપાધ્યાય, ૪-ચતુર્વિધ સંઘ અને ૫. સમ્યગ્દષ્ટિ દેવોનો એમ પાંચનો અવર્ણવાદ કરવાથી.

અવતરણિકા = દેવોએ દેવલોકમાં પ્રભુપ્રતિમા પૂજી છે એવું ત્રીજું ઉદાહરણ આપે છે-

**વિજયદેવ વકતવ્યતાજી, જીવાભિગમે રે એમ,**
**જો થિતિ છે એ સુરતણીજી, તો જિનગુણથુતિ કેમ ?**
**સુણો જિન ! ૦ ॥૮॥**

**ગાથાર્થ** = શ્રી જીવાભિગમ સૂત્રમાં વિજયદેવનો અધિકાર છે. જો કોઈ એમ કહે કે પૂજા કરવી એ તો દેવભવની સ્થિતિ (કુલાચાર) છે. તો ઉત્તર આપે છે કે તો જિનના ગુણ ગાવા, સ્તુતિ કરવી, નાચવું, કુદવું અને નાટક કરવું આ સર્વ કાર્યો દેવો શું કામ કરતા હશે ? તેથી સ્વીકારવું જોઈએ કે દ્રવ્યપૂજા કર્તવ્ય છે.

અવતરણિકા = જિનપૂજાની કર્તવ્યતા ઉપર ચોથું ઉદાહરણ પણ ગ્રંથકારશ્રી ટાંકે છે.

સિદ્ધારથરાયે કર્યાજી, યાગ અનેક પ્રકાર;
કલ્પસૂત્રે ઇમ ભાખિયુંજી, તે જિનપૂજા સાર.
સુણો જિન !૦ ॥૯॥

ગાથાર્થ = સિદ્ધાર્થ રાજાએ અનેક પ્રકારના યજ્ઞો કરાવ્યા, એવું શ્રી કલ્પસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે. તે યાગ એટલે જિનેશ્વર પ્રભુની શ્રેષ્ઠ પૂજા સમજવી અને તે જિનપૂજા આત્માને ઉત્તમ ગતિ તથા ઉત્તમ મતિ આપે છે.

શ્રમણોપાસક તે કહ્યાજી, પહેલા અંગ મોઝાર;
યાગ અનેરા નવિ કરેજી, તે જાણો નિરધાર.
સુણો જિન !૦ ॥૧૦॥

ગાથાર્થ = કારણ કે શ્રી આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં સિદ્ધાર્થરાજાદિને શ્રમણોપાસક કહ્યા છે. તેથી હોમ-હવનવાળા અનેરા યજ્ઞો અહીં સંભવે નહી. એમ તમે નિશ્ચયથી જાણો.

ઇમ અનેકસૂત્રે ભણ્યુંજી, જિનપૂજા ગૃહિ-કૃત્ય;
જે નવિ માને તે સહીજી, કરશે બહુભવ નૃત્ય.
સુણો જિન !૦ ॥૧૧॥

ગાથાર્થ = આ પ્રમાણે અનેક સૂત્રોમાં જિનેશ્વરની પૂજા કરવી એ ગૃહસ્થોનાં કૃત્ય છે એમ કહેલું છે. છતાં જે હઠાગ્રહના કારણે નહિં જ માને તે બહુભવોમાં ભટકશે. તેથી ભાવભીરૂ એવા ભવ્ય પ્રાણીઓએ શ્રી જિનપૂજા કરવી જોઈએ.

## શ્રી જિનપૂજામાં નિર્જરા

### ઢાળ-૧૦

(રાગ = જં સુરસંઘા સા સુરસંઘા.... અથવા તું પ્રભુ ! મારો, હું પ્રભુ ! તારો અથવા એણે પુર કંબલ કોઈ ન લેસી)

**અવર કહે પૂજાદિકઠામે, પુણ્યબંધ છે શુભપરિણામે;**
**ધર્મ ઈહાં કોઈ નવિ દીસે, જિમ વ્રતપરિણામે ચિત હીંસે.**
**॥૧॥**

**ગાથાર્થ** = બીજો કોઈ શિષ્ય એમ પ્રશ્ન કરે છે કે પૂજા-દાનાદિ ધર્મકાર્યો કરતાં શુભપરિણામો થતા હોવાથી પુણ્યબંધ અવશ્ય થાય છે. પરંતુ વ્રતપચ્ચક્ખાણોમાં જેવું મન ત્યાગના હીલોળે ચઢે છે. તેમ જિનપૂજામાં પુષ્પાદિકનો આરંભ થતો હોવાથી મન હીલોળે ચઢતું નથી.

અવતરણિકા = ઉપરના પ્રશ્નનો ઉત્તર ગ્રંથકારશ્રી બીજી ગાથામાં જણાવે છે-

**નિશ્ચયધર્મ ન તેણે જાણ્યો, જે શૈલેશી અંતે વખાણ્યો;**
**ધર્મ-અધર્મ તણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલતારી.**
**॥૨॥**

**ગાથાર્થ** = શિષ્યે તે નિશ્ચયધર્મને યથાર્થ જાણ્યો નથી. જે ધર્મ શૈલેશી (ચૌદમાં) ગુણઠાણાના અંતે જ આવે છે, જે ધર્મ પુણ્ય-પાપ એમ ઉભયના ક્ષયને કરનારો છે અને સંસાર-સમુદ્રથી તારીને મુક્તિસુખ આપનાર છે.

અવતરણિકા = આના અર્થાત્ શૈલેશી ગુણઠાણાના પૂર્વના ગુણસ્થાનકોમાં ધર્મ નથી એમ નથી. આ વાત ગ્રંથકારશ્રી હવે

પછીની ગાથાઓમાં બરાબર બતાવે છે.

**તસ સાધન તું જે જે દેખે, નિજ-નિજ ગુણઠાણાને લેખે;**
**તેહ ધરમ વ્યવહારે જાણો, કારજ કારણ એક પ્રમાણો.**
**॥૩॥**

**ગાથાર્થ** = તે નિશ્ચયધર્મના સાધનભૂત એવું પૂર્વાવસ્થાવર્તી ધર્મતત્ત્વ જે જે ગુણઠાણે જેટલા-જેટલા અંશે પ્રગટ થતું જાય છે તે તે ગુણઠાણે તેટલા-તેટલા અંશે તે પણ વ્યવહારથી ધર્મ છે એમ જાણો. કારણ કે પૂર્વવર્તી કારણ અને ઉત્તરવર્તી કાર્ય કથંચિદ્ એકરૂપ છે.

**એવંભૂતતણો મત ભાખ્યો, શુદ્ધ દ્રવ્યનય ઈમ વળી દાખ્યો;**
**નિજસ્વભાવ પરિણતિ તે ધર્મ, જે વિભાવ તે ભાવ જ કર્મ.**
**॥૪॥**

**ગાથાર્થ** = "સર્વકર્મોનો ક્ષયમાત્ર" એ જ ધર્મ છે. આ વાત એવંભૂતનયથી જાણવી. વળી પોતાના આત્મતત્ત્વરૂપ સ્વભાવદશાની પરિણતિ તે ધર્મ કહેવાય છે. એમ શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો મત દાખ્યો છે અને જે વિભાવદશા છે તે ભાવકર્મરૂપ (અધર્મરૂપ) છે.

અવતરણિકા = શુભયોગ પ્રવૃત્તિને પણ વ્યવહારનયથી ધર્મ કહેવામાં આવે છે, આ વાત પછીની ગાથામાં વધારે સ્પષ્ટ કરે છે.

**ધર્મશુદ્ધ-ઉપયોગસ્વભાવે, પુણ્ય પાપ શુભ-અશુભ વિભાવે;**
**ધર્મહેતુ વ્યવહાર જ ધર્મ, નિજસ્વભાવ પરિણતિનો મર્મ.**
**॥૫॥**

**ગાથાર્થ** = જેટલા કાળ સુધી શુદ્ધ ઉપયોગ સ્વભાવ હોય તેટલા કાળ સુધી ધર્મ છે અને જેટલા કાળ સુધી પુણ્ય-પાપમાં હેતુભૂત

શુભ-અશુભયોગપ્રવૃત્તિ હોય તેટલા કાળ સુધી વિભાવદશા (બંધહેતુ હોવાથી ''અધર્મ'') જ છે તો પણ જે જિનપૂજાદિક શુભપ્રવૃત્તિ ધર્મપરિણામમાં હેતુભૂત બને છે. જ્યાં નિજસ્વભાવની પરિણતિનો મર્મ (શુદ્ધ આત્મદશાનું લક્ષ્ય) વર્તે છે તે જિનપૂજાદિ યોગપ્રવૃત્તિને પણ વ્યવહારનયથી ધર્મ કહેવાય છે. કારણ કે તે જિનપૂજામાં યોગ્યતાપાદક નિજસ્વભાવ પરિણામ આવે છે. તેથી તે જિનપૂજાદિરૂપ કારણમાં ધર્મરૂપ કાર્યનો ઉપચાર કરીને જિનપૂજાદિને પણ વ્યવહારનયથી ધર્મ કહેવાય છે.

**શુભયોગે દ્રવ્યાશ્રવ થાય, નિજપરિણામે ન ધર્મ હણાય;**
**યાવત્ યોગક્રિયા નહીં થંભી, તાવત્ જીવ છે યોગારંભી.**
**॥૬॥**

**ગાથાર્થ** = આ જીવને જિનપૂજાદિમાં શુભયોગ હોતે છતે દ્રવ્યાશ્રવ જરૂર થાય છે પરંતુ સ્વભાવદશાની પરિણતિ રૂપ ધર્મ તેનાથી હણાઈ જતો નથી. કારણ કે જ્યાં સુધી (તેરમા ગુણઠાણા સુધી) યોગાત્મક ક્રિયા અટકતી નથી ત્યાં સુધી આ આત્મા યોગજન્ય કર્મબંધના આરંભવાળો તો રહે જ છે.

**મલિનારંભ કરે જે કિરિયા, અસદારંભ તજી તે તરિયા;**
**વિષયકષાયાદિકને ત્યાગે, ધર્મમતિ રહિએ શુભમાગે.**
**॥૭॥**

**ગાથાર્થ** = તેથી (સર્વથા યોગક્રિયાનો ત્યાગ ચૌદમા ગુણસ્થાનક વિના શક્ય ન હોવાથી) મલીન આરંભ-સમારંભવાળી જે જે અશુભ યોગક્રિયા છે કે જેને ''અસદારંભ સમારંભ'' કહેવાય છે. તેનો જ માત્ર ત્યાગ કરીને આજ સુધી અનંતા જીવો તર્યા છે તેથી (જિનપૂજાદિક શુભ

યોગાત્મક ક્રિયાને નહીં ત્યજીને) વિષય કષાયાદિની પરિણતિરૂપ વિભાવદશાનો ત્યાગ કરવા દ્વારા ધર્મમતિવાળા બનીને શુભમાર્ગે વર્તીએ. (દ્રવ્યપૂજામાં આશ્રવ છે તેથી ધર્મ નથી આવા કુતર્કો ત્યજી સૂત્રાનુસારે શુભમાર્ગમાં આવો.)

**સ્વર્ગહેતુ જો પુણ્ય કહીજે, તો સરાગસંયમ પણ લીજે;**
**બહુરાગે જે જિનવર પૂજે, તસ મુનિની પરે પાતિક ધ્રૂજે.**
**॥૮॥**

ગાથાર્થ = જો દ્રવ્યસ્તવથી ઉપાર્જન થતા પુણ્યને કેવલ સ્વર્ગનો જ હેતુ માનીશું તો સરાગસંયમ પણ સ્વર્ગહેતુ જ થશે. (પરંતુ મુક્તિહેતુ બનશે નહીં.) તેથી કંઈક સમજો કે બહુ રાગપૂર્વક જે જે આત્માઓ જિનેશ્વર પ્રભુને પૂજે છે તે તે આત્માનાં પાપો મુનિજીવનની જેમ ધ્રૂજે છે. (અર્થાત્ ક્ષય પામે છે.)

અવતરણિકા = દ્રવ્યપૂજા એ ભાવપૂજાનું પ્રધાનતમ કારણ છે તે જ બતાવે છે.

**ભાવસ્તવ એહથી પામીજે, દ્રવ્યસ્તવ એ તેણે કહીજે;**
**દ્રવ્ય શબ્દ છે કારણ વાચી, ભમે મ ભૂલો કર્મ નિકાચી.**
**॥૯॥**

ગાથાર્થ = આ દ્રવ્યપૂજાથી જીવ ભાવસ્તવ ચારિત્રને પ્રાપ્ત કરે છે. તે કારણથી જ આ દ્રવ્યસ્તવ કહેવાય છે. અહીં દ્રવ્ય શબ્દ કારણ વાચી છે. તેથી કુતર્કવાદીઓએ કરેલી ખોટી દલીલોથી ભ્રમમાં પડીને ભૂલા ન પડશો અને નિકાચિત કર્મો ન બાંધશો.

## સાચી ભક્તિ - પ્રભુપ્રેમ

### ઢાળ-૧૧

### (રાગ-ચેતન ! જ્ઞાન અજવાળીએ...)

અવતરણિકા = દસમી ઢાલમાં સાતનયસાપેક્ષ તથા નિશ્ચય-વ્યવહારનયની અપેક્ષાએ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. હવે અગ્યારમી ઢાલમાં પરમાત્મા શ્રી સીમંધર સ્વામીને ભક્તિભાવે સ્તવના, વંદના અને પ્રાર્થના કરતા નિખાલસપણે હૈયું ખોલે છે.

**કુમતિ ઇમ સકલ દૂરે કરી, ધારીએ ધર્મની રીત રે;**
**હારીએ નવિ પ્રભુ ! બલથકી, પામીએ જગતમાં જીત રે.**
**સ્વામી સીમંધર ! તું જયો. ॥૧॥**

**ગાથાર્થ** = આ પ્રમાણે સઘળી કુમતિ (ઉન્માર્ગ પ્રરૂપણા) દૂર કરીને સાચા ધર્મના સ્વરૂપને (તત્ત્વની શ્રદ્ધાવડે શુદ્ધાત્મ ભાવનારૂપ ધર્મને) હૈયામાં સમજી લઈને, વીતરાગ પ્રભુનો સાથ મળ્યો છે તે કારણે કોઈથી ન હારીએ અને જગતમાં સાચું કહેવા દ્વારા સર્વત્ર જિત મેળવીએ.

અવતરણિકા = આ ગાથામાં ઉપાધ્યાય ભગવંત પરમાત્માની સાક્ષી માંગે છે-

**ભાવ જાણે સકલ જંતુના, ભવ થકી દાસને રાખ રે;**
**બોલિયા બોલ જે તે ગણું, સફળ જો છે તુજ સાખ રે.**
**સ્વામી૦ ॥૨॥**

**ગાથાર્થ** = હે પરમાત્મા ! તમે સર્વે જીવોના હૈયાના ભાવને જાણો જ છો. (એટલે વધારે શું કહીએ ?) તમારા સેવક એવા મને આ સંસારથી બચાવ. આ સ્તવનમાં કહેલી સઘળી હકીકત તો હું સફળ માનું, જો તમે તેમાં સાક્ષી થાઓ.

એક છે રાગ તુજ ઉપરે, તેહ મુજ શિવતરૂ કંદ રે;
નવિ ગણું તુજ પરે અવરને, જો મિલે સુર નર વૃંદ રે.
સ્વામી૦ ॥૩॥

ગાથાર્થ = તમારા પ્રત્યેનો મને જે રાગ છે. તે જ એક મને મુક્તિ રૂપ વૃક્ષ ઉગાડવામાં મૂલબીજ સમાન બનશે. જો સામે દેવોનો સમૂહ (દેવઋદ્ધિ) અને મનુષ્યનો સમૂહ (રાજઋદ્ધિ) મળે તો પણ તે અન્યને, હે પરમાત્મા ! તમારા સમાન ગણું નહી. તમારાથી તે સર્વે અત્યન્ત તુચ્છ છે.

તુજ વિના મેં બહુ દુઃખ લહ્યાં, તું મિલ્યે તે કિમ હોય રે ?
મેહ વિણ મોર માચે નહીં, મેહ દેખી માચે સોય રે.
સ્વામી૦ ॥૪॥

ગાથાર્થ = હે પરમાત્મા ! મેં તમારા વિના ઘણાં દુઃખો મેળવ્યાં છે. હવે તમે મળ્યા પછી તે દુઃખો કેમ રહી શકે ? આપના દર્શનથી મારા પાપ દૂર થઈ જાય છે. જેમ વાદળ વિના મોર ન નાચે. પરંતુ વાદળ દેખ્યા પછી તે મોર નાચ્યા વિના કેમ રહે ? અર્થાત નાચે જ.

મન થકી મિલન મેં તુજ કિયો, ચરણ તુજ ભેટવા સાંઈરે !
કીજિએ જતન જિન ! એ વિના, અવર ન વાંછિએ કાંઈ રે.
સ્વામી૦ ॥૫॥

ગાથાર્થ = મેં આપશ્રીની સાથે મનથી મિલન તો કરી જ લીધું છે. હે સ્વામી ! હવે ફક્ત આપશ્રીના ચરણકમલોને સાક્ષાત ભેટવા ઇચ્છું છું. આપશ્રી મારી આ ભવભ્રમણાથી સુરક્ષા કરો, આ એક પ્રાર્થના વિના બીજું કંઇ હું ઇચ્છતો નથી.

તુજ વચન-રાગ સુખ આગળે, નવિ ગણું સુરનર શર્મ રે;
કોડિ જો કપટ કોઈ દાખવે, નવિ તજું તોયે તુજ ધર્મ રે.
સ્વામી૦ ॥૬॥

SRI KAILASSAGARSURI GYANMANDIR

**ગાથાર્થ** = તમારી વાણી ઉપરના રાગના (અહોભાવના) સુખની આગળ દેવ-મનુષ્યના સુખોને પણ હું ગણકારતો નથી. જો કોઈ કરોડો કપટ કરીને પણ મને લલચાવે, તો પણ હું તમારા ધર્મને ત્યજવાનો નથી.

**તું મુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;**
**કુમત માતંગના જૂથથી, તો કિશી પ્રભુ ! મુજ બીહ રે ?**
**સ્વામી૦ ॥૭॥**

**ગાથાર્થ** = મારા હૃદયગિરિમાં સિંહસમાન વીતરાગ પ્રભુ તમે જો વસો છો. તો તેના કારણે અન્યમતો રૂપી હાથીઓના ટોળાથી મને કોઈ પ્રકારની બીક (ભીતિ) હવે રહી નથી. કોઈ પણ તરફથી મને ડર લાગતો નથી.

અવતરણિકા = હવે ઉપાધ્યાય ભગવંત પરમાત્માને ઠપકો આપે છે-

**કોડિ છે દાસ પ્રભુ ! તાહરે, માહરે દેવ તું એક રે;**
**કીજિએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેક રે.**
**સ્વામી૦ ॥૮॥**

**ગાથાર્થ** = હે પ્રભુ ! તમારે તો કરોડો સેવક છે. પરંતુ મારે તું એક જ સ્વામી છે. તેથી આ સેવકની સારસંભાળ કરવી એ તમારો ઉચિત વિવેક ગણાય.

**ભક્તિભાવે ઇશ્યું ભાખીએ, રાખીએ એહ મનમાંહી રે;**
**દાસના ભવ-દુઃખ વારીએ, તારીએ સો ગ્રહી બાંહી રે.**
**સ્વામી૦ ॥૯॥**

**ગાથાર્થ** = ભક્તિભાવથી મેં આવું કહ્યું છે. તે સઘળી વાત

આપ આપના મનમાં જ રાખજો. સેવક એવા મારાં ભવદુઃખ, હે પ્રભુ ! કાપો અને હાથ પકડીને તારો.

અવતરણિકા = હવે પરમપિતા પરમાત્મા આગળ બાલ બનેલા ઉપાધ્યાયજી હૃદયની વ્યથા વ્યક્ત કરે છે-

**બાલ જિમ તાત આગળ કહે, વિનવું હું તિમ તુજ રે;**
**ઉચિત જાણો તિમ આચરૂ, નવિ રહ્યું તુજ કિશ્યું ગુજ્ઝ રે.**
**સ્વામી ૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જેમ બાલક પોતાના પિતાની આગળ પોતાની દુઃખદર્દ ભરેલી આપવીતિ કહે છે. તેમ હે પરમાત્મા ! હું પણ આપશ્રીને વિનંતિ કરૂ છું કે મારા માટે આપશ્રીને જે ઉચિત લાગે તેમ કરો. પણ જલ્દી કરો કારણકે - મેં આપની પાસે કંઈ પણ ગુપ્ત રાખ્યું નથી. (કાલવિલંબ ન કરો. હવે ધીરજ રહેતી નથી.)

**મુજ હોજો ચિત્ત-શુભભાવથી, ભવ-ભવ તાહરી સેવ રે;**
**યાચીએ કોડિ યતને કરી, એહ તુજ આગળે દેવ રે.**
**સ્વામી૦ ॥૧૧॥**

ગાથાર્થ = હે પરમાત્મા ! તમારી આગળ મનના ઉત્તમ ભાવથી કરોડો પ્રયત્નો કરીને આ એક જ યાચના કરીએ છીએ કે ભવોભવમાં તમારી સેવા મને મળજો.

## કલશ

અવતરણિકા = કલશરૂપ આ ૧૨૫મી ગાથામાં સીમંધર સ્વામીના "સકલ સુખકર, દુરિત ભયહર વિ. સાત ગુણો ગાવા વડે સ્તુતિ કરેલી છે.

**ઈમ સયલ-સુખકર દુરિત-ભયહર, વિમલ-લક્ષણ-ગુણધરો;**
**પ્રભુ અજર અમર નરિંદ-વંદિત, વિનવ્યો સીમંધરો.**
**નિજ-નાદ-તર્જિત-મેઘ-ગર્જિત, ધૈર્ય-નિર્જિત મંદરો;**
**શ્રી નયવિજય બુધ ચરણસેવક, જશવિજય બુધ જયકરો.**
**||૧૨૫||**

**ગાથાર્થ** = આ પ્રમાણે સકલ સુખને કરનારા, સર્વ પાપો અને ભયોને હરનારા, નિર્મળ લક્ષણો અને ગુણોને ધારણ કરનારા, અજર (જરા વિનાના) દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે વંદાયેલા, પોતાની ધર્મદેશનાની વાણી વડે તર્જના (પરાભવ) કર્યો છે મેઘના ગર્જારવનો જેઓએ એવા અને ધૈર્યગુણ વડે જિત્યો છે મેરૂપર્વત જેઓએ એવા પ્રભુ શ્રી સીમંધર સ્વામીને વિનંતિ કરવારૂપે શ્રી નયવિજયજી મહારાજશ્રીના ચરણસેવક એવા મહોપધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ આ સ્તવનની રચના કરી છે.

વર્તમાન કાળમાં સર્વજ્ઞ, પૂર્વધર, શ્રુતકેવલી વિ. મહાપુરૂષોના વિરહકાલમાં અજ્ઞાની અને અહંકારી એવા કુગુરૂઓ ધર્મની દેશના પાલટે છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. અર્થ-કામની દેશના આપવા રૂપ ઉન્માર્ગ જ બતાવે છે. સાચો જ્ઞાનમાર્ગ બતાવતા જ નથી. કલહ અને કદાગ્રહના દરિયા એવા કુત્સિત કુગુરૂઓના હાથમાં ફસાઈ ચૂકેલા ભવ્ય મુમુક્ષુ આત્માર્થી અને ભદ્રિક જીવોને વ્યવહારનયથી અને નિશ્ચયનયથી ધર્મનું સાચું સ્વરૂપ સમજાવવા માટે શ્રી સીમંધરસ્વામીને વિનંતિ કરવારૂપે પૂજ્યપાદશ્રી ઉપા. યશોવિજયજી મહારાજશ્રીએ આ સ્તવન બનાવ્યું છે.

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

# ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય પૂજ્યપાદ શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત કુમતિ-મદ-ગાલન શ્રી વીરસ્તુતિરૂપ

# શ્રી દોઢસો ગાથાનું હુંડીનું સ્તવન

અનંત ઉપકારી કરૂણામૂર્તિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં વિક્રમની સોલમી સદીમાં ઇસ્લામી સંસ્કૃતિની અસરથી જૈનોમાં ઘણા નવા પંથો નીકળ્યા હતા. વિ.સં. ૧૫૨૮માં તપાગચ્છની વૃદ્ધ પોષાળના ભટ્ટારક શ્રી જ્ઞાનસાગરસૂરી મ.સા. ના લહિયા = લેખક લોંકાશાહે તીર્થ, પ્રતિમા, જિનપૂજા, પચ્ચક્ખાણ, સર્વવિરતિ, ઉપધાન, દીક્ષા, સમ્યક્ત્વ ભેદ, સ્થવિરાચાર વિગેરે વિધિમાર્ગનો લોપ કરી લોંકા મત ચલાવ્યો. આ લોંકા મત ઇસ્લામ ધર્મની અસર નીચે જન્મ્યો અને પાંગર્યો. તેના પરિણામે જૈન સંઘની શુદ્ધિ અને સંગઠનની જે વ્યવસ્થા હતી તે તૂટી ગઇ. તે પછીના લોંકા ગચ્છમાં થયેલા કેટલાક શ્રીપૂજોએ લોંકાશાહે નિષેધ કરેલ તીર્થ, પ્રતિમાપૂજા વિગેરે વિધિમાર્ગોને યથાનુકૂલ પોતાના ગચ્છમાં પુનઃ સ્વીકાર કર્યા. વળી લોંકામતમાં થયેલા લવજીૠષિ અને ધર્મદાસૠષિએ લોંકાશાહે નિષેધ કરેલી અમુક ક્રિયાઓને વધુ મહત્ત્વ આપી પોતાના સ્વતંત્ર મતો ચલાવ્યા હતા. પ્રાચીનકાળમાં ભારતમાં મુખ્ય પ્રશ્ન એ હતો કે

મૂર્તિપૂજાનો વિરોધ ક્યારથી શરૂ થયો ? તેને બદલે ઈસ્લામ રાજ્યો આવ્યા પછી ભારતમાં એવો પ્રશ્ન પૂછાય છે કે મૂર્તિપૂજા અસલમાં ક્યારે શરૂ થઈ ? કહેવાનું તાત્પર્ય એ જ છે કે આખી વિચાર સૃષ્ટિ પલટાઈ ગઈ છે. પરમ ઉપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું જે શાસન એકવીશ હજાર વર્ષ સુધી ચાલવાનું છે. તે જિનશાસનના મુખ્ય આધારરૂપ જિનબિંબ અને જિનાગમ છે તે જ જિનપ્રતિમાની પૂજાદિ વિધિમાર્ગનો જો લોપ થશે તો એકવીશ હજાર વર્ષ સુધી પરમાત્માનું શાસન કોના આધારે ચાલશે ? તેથી તે કાળમાં ભરતક્ષેત્રમાં નવા-નવા મતોની સ્થાપના દ્વારા અને છિન્નભિન્ન થતાં જૈનશાસનને જોઈને પૂ. મહામહોપાધ્યાય શ્રીમદ્ વિજય યશોવિજયજી મ.સા. નું હૃદય અત્યંત દ્રાવિત બન્યું. તેથી તેઓ નજીકના ઉપકારી અત્યંત શુદ્ધ હિતોપદેશક વર્તમાન શાસનના અધિપતિ શ્રી વીર પરમાત્માને પોતાના હૃદયની ચિંતા વ્યક્ત કરતો હુંડી સ્વરૂપ આ પત્ર લખે છે. જેમાં પૂજ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ વિજય યશોવિજયજી મ.સા. કુમતિઓના અભિમાનને ગાળવા માટે અને તીર્થ, પ્રતિમા, જિનપૂજાદિ રૂપ સ્થાપના નિક્ષેપો તેમજ પચ્ચક્ખાણ, સર્વવિરતિ, ઉપધાન, દીક્ષા,સમ્યક્ત્વ ભેદ, સ્થવિરાચારરૂપ વિધિમાર્ગને પુનઃ સ્થાપિત કરવા માટે તે કુમતિઓની જ માન્યતા પ્રમાણેના ૩૨ આગમોના પાઠોની સાક્ષી આપતા દેવો અને મનુષ્યોએ પણ જિનપ્રતિમાની અને જિનદાઢા વગેરેની પૂજા કર્યાના અધિકારોનું વર્ણન કરવાપૂર્વક આ સ્તવનની રચના કરી છે.

## ઢાળ-૧

(રાગ- છિંડી કિહાં રાખી અથવા ભવિકા ! સિદ્ધચક્ર વંદો....)

**પ્રણમી શ્રી ગુરૂના પયપંકજ, થુણશું વીરજિણંદ;**
**ઠવણનિક્ષેપ પ્રમાણ પંચાંગી, પરખી લહો આણંદ રે.**
**જિનજી ! તુજ આણા શિર વહીએ,**
**તુજ શાસન નય શુદ્ધ પ્રરૂપણ; ગુણથી શિવસુખ લહીએ રે;**
**જિનજી ! તુજ આણા શિર વહીએ - એ આંકણી ॥૧॥**

**ગાથાર્થ** = જ્ઞાનાદિક લક્ષ્મીવાન ગુરૂ ભગવંતના ચરણકમલમાં પ્રણામ કરીને રાગ-દ્વેષને જીતનારા સામાન્ય કેવલીઓમાં ઈન્દ્રસમાન તીર્થંકર પરમાત્માને સ્તવીશું. પંચાંગી (સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા અને ચૂર્ણિ એમ પાંચ અંગ) પ્રમાણ સ્થાપના નિક્ષેપાને પરખીને આનંદ પામો. હે જિનજી ! આપની આજ્ઞા મસ્તકે ધરીએ અર્થાત્ આપની આજ્ઞા એ જ પ્રમાણ છે પણ કુયુક્તિ પ્રમાણ નથી. આપનું શાસન, આપની આજ્ઞાની નય = નીતિપૂર્વક શુદ્ધ પ્રરૂપણા કરવારૂપ ગુણ થકી અમે મોક્ષસુખને પામીએ.

અવતરણિકા - હવે સ્થાપના નિક્ષેપો દેખાડવા માટે સિદ્ધાંતની સાક્ષી બતાવે છે. ઢુંઢીયા મત ૩૨ આગમો માને છે. જેમકે ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, નદીસૂત્ર, અનુયોગદ્વાર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નિશીથ, બૃહત્કલ્પ, વ્યવહારકલ્પ, દશાશ્રુતસ્કંધ અને આવશ્યક સૂત્ર. તે આગમોની જ સાક્ષી હવેની ગાથાઓમાં બતાવશે.

**શ્રી અનુયોગદુવારે ભાખ્યા, ચાર નિક્ષેપા સાર;**
**ચાર સત્ય દશ સત્યા ભાખ્યા; ઠાણાંગે નિરધાર રે.**
**જિનજી !૦ ॥૨॥**

**ગાથાર્થ** = શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે સર્વસ્થાને ઓછામાં ઓછા ચાર નિક્ષેપા અવશ્ય કરવા. વળી ચાર પ્રકારની સત્ય ભાષા ચોથે સ્થાને અને દશ પ્રકારની સત્યભાષા દશમે સ્થાને શ્રી ઠાણાંગસૂત્રમાં નિશ્ચયપણે કહી છે.

❖ ચાર પ્રકારની સત્ય ભાષા = ૧) નામ સત્ય ૨) સ્થાપના સત્ય ૩) દ્રવ્ય સત્ય અને ૪) ભાવ સત્ય

❖ દશ પ્રકારની સત્ય ભાષા = ૧) જનપદ સત્ય ૨) સમ્મત સત્ય ૩) સ્થાપના સત્ય ૪) નામ સત્ય ૫) રૂપ સત્ય ૬) પ્રતીત્ય સત્ય ૭) વ્યવહાર સત્ય ૮) ભાવ સત્ય ૯) યોગ સત્ય અને ૧૦) ઉપમા સત્ય.

**જાસ ધ્યાન કિરિયામાંહિ આવે, તેહ સત્ય કરી જાણું;**
**શ્રી આવશ્યકસૂત્ર પ્રમાણે, વિગતે તેહ વખાણું રે.**
**જિનજી !૦ ॥૩॥**

**ગાથાર્થ** = જે વીતરાગ પરમાત્માનું ધ્યાન જે આવશ્યક ક્રિયામાં આવે છે તે આવશ્યકની ક્રિયા ચારિત્રવાનની છે માટે તે ધ્યાન જે ક્રિયામાં જણાવે તે સાચું જ જણાવે તો ચારિત્ર રહે અન્યથા ચારિત્રને વિરાધે. સાચું કહે (બોલે) તો ભાષાસત્ય થાય. શ્રી આવશ્યક સૂત્ર પ્રમાણે જુદી-જુદી રીતે નામાદિક (નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ) સત્ય કહું છું.

અવતરણિકા - હવે ચાર નિક્ષેપા જણાવે છે-

**ચોવીસત્થયમાંહિ નિક્ષેપા, નામ દ્રવ્ય દોય ભાવું;**
**કાઉસગ્ગ આલાવે ઠવણા, ભાવ તે સઘળે લાવું રે.**
**જિનજી!૦ ॥૪॥**

**ગાથાર્થ** = લોગસ્સસૂત્રમાં નામનિક્ષેપો અને દ્રવ્યનિક્ષેપો બન્ને ભાવું. (દ્રવ્યનિક્ષેપો. 'જે અઈઆ સિદ્ધા = નમુત્થુણંમાં છે. પણ આ ગાથા કુમતિ માનતા નથી તેથી તેને લોગસ્સસૂત્રમાં જ બતાવે છે) કાઉસગ્ગ કરવાનો આલાવો જે ''અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિયાએ... પાઠ ઉચ્ચારતાં સ્થાપના નિક્ષેપો ભાવું છું તેમજ ભાવનિક્ષેપો તીર્થંકરના જે કેવલજ્ઞાનાદિ ગુણરૂપ છે તે તો ધ્યાન દ્વારા સર્વત્ર = ક્રિયાસમાપ્તિ પર્યંત હૃદયમાં ભાવું છું.

**પુસ્તકલિખિત સકલ જિન આગમ, તિમ આવશ્યક એહ;**
**ભગવઈ નંદી સાખેં સમ્મત, તેહમાં નહીં સંદેહ રે.**
**જિનજી!૦ ॥૫॥**

**ગાથાર્થ** = પુસ્તકલિખિત બધા આગમ જેમ સિદ્ધાંત છે તેમ આવશ્યક પણ સિદ્ધાંત છે. ઉત્કાલિક સૂત્રમાં આવશ્યકનું નામ પ્રગટપણે કહ્યું છે. તેમજ ભગવતી સૂત્ર અને નંદીસૂત્રમાં પણ આવશ્યકની ભલામણ છે. તેથી ભગવતી સૂત્ર અને નંદીસૂત્રની સાક્ષીએ આવશ્યક માનવા યોગ્ય છે તેમાં કાંઈ પણ સંદેહ નથી.

અવતરણિકા - આવશ્યક ક્યાંથી આવ્યું ? તે જણાવે છે-

**સૂત્ર આવશ્યક જે ઘરઘરનું, કહેશે તે અજ્ઞાની;**
**પુસ્તક અર્થ - પરંપર આવ્યું, માને તેહ જ જ્ઞાની રે.**
**જિનજી!૦ ॥૬॥**

**ગાથાર્થ** = સૂત્ર આવશ્યક જે ઘરઘરનું અર્થાત્ પોત-પોતાની માન્યતા પ્રમાણે ભિન્ન ભિન્ન છે એમ જે કહેશે તે તો અજ્ઞાની અર્થાત્ મૂર્ખ જાણવા. આ આવશ્યક પુસ્તક, અર્થ અને પરંપરા દ્વારા આવેલું છે આ વાત જે માને તે જ જ્ઞાની પુરુષ છે.

**બંભીલિપિ શ્રી ગણધરદેવે, પ્રણમી ભગવઈ આદે;**
**જ્ઞાનતણી તે ઠવણા અથવા, દ્રવ્યશ્રુત અવિવાદે રે.**
**જિનજી!૦ ॥૭॥**

**ગાથાર્થ** = શ્રી ભગવતીસૂત્રની આદિમાં શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવંતે બ્રાહ્મીલિપિને પ્રણામ કર્યું છે. બ્રાહ્મીલિપિ=અક્ષરવિન્યાસ, તે અક્ષરવિન્યાસ તો જ્ઞાનની સ્થાપના છે તેથી બ્રાહ્મીલિપિ જ્ઞાનની સ્થાપના જાણવી અથવા = પક્ષાંતરે જો બ્રાહ્મીલિપિને જ્ઞાનની સ્થાપના ન ગણીએ અને ગ્રંથરૂપ ગણીએ તો વિવાદરહિતપણે તે દ્રવ્યનિક્ષેપે દ્રવ્યશ્રુત કહેવાય.

અવતરણિકા - કોઈ લિપિનો અર્થ મરડે છે તેને શિખામણ આપે છે-

**ભેદ અઢાર જે બંભીલિપિના, સમવાયાંગે દીઠા;**
**શુદ્ધ અરથ મરડી ભવ બહુલા, ભમશે કુમતી ધીઠા રે.**
**જિનજી!૦ ॥૮॥**

**ગાથાર્થ** = શ્રી સમવાયાંગસૂત્રમાં બ્રાહ્મીલિપિના અઢાર પ્રકાર બતાવ્યા છે. તેના શુદ્ધ અર્થને છોડી અન્ય અશુદ્ધ અર્થ પણ કરવાને સમર્થ એવા ધૈર્યવંત કુમતિ = કુબુદ્ધિવાન ઘણો સંસાર રઝળશે.

અવતરણિકા - કુમતિઓ જે અર્થ મરડે છે તે કેવી રીતે મરડે છે તે જણાવે છે-

**બંભીલિપિ જો તેહનો કર્તા, તો લેખક પણ આવે;**
**ગુરૂઆણા વિણ અરથ કરે જે, તેહનો બોલ ન ભાવે રે.**
**જિનજી!૦ ॥૯॥**

**ગાથાર્થ** = બ્રાહ્મીલિપિ શ્રી ઋષભદેવ પરમાત્માએ બતાવી હોવાથી તેના કર્તા શ્રીઋષભદેવ પરમાત્મા લઈએ. તેમજ બ્રાહ્મીલિપિને લખનાર લેખક પણ તેના કર્તા તરીકે આવે. પરમગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાવિરૂદ્ધ જે ખોટો અર્થ કરે તેનું વચન આજ્ઞાબાહ્ય હોવાથી ભાવતો નથી. (અથવા શુદ્ધ પરંપરાથી પરમગુરૂ પરમાત્માની આજ્ઞાપ્રમાણે બ્રાહ્મીલિપિ દ્રવ્યશ્રુત હોવાથી વંદના કરવા યોગ્ય છે એમ કહ્યું ).

અવતરણિકા - તે વિષયમાં દૃષ્ટાંત બતાવે છે-

**જિનવાણી પણ દ્રવ્ય-શ્રુત છે, નંદીસૂત્રને લેખે;**
**જિમ તે તિમ બંભીલિપિ નમીએ, ભાવ તે દ્રવ્યવિશેષે રે.**
**જિનજી!૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જેમ શ્રી નંદીસૂત્રના આધારે જિનવાણી પણ દ્રવ્યશ્રુત છે તેમ બ્રાહ્મીલિપિ પણ દ્રવ્યશ્રુત હોવાથી તેને નમસ્કાર કરીએ છીએ. આપણો ભાવ તે દ્રવ્યમાં વિશેષ = ફરક કરે અર્થાત્ બ્રાહ્મીલિપિ અક્ષરરૂપ દ્રવ્ય અને જિનવાણી ભાષાવર્ગણાના પુદ્ગલરૂપ દ્રવ્ય હોવાથી બન્નેમાં કાંઈ ફરક નથી. પણ આપણા જ્ઞાનાદિક ભાવના સાધનરૂપે પ્રણામ કરવાથી દ્રવ્ય વિશેષ પામ્યો કહેવાય માટે તે વાંદવા યોગ્ય છે એમ સમજવું.

અવતરણિકા - અજીવરૂપ સ્થાપનાથી આપણને શું લાભ થાય ? તે જણાવે છે-

**જિમ અજીવ સંયમનું સાધન, જ્ઞાનાદિકનું તેમ;**
**શુદ્ધભાવ આરોપે વિધિશું, તેહને સઘળે ખેમ રે.**
**જિનજી!૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = જેમ અજીવ એવા વસ્ત્ર-પાત્રાદિક ચારિત્રનું સાધન હોવાથી તેનાથી ચારિત્ર સધાય છે તેમ બ્રાહ્મીલિપિ જ્ઞાનશુદ્ધિનું અને જિનપ્રતિમાં દર્શનશુદ્ધિનું હેતુ છે માટે વિધિપૂર્વક પોતાના શુભાધ્યવસાયનું આરોપણ સામી વસ્તુને વિષે કરે તે પ્રાણીને સર્વત્ર સફલતા મળે.

અવતરણિકા - સામી વસ્તુને વિષે પોતાનો ભાવ જ પ્રમાણ છે તે બતાવે છે-

**શુદ્ધભાવ જેહનો છે તેહના, ચાર નિક્ષેપા સાચા;**
**જેહમાં ભાવ અશુદ્ધ છે તેહના, એક કાચે સવિ કાચા રે.**
**જિનજી!૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = જે વસ્તુનો ભાવનિક્ષેપો શુદ્ધ છે તેના ચારે નિક્ષેપા સત્ય=આરાધ્ય છે. (ગૌતમસ્વામીનો ભાવનિક્ષેપો આરાધ્ય છે તેથી તેમના નામાદિક પણ આરાધ્ય છે=પરમમાંગલિકરૂપ છે.) જેમાં ભાવ (પરિણામ) અશુદ્ધ હોય તેનો ભાવનિક્ષેપો પણ અશુદ્ધ છે. જેનો ભાવનિક્ષેપો અશુદ્ધ તેના ચારે નિક્ષેપા પણ અશુદ્ધ=અનારાધ્ય છે. (અંગારમર્દકાચાર્યનો ભાવનિક્ષેપો અશુદ્ધ હોવાથી તેમના નામાદિક પણ પરમ પાપરૂપ છે=આરાધ્ય નથી.) તેથી ભાવ જ સત્ય છે.

અવતરણિકા - હવે વ્યતિરેક દ્રષ્ટાંત દ્વારા સાધ્ય સિદ્ધ કરે છે-

**દશવૈકાલિકે દૂષણ દાખ્યું, નારી ચિત્રને ઠામે;**
**તો કિમ જિનપ્રતિમા દેખીને, ગુણ નવિ હોય પરિણામે રે.**
**જિનજી!૦ ॥૧૩॥**

**ગાથાર્થ** = ચિત્રમાં જો નારીનું રૂપ ચિતરેલું હોય તો સાધુએ તે ચિત્રથી પોતાની દ્રષ્ટિને સંહરી લેવી = પાછી ખેંચવી. કારણકે ચિત્રમાં અલંકૃત નારીનું રૂપ જોતા વિકારભાવ પેદા થાય તો સાધુપણાથી પતિત થઈ જવાય. એમ શ્રી દશવૈકાલિકસૂત્રમાં નારીને જોવામાં દૂષણ બતાવ્યું છે. તો વીતરાગદશામાં રહેલ જિનપ્રતિમાને જોઈને ગુણ=શુભ ભાવ કેમ ન થાય ? અર્થાત થાય.

અવતરણિકા - સામાન્યપણે સ્થાપનાનિક્ષેપો વંદ્ય બતાવીને હવે જિનપ્રતિમા કોણે વાંદી છે તે બતાવે છે-

**રુચકદ્વીપે એક ડગલે જાતાં, પડિમા નમિય આણંદે;**
**આવતાં એક ડગલે નંદીસરે, બીજે ઇહાં જિન વંદે રે.**
**જિનજી!૦ ॥૧૪॥**

**ગાથાર્થ** = જંઘાચારણ મુનિ અહીંથી એક ડગલું ભરીને રુચક નામના દ્વીપમાં ઉતરીને હર્ષપૂર્વક જિનપ્રતિમાને નમન કરીને ત્યાંથી વળતાં એક ડગલું ભરી નંદીશ્વરદ્વીપમાં આવી જિનપ્રતિમાને વંદન કરી બીજે ડગલે અહીંયા આવે છે અને અહીં રહેલ અશાશ્વતી જિનપ્રતિમાઓને વાંદે છે.

**તિર્છી ગતિ એ ભગવઇ ભાખી, જંઘાચારણ કેરી;**
**પંડગવન નંદન ઇહાં પડિમા, ઉર્દ્વ નમે ઘણેરી રે.**
**જિનજી!૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = આ પ્રમાણે શ્રીભગવતીસૂત્રમાં જંઘાચારણ મુનિની તિર્ચ્છીગતિ બતાવી. (શ્રી ભગવતીસૂત્રમાં જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિનો સંપૂર્ણ અધિકાર બતાવેલો છે.) તેમજ જંઘાચારણ મુનિ ઉર્દ્વલોકમાં એક જ ડગલે મેરૂપર્વત પર પાંડુકવનમાં જઇ ત્યાંની પ્રતિમાઓને વાંદી ત્યાંથી વળતાં એક ડગલે નંદનવનમાં (જે સમભૂતલા પૃથ્વીથી ૫૦૦ યોજન ઉંચું છે) આવી ત્યાંની પ્રતિમાઓને વાંદે છે એમ ઉર્દ્વલોકમાં ઘણી પ્રતિમાઓને વાંદી.

અવતરણિકા - હવે વિદ્યાચરણ મુનિનો સંબંધ કહે છે -

**વિદ્યાચારણ તે એક ડગલે, માનુષોત્તરે જાય;**
**બીજે નંદીસરે જિનપ્રતિમા, પ્રણમી પ્રમુદિત થાય રે.**
**જિનજી!૦ ॥૧૬॥**

**ગાથાર્થ** = તે વિદ્યાચારણ મુનિ એક ડગલામાં માનુષોત્તર પર્વત પર જાય છે. (જે અઢીદ્વીપની મર્યાદા કરીને રહ્યો છે) અને ત્યાં રહેલ ચૈત્ય=જિનપ્રતિમાઓને વાંદે. ત્યાંથી બીજે ડગલે નંદીશ્વર દ્વીપે જઈ ત્યાં રહેલી જિનપ્રતિમાઓને વાંદી હર્ષવાળા થાય છે.

**તિહાંથી પડિમા વંદણ કારણ, એક ડગલે ઈહાં આવે;**
**ઉર્ધપણે જાતાં બે ડગલાં, આવતાં એક સ્વભાવે રે.**
**જિનજી !૦ ॥૧૭॥**

**ગાથાર્થ**=પ્રતિમાને વંદન કરવાના હેતુથી નદીશ્વરદ્વીપથી એક ડગલે અહીં આવી પ્રતિમાઓને વાંદે. આ તિર્ચ્છાલોકની વાત કહી. પણ ઉર્ધ્વલોકમાં જાતા બે ડગલા અને આવતા એક ડગલું અર્થાત્ એક ડગલે નંદનવન, બીજે ડગલે પાંડુકવન, ત્યાંથી એક ડગલે પાછા આવી અહીંની પ્રતિમાઓને વાંદે. એ ગતિના જ આવા પ્રકારના સ્વભાવ હોવાથી વચમાં બીજા વિસામા કરી શકાય નહીં.

(વિદ્યાચારણ મુનિ બે ડગલે જાય અને એક ડગલે આવે તથા જંઘાચારણ મુનિ એક ડગલે જાય અને બે ડગલે આવે એ ગતિ=લબ્ધિનો સ્વભાવ છે. અન્યમતે વિદ્યાચરણ મુનિને આવતા વિદ્યા સ્પષ્ટતર થાય માટે એક ડગલે આવે અને જાતા તેવી વિદ્યા ન હોય માટે બે ડગલે જાય. તેમજ જંઘાચારણને લબ્ધિથી થાય માટે આવતા અલ્પ સામર્થ્ય હોવાથી બે ડગલે આવે અને જાતા વધારે સામર્થ્ય હોવાથી એક ડગલે જાય.)

અવતરણિકા - શ્રી ભગવતીસૂત્રમાં આ પાઠ કયા સ્થાને છે તે જણાવે છે -

**શતક (ઈક)- વીશમે નવમ ઉદ્દેશે, પ્રતિમા મુનિવર વંદી;**
**ઈમ દેખી જે અવળા ભાંજે, તસ મતિ કુમતિ ફંદી રે.**
**જિનજી !૦ ॥૧૮॥**

**ગાથાર્થ** વીસમા શતકના નવમાં ઉદ્દેશામાં મુનિવરે આ રીતે પ્રતિમા વાંદી છે એવો પાઠ દેખીને જે પ્રાણી અવળા માર્ગે જાય છે તેઓ કુગુરૂના ભોળવ્યા મિથ્યાત્વને જોરે કુમતિના જાળમાં ગુંથાય=ફસાય છે.

અવતરણિકા - ઢુંઢક ચૈત્ય શબ્દનો અર્થ જિનપ્રતિમા ન માનતા હોવાથી કહે છે કે "જિનપ્રતિમાને વાંદવામાં લાભ હોય તો શ્રીભગવતી સૂત્રમાં "**तस्स ठाणस्स अणालोइय**.......તે સ્થાનકની આલોચના કર્યા વિના કે પ્રતિક્રમ્યા વિના કાલ કરે તો વિરાધક થાય. એમ શા માટે કહ્યું ?" તેનો જવાબ આપતા કહે છે -

**આલોયણનું ઠાણ કહ્યું જે, તેહ પ્રમાદ ગતિ કેરો;**
**તીર ગતિ જે જાત્ર વિચાલે, રહે તે ખેદ ઘણેરો રે.**
**જિનજી!૦ ॥૧૯॥**

**ગાથાર્થ** = લબ્ધિ ફોરવવી તે પ્રમાદ છે. ચૈત્યવંદનામાં લબ્ધિથી = પ્રમાદથી જે ગતિ કરી (લબ્ધિ ફોરવી) તેની આલોચના કરવાની કહી છે. બીજુ પ્રમાદ સ્થાન = તીરના વેગની જેમ ઝડપથી ગતિ કરતા વચમાં જે શાશ્વતા ચૈત્યાદિ રહી જાય છે તેથી ચિત્તમાં ઘણો ખેદ થાય છે. અહીં તીરના વેગની જેમ ગયા તેની આલોચના કરવાની કહી છે.

અવતરણિકા - હવે તે આલોવવા ઉપર સિદ્ધાંતની સાક્ષીએ દૃષ્ટાંત કહે છે-

**કરી ગોચરી જિમ આલોએ, દશવૈકાલિક સાખે;**
**તિમ એ ઠામ પ્રમાદ આલોએ, નહીં દોષ તે પાખે રે.**
**જિનજી!૦ ॥૨૦॥**

**ગાથાર્થ** = દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે જેમ સાધુ ગોચરી કરીને ઉપાશ્રયે આવીને ગુરૂ પાસે તે બરાબર ન થયું હોય તો ફરીથી પ્રતિક્રમે છે ત્યાં જે દોષ લાગ્યો હોય તેને પ્રતિક્રમે છે પણ ગોચરીને પ્રતિક્રમતા નથી. તેમ અહીં (શ્રી ભગવતી સૂત્રમાં) પણ ચૈત્યવંદના પ્રતિક્રમી નથી પણ પ્રમાદરૂપી દોષને પ્રતિક્રમ્યો છે.

અવતરણિકા - શ્રી ભગવતીસૂત્રનો આવો પાઠ સાંભળીને કુમતિ કહે છે-

**કહે કોઈ એ કહેવા માત્ર જ, કોઈ ન ગયો નવિ જાશે;**
**નહીં તો લવણશિખામાંહિ જાતાં, કિમ આરાધક થાશે રે ?**
**જિનજી!૦ ॥૨૧॥**

**ગાથાર્થ** = શ્રી જિનપ્રતિમા પ્રતિ વંદન-પૂજાદિ કરવાના વિરોધી એવા કેટલાક પોતાના પાખંડને પોષવા અવિધિએ શાસ્ત્રાભ્યાસ કરી પોતાની મિથ્યામતિને આગળ કરતા કહે છે કે શ્રી ભગવતીસૂત્રમાં ચારણમુનિની જે વાત આવે છે તે કહેવા માત્ર જ છે પણ કરવારૂપ નહીં. ભૂતકાળમાં કોઈ ત્યાં (રૂચકદ્વીપમાં) ગયા નથી અને ભવિષ્યમાં કોઈ ત્યાં જશે પણ નહીં કારણ કે લવણસમુદ્રની શિખામાં થઈને ત્યાં જતાં અપ્કાયની વિરાધના કરવાથી તે આરાધક શી રીતે થશે ? (કારણ કે લવણસમુદ્રમાં ચારે બાજુ સોળ હજાર યોજન ઉંચું પાણી છે.)

અવતરણિકા - હવે કુમતિને જવાબ આપે છે -

**સત્તર સહસ જોયણ જઈ ઉંચા, ચારણ તીર્છા ચાલે;**
**સમવાયાંગે પ્રગટ પાઠ એ, શું કુમતિ ! ભ્રમ ઘાલે રે ?**
**જિનજી !૦ ॥૨૨॥**

ગાથાર્થ = તેઓનું (કુમતિનું) આમ કહેવું મિથ્યા છે. કારણકે શ્રી સમવાયાંગસૂત્રમાં સ્પષ્ટ પાઠ છે કે પૃથ્વીથી સત્તર હજાર યોજન ઉંચા જઈને ચારણમુનિ તિર્ચ્છા જાય છે માટે શ્રી ભગવતીસૂત્રનો પાઠ કરવારૂપ છે કહેવા માત્ર નહીં. હે કુત્સિત મતિના સ્વામી ! ભોળા લોકોને ખોટી-ખોટી વાતો કહીને સંશયમાં શું પાડે છે ?

અવતરણિકા - કુમતિ ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન કરે છે તેમાં શંકા કરીને જવાબ આપે છે.

**'ચૈત્ય' શબ્દનો જ્ઞાન અરથ તે, કહો કરવો કુણ હેતે ?**
**જ્ઞાન એક ને ચૈત્ય ઘણાં છે, ભૂલે જડ સંકેતે રે.**
**જિનજી!૦ ॥૨૩॥**

ગાથાર્થ = **'चेइयाइं वंदे'** ચૈત્ય=જિનમંદિર કે જિનપ્રતિમા અર્થ થાય છે. તમે ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન કરો છો તે કયા હેતુથી કરો છો ? કારણકે જ્ઞાન એક છે અને ચૈત્ય ઘણા છે. (વ્યાકરણ પ્રમાણે **चेइयाइं=चैत्यानि** આ દ્વિતીયા બહુવચનનું રૂપ છે.) અજ્ઞાની ગુરૂની પરંપરાથી આવેલા જડ=અશુદ્ધ સંકેતો દ્વારા અર્થ કરતાં તું ભૂલે છે.

અવતરણિકા - હવે કુમતિ કહે છે કે "ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા હોય તો પણ ત્યાં શાશ્વતી પ્રતિમા હતી અને તમે તો અશાશ્વતી પ્રતિમા માનો છો" તેનો જવાબ આપે છે.

**રુચકાદિકના ચૈત્ય નમ્યાં તે, સાસય પડિમા કહીએ;**
**જેહ ઈહાંના તેહ અશાશ્વત, બિહુંમાં ભેદ ન લહીએ રે.**
**જિનજી!૦ ॥૨૪॥**

**ગાથાર્થ** = રુચક-નંદીશ્વરાદિ દ્વીપની પ્રતિમાઓને ચારણ મુનિ નમ્યા તે પ્રતિમાઓ શાશ્વતી હતી પણ અહીં આવીને ભરતક્ષેત્રનાં ચૈત્ય વાંદ્યા એ પાઠથી અહીંની અશાશ્વતી પ્રતિમાઓ જણાવી. મૂર્ખ હોય તે શાશ્વતી અને અશાશ્વતી પ્રતિમાઓમાં પૂજ્યાપૂજ્યનો ફરક (ભેદ) કરે.

અવતરણિકા - ઉપસંહાર કરતાં કહે છે-

**જે ઉપર સાહિબ, તુજ કરુણા, શુદ્ધ અરથ તે ભાખે;**
**તુજ આગમનો શુદ્ધ પ્રરૂપક, સુજસ અમિયરસ ચાખે રે.**
**જિનજી !૦ ॥૨૫॥**

**ગાથાર્થ** = હે સ્વામી ! જે પ્રાણી ઉપર આપની કૃપાદૃષ્ટિ છે તે પ્રાણી યથાર્થ વ્યાખ્યા કહે છે (પોતાના આજ્ઞાકારી અને અનાજ્ઞાકારી બે દીકરાઓ પ્રત્યે પિતાનો પ્રેમ સમાન હોવા છતાં આજ્ઞાકારી પુત્ર જગતમાં યશને પામે છે) તેમ આપના આગમનો જે શુદ્ધ પ્રરૂપક હોય તે પ્રાણી યશરૂપી અમૃતરસનો આસ્વાદ કરે. આના દ્વારા કવિએ પોતાનું નામ પણ સૂચવ્યું.

## ઢાળ-૨

(રાગ-જગજીવન જગવાલહો....)

અવતરણિકા - કુમતિ કહે છે અમે પ્રતિમાને વાંદીશુ પણ પૂજીશું નહીં. તેનો જવાબ આપે છે.

**તુજ આણા મુજ મન વસી,**
**જિહાં જિનપ્રતિમા સુવિચાર; લાલ રે,**
**રાયપસેણી સૂત્રમાં, સૂરિયાભતણો અધિકાર;**
**લાલ રે. તુજ૦ ॥૧॥**

**ગાથાર્થ** = શ્રી રાયપસેણી નામના બીજા ઉપાંગના સૂર્યાભ અધિકારમાં (જે પૂર્વભવમાં પરદેશી રાજાનો જીવ હતો તે પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયેલ) તે સૂર્યાભ નામે દેવતાએ પ્રતિમાની પૂજા કરી તેનો વિસ્તાર છે. તેથી હે વીર પરમાત્મા ! આપની આજ્ઞા જ મારા ચિત્તમાં વસેલી છે.

અવતરણિકા - તે સૂર્યાભ દેવતાએ દેવભવ પ્રાપ્ત કરતાની સાથે જ, સૌ પ્રથમ પોતાના આત્માના હિતાહિતનો વિચાર કર્યો છે. તેનો જ વિસ્તાર કરે છે -

**તે સુર અભિનવ ઉપન્યો, પૂછે સામાનિક દેવ; લાલ રે,**
**શું મુજ પૂરવ ને પછી, હિતકારી કહો તતખેવ; લાલ રે.**
**તુજ૦ ॥૨॥**

**ગાથાર્થ** = નવીન ઉત્પન્ન થયેલ તે સૂર્યાભ દેવતા ઉત્પન્ન થતાં જ સામાનિક દેવતાઓને પૂછે છે કે આ વિમાનમાં મારા માટે પહેલા અને પછી મોક્ષ માટે હિતકારી શું કરવા લાયક છે ? તે તત્કાલ મને કહો. (સૂર્યાભદેવ સૌધર્મ દેવલોકના ૩૨ લાખ વિમાનોમાંનું એક સૂર્યાભવિમાનનો ૪ પલ્યોપમ આયુષ્યવાળો ઈન્દ્ર છે.)

અવતરણિકા - ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપે છે.

**તે કહે એહ વિમાનમાં, જિનપડિમા દાઢા જેહ; લાલ રે,**
**તેહની તુમ્હે પૂજા કરો, પૂરવ પચ્છા હિત એહ, લાલ રે.**
**તુજ૦ ॥૩॥**

**ગાથાર્થ** = તે દેવતાઓ કહે છે કે આ વિમાનમાં જે જિનપ્રતિમા અને દાઢા = જિનેશ્વરની અસ્થિ છે તેની તમે પૂજા કરો એ જ તમારે મોક્ષ માટે પહેલા અને પછી હિત કરનારૂં છે. જિનપ્રતિમા સ્થાપના નિક્ષેપે ઉપકારી છે જ્યારે દાઢા = અસ્થિ વગેરે દ્રવ્યનિક્ષેપે ઉપકારી છે.

**પૂરવ પચ્છા શબ્દથી, નિત્ય કરણી જાણે સોય; લાલ રે,**
**સમકિતદષ્ટિ સદ્દહે, તે દ્રવ્યથકી કિમ હોય ? લાલ રે.**
**તુજ૦ ॥૪॥**

**ગાથાર્થ** = 'પહેલા અને પછી એ જ હિતકારી છે' એવું કહ્યું ત્યારે સૂર્યાભ દેવતા એમ જાણે છે કે આ મારે સદા કરવા યોગ્ય છે એટલે સદાકાળ પૂજા કરી. સમયગ્દષ્ટિ આત્મા જેમાં શ્રદ્ધા કરે તે દ્રવ્યથી શી રીતે હોય ?

અવતરણિકા - તે જ હવે સ્પષ્ટ કરી બતાવે છે.

**દ્રવ્યથકી જે પૂજિયાં, પ્રહરણ કોશાદિ અનેક; લાલ રે;**
**તેહથી બેઉ જૂદાં કહ્યાં, એ તો સાચો ભાવ વિવેક,**
**લાલ રે. તુજ૦ ॥૫॥**

**ગાથાર્થ** = તે પછી સૂર્યાભદેવે આત્મહિતકારી જે[૨] કર્તવ્યો હતાં તે[૨] ભાવપૂર્વક કર્યા (અર્થાત્ જિનપ્રતિમા અને જિનદાઢાની પૂજા કરી) અને ત્યારપછી શસ્ત્ર, ભંડાર વિગેરે અનેક દ્રવ્યોની દ્રવ્યથી પૂજા કરી. તેથી આ બન્ને જુદા કહ્યા છે તે જ સાચો ભાવવિવેક છે. (અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ આત્મા આત્મશુદ્ધિકારક દેવ-ગુરૂ અને ધર્મતત્ત્વની પ્રતિ ભાવથી આદરવાળો હોય છે.)

અવતરણિકા - તે ઉપર દ્રવ્ય અને ભાવનું દૃષ્ટાંત કહે છે.

**ચક્રરયણ જિણનાણની, પૂજા જે ભરતે કીધ; લાલ રે,**
**જિમ તિહાં તિમ અંતર ઈહાં, સમકિત દૃષ્ટિ સુપ્રસિદ્ધ, લાલ રે.**
**તુ૦ ॥૬॥**

**ગાથાર્થ** = જેમ ભરતરાજાએ ચક્રરત્ન અને શ્રીઋષભસ્વામીના કેવલજ્ઞાનની એમ બન્નેની પૂજા કરી. તેમાં આલોકના અને પરલોકના ઉપકારી જાણી કેવલજ્ઞાનની (પહેલા) ભાવથી પૂજા કરી તથા આલોકનું ઉપકારી જાણી ચક્રની (પછી) દ્રવ્યથી પૂજા કરી, તેમ અહીં પણ સમ્યગ્દૃષ્ટિના હૃદયમાં આ બન્ને વાત જુદી ભાસે છે.

**પહિલે ભવ પૂરવ કહે, જ્ઞાતા દર્દુર સંબંધ; લાલ રે,**
**પચ્છા કડુઅ વિષય કહ્યા, વળી મૃગાપુત્ર પ્રબંધ, લાલ રે.**
**તુ૦ ॥૭॥**

**ગાથાર્થ** = શ્રી જ્ઞાતાસૂત્ર નામે છઠ્ઠા અંગમાં દર્દુર સંબંધમાં દર્દુર (દેડકો) પૂર્વભવમાં નંદમણિકાર નામે પુરૂષ હતો અર્થાત્ પૂર્વ શબ્દથી ગતભવ બતાવ્યો. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં મૃગાપુત્રે માતા-પિતાને કહ્યું કે હે માતાપિતા ! મેં ભોગો ભોગવ્યા, તે વિષના ફળની ઉપમાવાળા આ ભોગો પરંપરાએ દુઃખને આપનારા છે અર્થાત્ પચ્છા શબ્દથી અનાગત ભવ બતાવ્યો.

અવતરણિકા - કુમતિ કહે છે કે તમે પૂર્વ પચ્છાનો જે રીતે અર્થ કર્યો તેમ અર્થ કરતાં આ ભવ તો ન આવ્યો. તેનો ઉત્તર આપે છે.

**આગમેસીભદ્દા કહ્યા, ગઈ ઠિઈકલ્લાણા દેવ; લાલ રે,**
**તસ પૂરવ પચ્છા કહે, ત્રિહું કાલે હિત જિન-સેવ, લાલ રે.**
**તુ૦ ॥૮॥**

**ગાથાર્થ** = કલ્લાણ શબ્દ ગઈ અને ઠિઈ બન્નેની સાથે જોડવો. જેથી ગઈકલ્લાણા = આગલી મનુષ્યગતિને વિષે કલ્યાણ છે, ઠિઈકલ્લાણા = વર્તમાન જે દેવતાનો ભવ છે ત્યાં પણ કલ્યાણ છે અને આગમેસિભદ્દા = આવતો ભવ ભદ્દા = કલ્યાણકારી છે તેથી ત્રણે ભવ આવ્યા. સૂર્યાભ દેવતા સમ્યગ્દષ્ટિ દેવ છે તે જિનપ્રતિમા અને જિનદાઢાને પૂજતાં, પૂર્વ અને પશ્ચાત્ કહેવાથી ત્રણે કાલે તેમને જિનની સેવા હિતકારી છે.

અવતરણિકા - હવે વ્યતિરેકથી પૂર્વ-પચ્છા શબ્દ દ્વારા અર્થાપત્તિથી ત્રિકાલ લઈએ છીએ તે બતાવે છે -

**જસ પૂરવ પચ્છા નહીં, મધ્યે પણ તસ સંદેહ; લાલ રે,**
**ઈમ પહિલે અંગે કહ્યું, સૂધો અર્થ તે એહ, લાલ રે.**
**તુજ૦ ॥૯॥**

**ગાથાર્થ** = શ્રી આચારાંગનામના પ્રથમ અંગમા કહ્યું છે કે જેને પૂર્વ અને પશ્ચાત્ નથી તેને મધ્યમાં પણ ક્યાંથી હોય ? તેથી સૂર્યાભ દેવતાને ત્રિકાલ (ભૂત-વર્તમાન-ભવિષ્ય) હિતકારી જિનપૂજા છે આ અર્થ બરાબર છે.

અવતરણિકા - વાંદવાના અધિકારમાં 'पेच्चाहियाए' શબ્દથી પરભવમાં હિત આવે પણ અહીં पच्छा શબ્દથી આ ભવ જ હિતકારી છે એમ કહેનારને જવાબ આપે છે.

**પચ્છાપેચ્ચાશબ્દનો, જે ફેર કહે તે દુટ્ઠ; લાલ રે,**
**શબ્દ તણી રચના ઘણી, પણ અરથ એક છે પુટ્ઠ, લાલ રે.**
**તુજ૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જેમ પેચ્છા શબ્દનો અર્થ પરભવ છે તેમ પચ્છા શબ્દનો અર્થ પણ પરભવ જ છે. જેઓ અર્થમાં ફેરફાર કરે છે તેઓ દુષ્ટ જાણવા. (કારણકે જેમ વંદનાના અધિકારમાં ક્યાંક

'पेच्चाहियाए' અને કયાંક 'ઈહભવે વા પરભવે વા અણુગામિયત્તાએ ભવિસ્સઈ' પાઠમાં પરભવ અને પેચ્ચા શબ્દમાં તફાવત નથી તેમ અહીં પણ તફાવત જાણવો નહિં.) યદ્યપિ શબ્દની રચના ઘણી છે પણ અર્થ તો એક જ છે.

અવતરણિકા - હવે સૂર્યાભ દેવતા આગળ શું કરે છે ? તે જણાવે છે.

**વાંચી પુસ્તક રત્નનાં, હવે લેઈ ધરમ વ્યવસાય; લાલ રે,**
**સિદ્ધાયતને તે ગયો, જિહાં દેવછંદાનો ઠાય, લાલ રે.**
**તુજ૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = સૂર્યાભ દેવતા હવે શાશ્વતા રત્નના પુસ્તક વાંચી ધર્મના ઉપકરણ લઈને સિદ્ધાયતનમાં જ્યાં દેવછંદાનું સ્થાન છે ત્યાં ગયો.

**જિનપ્રતિમા દેખી કરી, કરે શિર પ્રણામ શુભ બીજ; લાલ રે,**
**પુષ્પ-માલ્ય-ચૂર્ણે કરી, વસ્ત્રાભરણે વલી પૂજ, લાલ રે.**
**તુજ૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = જિનેશ્વરની પ્રતિમાને જોઈને મસ્તક નમાવવાવડે પુણ્યના બીજરૂપ પ્રણામ કરે. તેમજ પુષ્પ, માળા, વાસક્ષેપ, વસ્ત્ર અને અલંકારવડે પૂજા કરી.

**ફૂલ પગર આગે કરી, આલેખે મંગલ આઠ; લાલ રે,**
**ધૂપ દેઈ કાવ્યે સ્તવી, કરે શક્રસ્તવનો પાઠ, લાલ રે.**
**તુજ૦ ॥૧૩॥**

**ગાથાર્થ** = ત્યારબાદ ફુલના પગર ભરી અષ્ટમંગલ આલેખે. પછી ધૂપપૂજા કરીને, અપુનરૂક્ત એકસો આઠ કાવ્ય દ્વારા સ્તુતિ કરી છેલ્લે નમુત્થુણંનો પાઠ કહે છે.

અવતરણિકા - દેવની ક્રિયા માનવી જ ઘટે છે તે બતાવે છે -

**જેહના સ્વમુખે જિન કહે, ભવસિદ્ધિ પ્રમુખ છ બોલ; લાલ રે,**
**તાસ ભગતિ જિનપૂજનના, નવિ માને તેહ નિટોલ, લાલ રે.**
**તુજ૦ ॥૧૪॥**

ગાથાર્થ = ત્યારબાદ શ્રી મહાવીર પ્રભુને, પોતાના આત્મહિતની ચિંતાથી સૂર્યાભદેવતાએ છ પ્રશ્નો પૂછ્યા.

શ્રી મહાવીરસ્વામી પરમાત્માએ સ્વમુખે જે સૂર્યાભ દેવતાના છ બોલ = જવાબ કહ્યા છે. (૧ તું ભવ્ય છે. ૨ સમકિતી છે. ૩ પરિત્તસંસારી છે. ૪ સુલભ બોધિ છે. ૫ આરાધક છે અને ૬ ચરમ છે.) તે સૂર્યાભ દેવતાની જિનપૂજાદિ ભક્તિને જે પુરૂષ માન્ય ન રાખે તે પુરૂષ નિટોલ(અટોલ) જાણવો.

અવતરણિકા - હવે સૂર્યાભ દેવતાની ભક્તિ બતાવે છે -

**પ્રભુ આગળ નાટક કર્યું, ભગતિ સૂરિયાભે સાર; લાલ રે,**
**ભગતિતણાં ફળ શુભ કહ્યાં, શ્રી ઉત્તરાધ્યયન મોઝાર,**
**લાલ રે. તુજ૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = સૂર્યાભ દેવતાએ પ્રભુની આગળ ભક્તિપૂર્વક નાટક કર્યુ (અને પરમાત્માને પૂછ્યું કે હે દેવાનુપ્રિયે ! હું ભક્તિપૂર્વક ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થને બત્રીસ નાટકવિધિ દેખાડું ?) શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભક્તિપૂર્વક ક્રિયા કરવાના શુભ ફળ કહ્યા છે. (સાધર્મિકની-ગુરૂની સેવા કરવાથી, ગુર્વાદિકના અવર્ણવાદ ન બોલવાથી, નરક તિર્યંચની યોનિ તથા મનુષ્ય અને દેવતાની દુર્ગતિને રૂંધે. તેમજ તેમની પ્રશંસા કરવાથી, બહુમાનાદિથી મનુષ્ય, દેવતાની સદ્‌ગતિ, રત્નત્રયીની વિશુદ્ધિ, ઘણા પ્રાણીઓને વિનયવાન કરે અને પરંપરાએ મુક્તિને સાધે.)

અવતરણિકા - સૂર્યાભ દેવતાની જેમ બીજા દેવ-દેવીઓએ ભક્તિ કરી તે બતાવે છે-

**અંગ ઉપાંગે ઘણે કહી, એમ દેવ-દેવીની ભક્તિ; લાલ રે,**
**આરાધકતા તેણે થઈ, ઈહાં તામલી ઈંદ્રની યુક્તિ, લાલ રે.**
**તુજ૦ ॥૧૬॥**

**ગાથાર્થ** = અંગ અને ઉપાંગમાં ઘણા સ્થાને દેવ-દેવીઓની ભક્તિનું વર્ણન આવે છે. તામલી તાપસ પોતાના તપના કષ્ટને સહન કરવાથી બીજા દેવલોકમાં ઈંદ્ર થયા. તે ઈંદ્રના ભવમાં પરમાત્માની આગળ ભક્તિપૂર્વક નાટક કર્યું. તે જ તેની આરાધકતા જાણવી.

અવતરણિકા - પ્રતિમા એ જિનેશ્વરનો સ્થાપના નિક્ષેપો હોવાથી પૂજનીય છે તેમ જિનદાઢાદિ પણ અજીવ હોવા છતાં પૂજનીય છે તે જણાવે છે -

**ભક્તિ જીતધર્મે કરી, લિયે દાઢા અવર જિન અંગ; લાલ રે,**
**થૂભ રચે સુર ત્રણ તે, કહે જંબૂપન્નતી ચંગ, લાલ રે.**
**તુજ૦ ॥૧૭॥**

ગાથાર્થ = કેટલાક દેવતાઓ પરમાત્માની ભક્તિ જાણીને, કેટલાક પોતાનો જીતવ્યવહાર = આચાર જાણીને, કેટલાક પોતાનો ધર્મ જાણીને જિનેશ્વરના અંગ = દાઢા, હાડકા, દાંત પ્રમુખને ગ્રહણ કરે છે. વળી કેટલાક દેવતા પરમાત્માના ત્રણ સ્તૂપ રચે છે. એમ મનોહર એવા શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં કહ્યું છે.

અવતરણિકા - આ જ વાતને વધારે સ્પષ્ટ કરે છે-

**શતક દશમે અંગ પાંચમે, ઉદ્દેશે છટ્ઠે, ઇંદ; લાલ રે,**
**દાઢ તણી આશાતના, ટાળે તે વિનય અમંદ, લાલ રે.**
**તુજ૦ ||૧૮||**

ગાથાર્થ = શ્રી ભગવતીસૂત્ર નામના પાંચમા અંગના દશમાં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં કહ્યું છે કે ચમરેન્દ્ર પ્રમુખ ઇંદ્ર દાઢાની આશાતનાઓ ટાળે છે આ તેમનો આકરો વિનય જાણવો અર્થાત્ સુધર્માસભામાં પરમાત્માની દાઢાઓ હોવાથી ચમરેન્દ્ર પ્રમુખ દેવતા દાઢાની આશાતના ટાળવા માટે વિષયસેવન કરતા નથી.

**સમકિતદષ્ટિ સુર તણી, આશાતના કરશે જેહ; લાલ રે,**
**દુર્લભબોધિ તે થશે, ઠાણાંગે ભાખ્યું એહ, લાલ રે.**
**તુજ૦ ||૧૯||**

**ગાથાર્થ** = શ્રી ઠાણાંગ નામના ત્રીજા અંગમા કહ્યું છે કે જે પ્રાણી સમ્યગ્દષ્ટિ દેવતાના અવર્ણવાદ વિગેરે આશાતના કરશે તે પ્રાણી દુર્લભબોધિ થશે.

**તેહને જશ બોલ્યે કહ્યું, વળી સુલભબોધિતા થાય; લાલ રે,**
**તેણે પૂજાદિક તેહનાં, કરણી શિવહેતુ કહાય, લાલ રે.**
**તુજ૦ ||૨૦||**

**ગાથાર્થ** = (શ્રી ઠાણાંગસૂત્રમાંથી આટલો પાઠ અર્થગમ્યથી લઈએ કે) જે પ્રાણી સમ્યગ્દષ્ટિ દેવતાનો વર્ણવાદ=ગુણાનુવાદને કરે તે પ્રાણી સુલભબોધિ થાય અર્થાત્ બોધિબીજની સામગ્રી એને જલ્દી મળે. તેથી સમ્યગ્દષ્ટિ દેવતાની ''તીર્થંકર પરમાત્માનો જન્મ મહોત્સવ, સમવસરણાદિક ગમન, પૂજા વિગેરે'' ક્રિયા મોક્ષનું કારણ જાણવી.

અવતરણિકા - જેઓ દેવતાની ક્રિયાને માનતા નથી તેઓ જૈનશૈલીના અજાણ છે તે સમજાવે છે -

**તપ સંયમ તરૂસમ કહ્યાં, ફલસમ તે શિવસુરશર્મ; લાલ રે,**
**સુરકરણી માને નહીં, નવિ જાણ્યો તેણે એ મર્મ, લાલ રે.**
**તુજ૦ ॥૨૧॥**

**ગાથાર્થ** = તપશ્ચર્યા અને સંયમ વૃક્ષસમાન છે, દેવલોકના અને મોક્ષના સુખ તેના ફળ સમાન છે જેઓ દેવતાની આ ક્રિયાને માનતા નથી તેઓએ આ કાર્ય-કારણભાવના સંબંધના ગુહ્યાર્થને=રહસ્યને જાણ્યો નથી.

અવતરણિકા - કુમતિ કહે છે કે દેવતામાં સાચી સમજણ ન હોવાથી તેઓ પૂજા કરે પણ અમે સમજુ થઈને પૂજા શી રીતે કરીએ ? તેનો જવાબ આપે છે.

**દશવૈકાલિકે નર થકી, સુર અધિક વિવેક જણાય; લાલ રે,**
**દ્રવ્યસ્તવ તો તેણે કર્યા, માને તસ સુજશ ગવાય, લાલ રે.**
**તુજ૦ ॥૨૨॥**

**ગાથાર્થ** = શ્રી દશવૈકાલિકસૂત્રના આધારે મનુષ્ય કરતાં પણ દેવતાઓમાં વિવેક વધારે હોય છે. દ્રવ્યસ્તવ = પ્રભુપૂજા અને પ્રભુભક્તિ દેવતાઓ કરે છે તો આપણે પણ પ્રભુપૂજાદિ દ્રવ્યસ્તવ કરવા જોઈએ એમ જે માનવી માને છે તેનો યશ જગતમાં ગવાય છે. તેમજ ગ્રંથકારશ્રી એ યશ એવું પોતાનું નામ પણ સૂચવ્યું.

## ઢાળ-૩

(રાગ : સંભવ ! જિનવર ! વિનતિ....)

અવતરણિકા - બીજી ઢાળમાં દેવતા સંબંધી પૂજાનો અધિકાર કહ્યો. હવે દેવતાની પ્રભુપૂજા વિષે જે પણ આડુ-અવળું બોલે છે તેને (કુમતિને) સિદ્ધાંતની સાક્ષીએ મનુષ્યનો અધિકાર આ ઢાળમાં બતાવે છે આ સંબંધથી ત્રીજી ઢાળ શરૂ થાય છે.

**શાસન તાહરૂં અતિ ભલું, જગ નહીં કોઈ તસ સરખું રે,**
**તિમ-તિમ રાગ ઘણો વધે, જિમ જિમ જુગતિશું પરખું રે.**
**શાસન તાહરૂં અતિ ભલું૦ ॥૧॥**

**ગાથાર્થ** = હે પરમાત્મા ! આપનું શાસન (મોક્ષમાર્ગના હેતુભૂત રત્નત્રયીની આરાધનાની વ્યવસ્થારૂપ પરમાત્માની આજ્ઞા) ઘણું રૂડું છે તેની તુલનામાં આવે એવું આ જગતમાં કશું ય નથી. જેમ જેમ યુક્તિથી તેની પરીક્ષા કરૂં છું તેમ તેમ શાસન પ્રત્યે મારો રાગ ઘણો વધતો જાય છે.

**શ્રી અરિહંત અને તેહનાં, ચૈત્ય નમું ન અનેરા રે;**
**અંબડ ને તસ શિષ્યનાં, વચન ઉવવાઈ ઘણેરાં રે.**
**શાસન૦ ॥૨॥**

**ગાથાર્થ** = શ્રી આચારાંગસૂત્રના પ્રથમ શ્રી ઉવવાઈ ઉપાંગમાં જણાવ્યું છે કે શ્રી અંબડ પરિવ્રાજક અને તેમના શિષ્યોએ કહ્યું કે શ્રી અરિહંત = વીતરાગ પરમાત્મા અને શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમા સિવાય અન્યદર્શની કે અન્યદર્શનીની પ્રતિમાને નમસ્કાર નહીં કરૂં.

અવતરણિકા - હવે તે મૂર્ખ લોકો ચૈત્ય શબ્દનો અર્થ ફેરવે છે -

**'ચૈત્ય' શબ્દતણો અરથ તે, પ્રતિમા નહીં કોઈ બીજો રે;**
**જેહ દેખી ગુણ ચિંતિએ, તેહ જ ચૈત્ય પતીજો રે.**
**શાસન૦ ॥૩॥**

**ગાથાર્થ** = ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા થાય પણ બીજો કોઈ અર્થ થતો નથી. પ્રતિમાને જોઈને પરમાત્માના ગુણ અથવા પોતાના જ્ઞાનાદિક ગુણો વિચારવા જોઈએ. જે ગુણોને વિચારે તેમને જ ચૈત્યની પ્રતીતિ થાય.

**ઈમ જ આલાવે આણંદને, જિનપ્રતિમા નતિ દીસે રે;**
**સપ્તમ અંગના અર્થથી, તે નમતાં મન હીંસે રે.**
**શાસન૦ ॥૪॥**

**ગાથાર્થ** = સપ્તમ શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં આનંદ શ્રાવકના આલાવામાં કહ્યું છે કે આનંદ શ્રાવક શ્રી જિનપ્રતિમાને નમ્યા છે અને શ્રી જિનપ્રતિમાને નમતાં હર્ષ પામે છે.

અવતરણિકા - જેણે પરતીર્થીકોના દેવની પ્રતિમાને વાંદવાનો નિષેધ કર્યો તેણે જિનપ્રતિમાને પણ વાંદી નથી તેનો જવાબ આપે છે -

**પરતીર્થી સુર તેહની, પ્રતિમાની નતિ વારી રે;**
**તેણે મુનિ જિન પ્રતિમા તણી, વંદન ❖નીતિ નિરધારી રે.**
**શાસન૦ ॥૫॥**

**ગાથાર્થ** = પરતીર્થીઓના દેવતાની પ્રતિમાને નમસ્કાર કરવાનો નિષેધ કર્યો છે તે જ વાક્યથી જણાય છે કે મુનિ અને જિનપ્રતિમાને, વંદન તથા નમસ્કાર કરવાનો નિર્ધાર કર્યો છે.

---

❖ નતિ-ટબામાં

અવતરણિકા - કુમતિ કહે છે કે ચૈત્ય શબ્દથી મુનિ કહીએ તેનો જવાબ આપે છે -

**પરતીર્થીએ જે પરિગ્રહ્યા, મુનિ તે તો પરતીર્થી રે;**
**ત્રણ શરણમાંહિ ચૈત્ય તે, કહે પ્રતિમા શિવઅર્થી રે.**
**શાસન૦ ||૬||**

**ગાથાર્થ** = પરતીર્થિકોએ ગ્રહણ કરેલા મુનિ પરતીર્થિક જ કહેવાય અર્થાત્ પરતીર્થીને વંદનાના નિષેધથી પરતીર્થિક મુનિને પણ વંદનનો નિષેધ થઈ જ જાય છે. મોક્ષના અર્થી જીવો ત્રણ શરણમાં (૧-અરિહંત ૨-ચૈત્ય અને ૩-અણગાર આ ત્રણ શરણમાં) ચૈત્ય તે પ્રતિમા છે એમ કહે છે. (જો ચૈત્ય શબ્દથી મુનિ ગ્રહણ કરવાના હોત તો ત્રણ શરણમાં અણગાર = મુનિને જુદા કેમ ગ્રહણ કર્યા ?)

અવતરણિકા - અન્યતીર્થીના ચૈત્યને નહીં વાંદુ. એમ કહ્યું ત્યાં કોઈક કુમતિ કહે છે કે ચૈત્યશબ્દથી જિનપ્રતિમા કહેશો તો આલાવામાં કહ્યા પ્રમાણે 'તેહને બોલાવીશ નહીં, અન્નાદિક આપીશ નહીં' તે કેવી રીતે ઘટશે ? તેનો જવાબ આપતાં કહે છે -

**'દાન કિશું પ્રતિમા પ્રતિ ? એમ કહે જે છલ હેરી રે;**
**ઉત્તર તાસ સંભવ તણી, શૈલી છે સૂત્ર કેરી રે.**
**શાસન૦ ||૭||**

ગાથાર્થ = પ્રતિમા પ્રત્યે શું દાન આપવું ? એમ જે કહે છે તે તો છલને હેરનારા છે. તેનો ઉત્તર આપે છે કે જ્યાં જે અર્થ સંભવે તે જોડવું જોઈએ. આ પ્રમાણે સૂત્રની શૈલી છે અન્યથા અર્થનો અનર્થ થાય અર્થાત્ વંદના, નમસ્કાર તે અર્થ અન્યતીર્થી પ્રતિમાની સાથે જોડાય અને દાનાદિક અર્થ તે અન્યતીર્થીકની સાથે જ જોડાય પણ પ્રતિમાની સાથે જોડાય નહીં.

અવતરણિકા - તે સંભવ ઉપર સૂત્રાંતરનો પાઠ બતાવે છે.

**દશવિધ બહુવિધ જિન કહ્યુ, વૈયાવચ્ચ જહ જોગે રે;**
**દશમે તે અંગે તથા ઈહાં, જોડીએ નય ઉપયોગે રે.**
**શાસન૦ ॥૮॥**

**ગાથાર્થ** = વૈયાવચ્ચ દશ પ્રકારે અને ઘણા પ્રકારે કહી છે પણ દશમાં શ્રી પ્રશ્નવ્યાકરણ નામના અંગમાં "જેહને જેવી વૈયાવચ્ચ ઘટે તેની તેવી વૈયાવચ્ચ કરવી." એમ કહ્યું છે તેમ અહીં પણ જ્યાં જેવો નય ઘટે ત્યાં ઉપયોગ રાખી તેવો અર્થ કરવો. (અર્થાત્ અન્યતીર્થિક ચૈત્યે વંદના તથા અશનાદિક દાન દેવું અને ચૈત્ય = જિનપ્રતિમાને વંદના કરવી એમ અર્થ ઘટે છે).

**સાધુને જિનપ્રતિમા તણું, વૈયાવચ્ચ તિહાં બોલ્યું રે;**
**તેહ અરથથકી કુમતિનું, હિયડું કાંઈ ન ખોલ્યું રે.**
**શાસન૦ ॥૯॥**

**ગાથાર્થ** = શ્રી પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં સાધુને જિનપ્રતિમાની વૈયાવચ્ચ = અરિહંતની પ્રતિમા, કુલ, ગણ, સંઘના અવર્ણવાદ, હીલના, વિરાધના કરે તેને ઉપદેશાદિ આપીને વિરાધના ટાળવા દ્વારા વૈયાવચ્ચ કહી. આ રીતે અર્થ કહેવા છતાં જિનવચન ઉત્થાપક કુમતિના હૈયામાં થોડો પણ ઉઘાડ થયો નહીં.

**સંઘ તણી જિમ થાપના, વૈયાવચ્ચ જસ વાદો રે;**
**જાણીએ જિનપ્રતિમાતણું, તિમ ઈહાં કવણ વિવાદો રે ?**
**શાસન૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જેમ સંઘની સ્થાપના કરવી, સંઘનો યશ કહેવો=પ્રશંસા કરવી એ સંઘની વૈયાવચ્ચ છે તેમ જિનપ્રતિમાની વૈયાવચ્ચને વિષે પણ જાણવું. એમ અહીં સીધો અર્થ લઈએ તો શું વિવાદ છે ?

**ઈમ સવિ શ્રાવક સાધુને, વંદનનો અધિકારો રે;**
**સૂત્રે કહ્યો પ્રતિમાતણો, હવે કહું પૂજા વિચારો રે.**
**શાસન૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = એમ સર્વ શ્રાવક અને સાધુએ જિનપ્રતિમાને વંદના કરવી જોઈએ. એ અધિકાર સૂત્રમાં અમે કહ્યું. હવે પૂજાનો અધિકાર કહું છું. (પહેલા સૂર્યાભાદિ દેવતાએ પ્રતિમાની પૂજા કરી એમ કહ્યું છે પણ હવે મનુષ્યનો અધિકાર કહેવાશે.)

અવતરણિકા - તેમાં દૃષ્ટાંત બતાવે છે -

**યાગ અનેક કર્યા કહ્યા, શ્રી સિદ્ધારથરાજે રે;**
**તે જિનપૂજના કલ્પમાં, પશુના યાગ ના છાજે રે.**
**શાસન૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે શ્રી સિદ્ધાર્થ રાજાએ યાગ = જિનેશ્વરની પૂજા અનેક પ્રકારે કરી છે. અહીં દુષ્ટ કુમતિ યાગ = પશુને હોમવું બતાવે છે. તે યોગ્ય લાગતું નથી. (કારણકે જિનેશ્વરના પિતા યાગ = પશુને હોમવું, એમ કદાપિ બતાવે નહીં પણ યાગ = જિનપૂજા લાખો પ્રકારે પણ બતાવે તે જ યોગ્ય લાગે છે.)

અવતરણિકા - તેમાં આચારાંગની સાક્ષી બતાવે છે.

**શ્રી જિન પાસને તીરથે, શ્રમણોપાસક તેહો રે;**
**પ્રથમ અંગે કહ્યો તેહને, શ્રીજિનપૂજાનો નેહો રે.**
**શાસન૦ ॥૧૩॥**

**ગાથાર્થ** = ત્રેવીશમાં શ્રી પાર્શ્વનાથસ્વામીના તીર્થમાં શ્રી સિદ્ધાર્થરાજા અને ત્રિશલારાણીને શ્રમણોપાસક = શ્રાવક કહ્યા છે એમ શ્રી આચારાંગનામના પ્રથમ અંગમાં કહ્યું છે. એ રીતે તે શ્રી સિદ્ધાર્થરાજા અને ત્રિશલારાણીને શ્રી જિનપૂજાનો સ્નેહ ઘટે છે. તેઓ શ્રાવક હોવાથી બીજા યાગ = પશુના વધાદિ શા માટે કરે ? (તે સિદ્ધાર્થરાજા અને ત્રિશલારાણી શ્રાવકપણું પાળીને મરણ પામી બારમા અચ્ચુતદેવલોકમાં જશે. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ આઠે કર્મનો નાશ કરી મોક્ષમાં જશે.)

અવતરણિકા - શ્રી જ્ઞાતાસૂત્રનો પાઠ બતાવે છે -

**શ્રેણિક મહાબલ પ્રમુખના, ઈમ અધિકાર અનેકો રે;**
**છઠ્ઠે અંગે વળી દ્રૌપદી, પૂજે પ્રગટ વિવેકો રે.**
**શાસન૦ ॥૧૪॥**

**ગાથાર્થ** = શ્રી સિદ્ધાંતમાં શ્રેણિકરાજા અને મહાબલ પ્રમુખના શ્રી જિનેશ્વર પરમાત્મા અને શ્રી જિનેશ્વર પરમાત્માની પ્રતિમાઓને વંદન-પૂજન-નમસ્કારાદિ ભક્તિ કર્યાના અનેક અધિકાર છે. શ્રી જ્ઞાતાસૂત્રનામના છઠ્ઠા અંગમાં પાઠ છે કે દ્રૌપદીને વિવેક પ્રગટ થયે છતે શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા કરી છે.

અવતરણિકા - કુમતિ કહે કે દ્રૌપદી શ્રાવિકા ન્હોતી માટે તેણે પૂજા કરી એમાં નવાઈ શું ? તેના જવાબમાં દ્રૌપદી શ્રાવિકા છે તે બતાવે છે -

**નારદ દેખીને નવિ થઈ, ઉભી તેહ સુજાણ રે;**
**જાણીએ તેણે તે શ્રાવિકા, અક્ષર એહ જ પ્રમાણ રે.**
**શાસન૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = શ્રી જ્ઞાતાસૂત્રના આલાવામાં જણાવ્યું છે કે કચ્છુલ નામે નવમાં નારદજી આવ્યા ત્યારે તેમને અસંયમી, અવિરત જાણીને તેમનો આદર કરવારૂપે દ્રૌપદી ઉભી પણ થઇ નથી. એ જ અક્ષરરૂપ આગમપ્રમાણે તે (દ્રૌપદી) શ્રાવિકા છે. અન્યથા = શ્રાવિકા વિના અસંયમી આગળ ઉભા ન થવું વિગેરે કેવી રીતે જાણી શકે ?

અવતરણિકા - વળી તે દ્રૌપદી શ્રાવિકા છે તેનું બીજુ પ્રમાણ બતાવે છે -

**આંબિલ અંતર છઠનું, ઉપસર્ગે તપ કીધું રે;**
**કિમ નવિ કહીએ તે શ્રાવિકા ? ધર્મે કારજ સીધું રે.**
**શાસન૦ ॥૧૬॥**

**ગાથાર્થ** = (અમરકંકામાં દ્રૌપદીને લઈ ગયા તે) ઉપસર્ગ આવતે છતે દ્રૌપદીએ છ માસ સુધી છઠને પારણે છઠ અને પારણામાં આયંબિલ એવું તપ કર્યું. વળી ધર્મથી જેનું કાર્ય પણ સિદ્ધ થઇ ગયું તે દ્રૌપદી શ્રાવિકા કેમ ન કહેવાય ?

અવતરણિકા - દૃષ્ટાંત આપીને દ્રૌપદીને શ્રાવિકા ઠરાવે છે -

**રાયકન્યા કહી શ્રાવિકા, ન કહી ઇમ જે ભૂલે રે;**
**રાજીમતી કહી તેહવી, તિહાં સંદેહ તે ઝૂલે રે.**
**શાસન૦ ॥૧૭॥**

**ગાથાર્થ** = દ્રૌપદીને રાજકન્યા કહી છે પણ શ્રાવિકા કહી નથી. એમ કહેનાર ભૂલ કરે છે જેમ કે-રાજીમતી સાધ્વી હોવા છતાં પણ તેને રાજકન્યા કહી છે. (અથવા શ્રી જ્ઞાતાસૂત્રમાં શ્રી મલ્લિનાથને રાજકન્યા કહી છે તેથી શું તેમનું શ્રાવિકાપણું કે સાધ્વીપણું જતુ રહ્યું ?) તેમ દ્રૌપદી પણ જાણવી. આ દૃષ્ટાંતથી સંદેહ દૂર થઇ જાય છે.

**હરિ પરે કર્મ નિયાણનું, ઈહ ભવે ભોગ ન નાસે રે;**
**સમકિત લહે પરણ્યા પછી, કહે તે શું ન વિમાસે રે.**
**શાસન૦ ॥૧૮॥**

**ગાથાર્થ** = શ્રી કૃષ્ણે પૂર્વે વાસુદેવનું નિયાણું કર્યું હતું. તે વાસુદેવપદવી આ ભવપર્યન્ત ભોગવ્યા વિના નાશ ન પામે પણ તેમાં સમકિતને બાધ નથી. (તેમ દ્રૌપદીએ પાંચ ભર્તારનું નિયાણું કર્યું હતું તે પાંચ ભર્તાર થયા વિના નાશ ન પામે) દ્રૌપદી પરણ્યા પછી સમકિત પામી એમ કહે છે તો આ વાત કેમ વિચારતા નથી ?

**જિણઘર કેણે કરાવિયું ? તિહાં પ્રતિમાને પઈટ્ઠા રે;**
**તેહની પૂજા તે કુણ કરે ? એમ પરખે તે ગરિટ્ઠા રે.**
**શાસન૦ ॥૧૯॥**

**ગાથાર્થ** = શ્રાવક સિવાય શ્રી જિનેશ્વર પરમાત્માનું દહેરાસર કોણ કરાવે ? તેમાં પ્રતિમાની પ્રતિષ્ઠા અને તે પ્રતિમાની પૂજા કોણ કરે ? એમ જે વિચાર કરે તે મહાન જાણવા. (પણ વિચાર્યા વિના જેમ તેમ બોલે તે હલ્કા પુરૂષ જાણવા.)

**વર નવિ માગ્યો પૂજતાં, શક્રસ્તવે શિવ માગે રે;**
**ભક્તિ સમી સૂરિયાભને, વિરતિ વિશેષથી જાગે રે.**
**શાસન૦ ॥૨૦॥**

**ગાથાર્થ** = દ્રૌપદીએ જિનપ્રતિમાને પૂજતા શ્રેષ્ઠવર (પતિ) માગ્યો નથી પણ નમુત્થુણં દ્વારા સ્તુતિ કરતાં મોક્ષપદની માગણી કરી છે. તેમજ જ્યાં દ્રૌપદીની જિનભક્તિ સૂર્યાભ દેવતાની જિનભક્તિ સમાન જણાવી છે પરંતુ દ્રૌપદી તો દેશવિરતિધર હોવાથી સૂર્યાભદેવતા કરતાં પણ તેની ભક્તિ વિશેષ જાણવી.

**ધર્મ વિનય અરિહંતનો, ઈમ એ લોગ ઉવયારો રે;**
**સંભવે સર્વને જાણીએ, સમકિત શુદ્ધ આચારો રે.**
**શાસન૦ ॥૨૧॥**

**ગાથાર્થ** = ધર્મ એ અરિહંતનો લોકોપચાર વિનય છે. જેહને જે સંભવે તેને માટે તે જાણવું અર્થાત્ સાધુને, દેશવિરતિને અને સમકિતીને પોતપોતાને યોગ્ય (પોતાની મર્યાદા પ્રમાણે) ધર્મ સમજવો. જિનપૂજા સમકિતીનો જ શુદ્ધ આચાર છે.

**આણંદનો વિધિ નવિ કહ્યો, રાયપ્રદેશીને પાઠે રે;**
**સંભવ સર્વ ન માનશે; વીંટાશે તેહ આઠે રે.**
**શાસન૦ ॥૨૨॥**

**ગાથાર્થ** = સાતમાં અંગમાં આણંદ શ્રાવકના અધિકારમાં સમકિતવ્રત ઉચ્ચરવાનો વિધિ કહ્યો છે તે રીતે શ્રી રાયપસેણીસૂત્રમાં પ્રદેશી રાજાના પાઠમાં કહ્યું નથી. તેથી શું આણંદ શ્રાવકે જેમ સમકિતવ્રત ઉચ્ચર્યું તેમ શું પ્રદેશી રાજાએ ઉચ્ચર્યું નથી? એમ માનવું. તેથી જેને જે સંભવી શકે તે માનવું. જે યથાસંભવ નહીં માને તે પ્રાણી આઠે પ્રકારના કર્મને બાંધે છે.

અવતરણિકા - વળી એ જ યથાસંભવ બતાવે છે -
**પડિકમણાદિક ક્રમ નહીં, પાઠે સપ્તમ અંગે રે;**
**પઢમ અણુયોગથી પ્રકરણે, સર્વ કહ્યું વિધિ રંગે રે.**
**શાસન૦ ॥૨૩॥**

**ગાથાર્થ** = સાતમાં શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં શ્રાવકને માટે પ્રતિક્રમણાદિનો કોઈ ક્રમ બતાવ્યો નથી. (તો શ્રાવક પ્રતિક્રમણાદિક ક્રિયા કયા સૂત્રોના આધારે કરે?) શ્રી દૃષ્ટિવાદસૂત્રના ચોથા ભેદના (અનુયોગના) પ્રથમ ભેદના આધારે પ્રકરણમાં ઉપકારના હેતુથી પૂર્વાચાર્યે સર્વવિધિ બતાવેલ છે.

અવતરણિકા - હવે સિદ્ધાંતની શૈલી બતાવે છે-

**કિહાં એક એક દેશ જ ગ્રહે, કિહાંએક ગ્રહે તે અશેષો રે;**
**કિહાંએક ક્રમ ઉત્ક્રમ ગ્રહે, એ શ્રુતશૈલી વિશેષો રે.**
**શાસન૦ ॥૨૪॥**

**ગાથાર્થ** = શાસ્ત્રમાં કોઈ સ્થાને વસ્તુનો દેશ જ ગ્રહણ કરે અર્થાત્ પદાર્થને સામાન્યથી સમજાવેલ હોય, કોઈ સ્થાને સમસ્ત વસ્તુને ગ્રહણ કરે અર્થાત્ પદાર્થને વિસ્તારથી સમજાવેલ હોય, કોઈ સ્થાને અનુક્રમે અને કોઈ સ્થાને પશ્ચાનુપૂર્વીથી ગ્રહણ કરે. આ સિદ્ધાંતની શૈલી વિશેષ છે.

અવતરણિકા - હવે ઉપસંહાર કરતાં કહે છે -

**શાસનની જે પ્રભાવના, તે સમકિતનો આચારો રે;**
**શ્રી જિનપૂજાએ જે કરે, તે લહે સુજશ ભંડારો રે.**
**શાસન૦ ॥૨૫॥**

**ગાથાર્થ** = જિનશાસનની પ્રભાવના કરવી તે સમકિતનો આચાર છે. વળી જે આત્મા જિનપૂજા, તીર્થયાત્રા, સંઘ કાઢવાદિ દ્વારા જિનશાસનની પ્રભાવના કરે છે તે આત્મા સમ્યગ્યશનો ભંડાર પામે. આ રીતે ગ્રંથકાર શ્રી એ યશ એવું પોતાનું નામ પણ જણાવ્યું.

## ઢાળ - ૪

(રાગ-ઝાંઝરીયા મુનિવર! ધન ધન તુમ અવતાર....)

અવતરણિકા - ત્રીજી ઢાળમાં પૂજાનો અધિકાર જણાવ્યો છે. કુમતિ જિનપૂજામાં હિંસા માને છે તેનો જવાબ આપવા રૂપે આ ચોથી ઢાળ છે.

**કોઈ કહે જિનપૂજતાંજી, જે ષટ્કાય આરંભ;**
**તે કિમ શ્રાવક આચરેજી? સમકિતમાં થિરથંભ;**
**સુખદાયક તોરી આણા મુજ સુપ્રમાણ. ટેક. ॥૧॥**

**ગાથાર્થ** = કોઇ (ઢુંઢીયા=કુમતિ) કહે છે કે સમકિતગ દૃઢ એવો શ્રાવક છકાય જીવોની હિંસાથી થતી શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા શી રીતે આચરી શકે ? હે સુખને આપનારા! આપની આજ્ઞા એ જ મારે પ્રમાણ છે.

અવતરણિકા - તેનો જવાબ આપતા કહે છે-

**તેહને કહીએ જતના ભક્તિ, કિરિયામાં નહિ દોષ;**
**પડિકમણે મુનિદાન વિહારે, નહીં તો હોય તસ પોષ.**
**સુખ૦ ॥૨॥**

**ગાથાર્થ** = જે ક્રિયામાં જયણા અને ભક્તિ હોય તે ક્રિયા કરવામાં દોષ નથી. કદાચ પૂજામાં હિંસામા દોષ બતાવે તો પ્રતિક્રમણ કરતાં, મુનિ ભ. ને દાન આપતા અને વિહાર કરતા હિંસા થાય છે. (પ્રતિ૦માં ઉઠતા-બેસતા વાઉકાયની, દાન દેતા અને વિહાર કરતા પૃથ્વીકાયાદિક છકાયની વિરાધના થાય છે.) તેથી તે પ્રતિક્રમણાદિ પણ કરવા યોગ્ય નથી એમ કહેવું પડશે. તેથી સિદ્ધ થાય છે કે જયણાપૂર્વક અને ભક્તિપૂર્વક ક્રિયા કરવામાં દોષ નથી.

અવતરણિકા - તે ઉપર દૃષ્ટાંત બતાવે છે-

**સાહમીવચ્છલ પકિખયપોસહ, ભગવઇ અંગ પ્રસિદ્ધ;**
**ઘર નિર્વાહ ચરણ લિયે તેહનાં; જ્ઞાતામાંહિ હરિ કીધ.**
**સુખ૦ ॥૩॥**

**ગાથાર્થ** = શ્રી ભગવતી સૂત્રના બારમાં શતકના પહેલા ઉદ્દેશામાં જણાવે છે કે સાવત્થીનગરીમાં શ્રી મહાવીરસ્વામી પરમાત્મા સમવસર્યા ત્યારે શંખ વિગેરે ઘણા શ્રાવકો દેશના સાંભળીને ઘેર ગયા પછી સ્વામીવાત્સલ્ય કર્યા અને શંખ

શ્રાવકે પક્ખીનો નિરાહાર પૌષધ કર્યો. શ્રી જ્ઞાતાસૂત્રમાં કહ્યું છે કે શ્રી કૃષ્ણમહારાજા કહે છે કે જે થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા લેશે તેના ઘરના નિર્વાહની ચિંતા કૃષ્ણ કરશે તેથી કોઈના અટકાવ્યા તમે રહેશો નહી. (તેથી એક હજાર પુરૂષોએ થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા લીધી. એમના ઘરનો નિર્વાહ કૃષ્ણ મ. કર્યો. તેમાં કૃષ્ણ મ. ને હિંસા લાગે કે નહિં? )

**કુણિકરાય ઉદાયન કીધાં, વંદનમહ સુવિવેક;**
**ણ્હાયા કય બલિકમ્મા કહિયા, તુંગીયશ્રાદ્ધ અનેક.**
**સુખ૦ ॥૪॥**

**ગાથાર્થ** = શ્રી વીરસ્વામી પધાર્યા છે એમ સાંભળીને કોણિકરાજા અને ઉદાયન રાજાએ મોટા મહોત્સવ પૂર્વક વંદન કર્યા. તેમ જ તુંગીયા નગરીના અનેક શ્રાવકોએ સ્નાન કરી શ્રી અરિહંત ભગવાનની નૈવેદ્યાદિ દ્રવ્યોથી પૂજા કરી.

અવતરણિકા - આ ક્રિયા સમકિતની કરણી છે તે બતાવે છે.

**સમકિત સંવરની તે કિરિયા, તિમ જિનપૂજા ઉદાર;**
**હિંસા હોય તો અરથદંડમાં, કહે નહીં? તેહ વિચાર.**
**સુખ૦ ॥૫॥**

**ગાથાર્થ** = જેમ સમકિતને સંવરની ક્રિયા કહી છે તેમ ઉદારપણે જિનપૂજા કરવી તે પણ સંવરની ક્રિયા કહી છે (પ્રયોજનપૂર્વક હિંસા કરવી તે અર્થદંડ કહેવાય). જો જિનપૂજાને હિંસામાં ગણી હોય તો તેને (જિનપૂજાને) અર્થદંડમાં શા માટે કહી નથી? અર્થદંડમાં જિનપૂજાનો સમાવેશ કર્યો નથી માટે જિનપૂજામાં હિંસા લાગતી નથી એમ સમજવું.

અવતરણિકા - શ્રી સૂયડાંગ સૂત્રની સાક્ષી આપે છે-

**નાગ-ભૂત-જક્ષાદિક હેતે, પૂજા હિંસા રે ઉત્ત;**
**સૂગડાંગમાં નવિ જિનહેતે, બોલે જે હોએ જુત્ત.**
**સુખ૦ ॥૬॥**

**ગાથાર્થ** = શ્રી સૂયડાંગ સૂત્રમાં અર્થદંડમાં નાગ, ભૂત, યક્ષાદિની પૂજા તે હિંસામાં ગણી છે પણ શ્રી જિનેશ્વરની પૂજા હિંસામાં ગણી નથી. જે યોગ્ય હોય તે જ સૂત્રમાં કહે. (ઉલ્ટા સિદ્ધાંતમાં ચૈત્યમહોત્સવ કહ્યાં છે.)

અવતરણિકા - કુમતિ કહે છે કે પૂજામાં હિંસા હોવાથી શ્રી જિનેશ્વરની આજ્ઞા શી રીતે હોય ? તે બતાવે છે.

**જિહાં હિંસા તિહાં નહી જિન-આણા, તો કિમ સાધુ વિહાર ?**
**કર્મ્મબન્ધ નહીં જયણા ભાવે, એ છે શુભવ્યવહાર.**
**સુખ૦ ॥૭॥**

**ગાથાર્થ** = જયાં હિંસા હોય ત્યાં જિનેશ્વરની આજ્ઞા ન હોય તો સાધુને વિહારમાં નદી ઉતરતાં અપ્કાયની હિંસા હોવાથી વિહારની આજ્ઞા કેમ કરી ? જિનશાસનમાં યતનાપૂર્વક ક્રિયા કરવાથી હિંસા હોય તો પણ કર્મબંધ ન થાય. આ વ્યવહાર છે.

અવતરણિકા - પૂજામાં હિંસા થાય છે તેથી બંધ પણ થાય. તેનો જવાબ આપે છે.

**પ્રથમ બંધ ને પછી નિર્જરા; કૂપતણો રે દિટ્ઠંત;**
**કહિ કોઈ જોડે બુધ ભાખે, ભાવ તે શુચિજલ તંત.**
**સુખ૦ ॥૮॥**

**ગાથાર્થ** = જેમ કૂવો ખોદતાં તૃષા, શ્રમ, માટી વિગેરેથી મલિન થાય છે પણ કૂવામાંથી પાણી આવતાં તૃષા, શ્રમ, મેલ વિગેરે દૂર થઈ જાય છે. તેમ જિનપૂજાથી પ્રથમ હિંસા અને પછી કર્મનિર્જરા થાય છે. તેના જવાબમાં પંડિત કહે છે કે જિનપૂજામાં શુભ અધ્યવસાયરૂપી પાણી હોવાથી અશુભ કર્મબંધરૂપી મેલથી મેલા થતાં જ નથી.

**ઉપાદાનવશ બન્ધન કહિયું, તસ હિંસા શિર ઉપચાર;**
**પુષ્પાદિક આરમ્ભતણા ઈમ, હોય ભાવે પરિહાર.**
**સુખ૦ ॥૯॥**

**ગાથાર્થ** = આત્માનો જેવો (શુભાશુભ) અધ્યવસાય હોય તે પ્રમાણે (શુભાશુભ) કર્મબંધ થાય. હિંસાના પરિણામ વિનાની હિંસા ઉપચારથી હિંસા કહેવાય છે. પૂજામાં પુષ્પ, પાણી વગેરેની હિંસાના ભાવ ન હોવાથી ભાવથી હિંસાનો પરિહાર થાય છે.

અવતરણિકા - આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે-

**જલ તરતાં જલ ઉપર મુનિને, જિમ કરૂણાનો રે રંગ;**
**પુષ્પાદિક ઉપર શ્રાવકને, તિમ પૂજામાંહિ ચંગ.**
**સુખ૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = જેમ મુનિને પાણીમાં તરતા અપ્કાય જીવો પર કરૂણાભાવ જ હોય પરંતુ હિંસાના પરિણામ ન હોય, તેમ શ્રાવકને પણ જિનપૂજામાં પાણી, પુષ્પ, ધૂપ, દીપ વિગેરેના જીવોની હિંસાના ભાવ હોતા નથી પણ કરૂણાભાવ જ હોય છે. (શ્રી ઠાણાંગસૂત્રમાં જણાવ્યું છે કે સાધ્વીને પાણીમાં તણાતી જોઈને સાધુ તરીને પણ તેને બહાર કાઢે. માટે ગાથામાં 'જલ તરતા' એમ કહ્યું છે.)

**પાત્રદાનથી શુભવિપાક જિમ, લહે સુબાહુકુમાર;**
**પહિલે ગુણઠાણે ભદ્રક પણ, તિમ જિનપૂજા ઉદાર.**
**સુખ૦ ॥૧૧॥**

**ગાથાર્થ** = શ્રી વિપાકસૂત્રમાં જણાવ્યું છે કે પ્રથમ ગુણઠાણે ભદ્રક પરિણામી સુબાહુકુમારે સુપાત્રમાં દાન આપવાથી પુણ્ય બાંધ્યું. તેમ મિથ્યાત્વી પણ ઉદારતાપૂર્વક જિનપૂજા કરે તો શુભફળને પામે.

અવતરણિકા - કુમતિ કહે છે કે દાનનું ફળ કહ્યું પણ પૂજાનું ફળ કહ્યું નથી. તેનો જવાબ આપે છે.

**ઉપલક્ષણથી જિમ શીલાદિક, તિમ જિનપૂજા લીધ;**
**મનુજઆયુ બન્ધે તે સુબાહુ, તેણે સમકિત ન પ્રસિદ્ધ.**
**સુખ૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = દાનના ઉપલક્ષણથી જેમ શીલ વિગેરેનું ગ્રહણ કરાય છે તેમ ઉપલક્ષણથી જિનપૂજાને પણ ગ્રહણ કરી છે. સમકિતી હોય તે નિયમા વૈમાનિકનું આયુષ્ય બાંધે. સુબાહુકુમારે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું છે તેથી સુબાહુકુમારને સમક્તિ પ્રસિદ્ધ નથી.

અવતરણિકા - મિથ્યાત્વ ગુણઠાણે પણ પુણ્યનું કાર્ય કરતાં શુભવિપાક પામે. તે ઉપર બીજુ દૃષ્ટાંત જણાવે છે.

**મેઘજીવ ગજ શશઅનુકમ્પા, દાન સુબાહુ વિચાર;**
**પહિલે ગુણઠાણે પણ સુન્દર, તિમ જિનપૂજા પ્રકાર.**
**સુખ૦ ॥૧૩॥**

ગાથાર્થ = મેઘકુમારે પૂર્વના હાથીના ભવમાં સસલા ઉપરની અનુકંપાથી પોતાનો પગ નીચે ન મૂક્યો અને ઘણી વેદના સહન કરી ત્યારે મિથ્યાત્વ હતું. તેમજ સુબાહુકુમારને મિથ્યાત્વ

ગુણઠાણે પણ દાનના શુભ અધ્યવસાય હતાં. તેમ જિનપૂજાનો પ્રકાર જાણવો અર્થાત્ સમકિતી અને દેશવિરતિધરને તો આ જિનપૂજા વિશેષ ગુણકારી જાણવી.

અવતરણિકા - કુમતિ કહે છે "જિનપૂજા ગુણકારી છે તો સાધુ ભગવંત શા માટે ન કરે ? જે ગુણકારી હોય તે સર્વ લોકો કરે". તેનો જવાબ આપે છે.

**દાનદેવ પૂજાદિક સઘળાં, દ્રવ્યસ્તવ કહ્યાં જેહ;**
**અસદારમ્ભી તસ અધિકારી, માંડી રહે જે ગેહ.**
**સુખ૦ ॥૧૪॥**

**ગાથાર્થ** = દાન આપવું, જિનપૂજા આદિ શબ્દથી સ્વામીવાત્સલ્ય, પ્રભાવના યાત્રા વિગેરે દ્રવ્યસ્તવ કહેવાય છે. જેઓ આરંભ કરે છે તેઓ (ગૃહસ્થો) દ્રવ્યસ્તવના અધિકારી છે પણ નિરારંભી સાધુ નહીં. (આરંભ બે પ્રકારના છે. ૧. સદારંભ = દાન, દેવપૂજા(જિનપૂજા), સ્વામીવાત્સલ્યાદિ. ૨. અસદારંભ = ઘર બંધાવવા, પુત્રાદિકના લગ્ન કરવાદિ.)

**સદારમ્ભમાં ગુણ જાણીજે, અસદારમ્ભનિવૃત્તિ;**
**અરમણિકતા ત્યાગે ભાષી, ઈમ જ પ્રદેશી પ્રવૃત્તિ.**
**સુખ૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = સદારમ્ભની જિનપૂજા, દાનાદિકની પ્રવૃત્તિના કાળમાં અસદારમ્ભનો ત્યાગ થાય છે, સદારમ્ભમાં આ ગુણ જાણવું. પ્રદેશી રાજા ધર્મ પામ્યા ત્યારે કેશી સ્વામીએ કહ્યું કે હે રાજન્! તું પૂર્વે દાન આપનારો હતો. હવે ધર્મ પામી દાન નહીં આપનારો ન થઈશ.

અવતરણિકા - વળી સૂત્રની સાક્ષીએ બીજું દૃષ્ટાંત જણાવે છે-

**લિખન શિલ્પશત ગણિત પ્રકાશ્યાં, ત્રણે પ્રજાહિત હેત;**
**પ્રથમ રાય શ્રી ઋષભજિણિન્દે, તિહાં પણ એ સંકેત.**
**સુખ૦ ||૧૬ ||**

**ગાથાર્થ** = લોકો ઉન્માર્ગને તજીને માર્ગમાં પ્રવર્તે એ હેતુથી પ્રથમ રાજા શ્રી ઋષભજિનેશ્વરે અઢારલિપિ, શિલ્પકળા અને ગણિત આ ત્રણ પ્રજાના હિત માટે બતાવ્યા.

અવતરણિકા - કુમતિ કહે છે કે મુનિ હોય તો પૂજા પ્રમુખ હિંસાનો ઉપદેશ શા માટે આપે? તેનો જવાબ આપે છે-

**યતનાએ સૂત્રે કહ્યું મુનિને, આર્યકરમ ઉપદેશ;**
**પરિણામિક બુદ્ધિ વિસ્તારે, સમજે શ્રાદ્ધ અશેષ.**
**સુખ૦ ||૧૭ ||**

**ગાથાર્થ** = શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવ્યું છે કે મુનિ યતનાપૂર્વક આર્યકર્મ (જિનપૂજા, સામાયિક, પૌષધ વિગેરે શ્રાવકના કર્તવ્યો)નો ઉપદેશ આપે. તેમજ અશુભ ક્રિયાઓનો ત્યાગ કરી શુભ ક્રિયાઓને આદરે. તેમજ શ્રાવક પારિણામિક બુદ્ધિથી તેને સંપૂર્ણ વિસ્તારપૂર્વક સમજે.

અવતરણિકા - કુમતિ કહે છે-'આર્યકર્મમાં સામાયિક, પૌષધ, જિનપૂજાદિ આવે પણ હિંસા નહીં' તેનો જવાબ આપે છે-

**આર્ય કાર્ય શ્રાવકના જે છે, તેહમાં હિંસા દીઠ;**
**હેતુ સ્વરૂપ અનુબન્ધ વિચારે, નાશે દેઈ નિજ પીઠ.**
**સુખ૦ ||૧૮ ||**

**ગાથાર્થ** = શ્રાવકના જે-જે આર્યકર્મ છે તેમાં હિંસા જોઇ છે. તે હેતુહિંસા, સ્વરૂપહિંસા અને અનુબંધહિંસાને વિચારે તો પૂજામાં હિંસાની પ્રરૂપણા કરનારા કુમતિ પૂંઠ બતાવીને નાશી શકે પણ યુક્તિપૂર્વક ઢાંકી શકે નહીં.

અવતરણિકા - ત્રણ પ્રકારની હિંસાનું સ્વરૂપ જણાવે છે-

**હિંસાહેતુ અયતના ભાવે, જીવ વધે તે સ્વરૂપ;**
**આણાભંગ મિથ્યામતિ ભાવે, તે અનુબન્ધ વિરૂપ.**
**સુખ૦ ॥૧૯॥**

**ગાથાર્થ** = અનુપયોગથી કે પ્રમાદથી પ્રવૃત્તિ કરતાં યદ્યપિ જીવહિંસા ન થાય તો પણ તેને હિંસાનો દોષ લાગે તે હેતુહિંસા. ઉપયોગપૂર્વક ચાલવા છતાં પણ કોઈ જીવનો ઘાત થઈ જાય તો તે સ્વરૂપહિંસા અને પરમાત્માની આજ્ઞાનો ભંગ કરે અર્થાત્ વિપરીત શ્રદ્ધાથી જેટલી પણ પ્રવૃત્તિ કરે તેમાં જીવહિંસા ન થાય તો પણ પોતાનો આત્મા હણાય છે માટે તે અનુબંધહિંસા કહેવાય. ભાવથી પરંપરાએ હિંસાનું ફળ આપનારી હોવાથી તે અનુબંધહિંસા કહેવાય.

અવતરણિકા - આ જ વાતને સ્પષ્ટ કરે છે -

**હેતુ સ્વરૂપ ન હિંસા સેવી, સેવી તે અનુબન્ધ;**
**તો જમાલિપ્રમુખે ફલ પામ્યાં, કડુઆ કરી બહુ દ્વંદ્વ.**
**સુખ૦ ॥૨૦॥**

ગાથાર્થ = જમાલીએ હેતુહિંસા કે સ્વરૂપહિંસા સેવી નથી. પણ એક પ્રભુવચનનો લોપ કરવા રૂપે અનુબંધહિંસા સેવી છે તેથી જમાલી વિગેરે ઘણા દ્વંદ્વ=કલેશ કરી કડવા ફળ પામ્યા.

**સ્વરૂપથી હિંસા ન ટળે છે, સમુદ્રજલે જે સિદ્ધ;**
**વળી અપવાદપદે જે વરતે, પણ તેણે શિવપદ લીધ.**
**સુખ૦ ॥૨૧॥**

ગાથાર્થ = (અઢીદ્વીપમાં બધી જગ્યાથી સિદ્ધ થયા છે.) સમુદ્રના જળમાં પણ જેઓ સિદ્ધ થયા ત્યારે તેમને પણ સર્વકર્મક્ષય કરતાં પાણીના જીવોની સ્વરૂપથી હિંસા થાય છે. વળી અપવાદમાર્ગનું સેવન કરનારા પણ શિવપદ=મોક્ષને પામ્યા છે. (અપવાદમાર્ગને સેવતાં પણ હિંસા થાય છે. જેમ અહીં જે હિંસા થાય છે તે નિરવદ્ય = અહિંસા જ છે તેમ જિનપૂજામાં પણ સ્વરૂપથી હિંસા છે પણ અનુબંધે અહિંસા જ છે.)

અવતરણિકા - વળી આ જ વાતને દૃઢ કરે છે -

**સાધુવિહાર પરે અનુબંધે, નહીં હિંસા જિનભક્તિ;**
**ઈમ જે માને તેહની વાધે, સુજશ આગમ શક્તિ.**
**સુખ૦ ॥૨૨॥**

**ગાથાર્થ** = સાધુ વિહાર કરે ત્યારે વાયુકાયાદિક, ક્યારેક ત્રસકાયની પણ અને નદી ઉતરતાં અપ્કાયાદિકની પણ હિંસા થાય છે એ સ્વરૂપહિંસા છે પણ અનુબંધે મુનિને હિંસા નથી. તેમ શ્રાવકને પણ જિનપૂજામાં સ્વરૂપહિંસા લાગે પણ અનુબંધે હિંસા લાગતી નથી. આ રીતે આગમ પ્રમાણે જિનપૂજામાં હિંસા નથી આ વાત જે પુરુષ માને તેને સુખ તથા યશની પ્રાપ્તિ થાય. એમાં જશ એમ કર્તાએ પોતાનું નામ સૂચવ્યું.

## ઢાળ-૫

(રાગ : માહરી _હિરે સમાણી......)

અવતરણિકા - ચોથી ઢાળમાં પૂજા કરતાં હિંસા ન થાય એ જણાવ્યું પણ જિનપ્રતિમા હોય તો તેની પૂજા કરી શકાય માટે જિનપ્રતિમાનું વર્ણન સિદ્ધાંતમાં બતાવે છે.

**સાસયપડિમા અડસય માને, સિદ્ધાયતન વિમાને રે,**
**ધન ધન જિનવાણી, ટેક**
**પ્રભુ તેં ભાષી અંગઉવંગે, વરણવશું તિમ રંગે રે.**
**ધન૦ ॥૧॥**

**ગાથાર્થ** = હે પ્રભુ ! આપશ્રીએ શ્રી ઠાણાંગ પ્રમુખ અંગમાં અને શ્રી જીવાભિગમ પ્રમુખ ઉપાંગમાં કહ્યું છે કે સિદ્ધાયતન વિમાનમાં એકસો આઠ શાશ્વતી પ્રતિમાઓ છે એ જિનવાણીને ધન્ય-ધન્ય છે. તેનું અમે હર્ષપૂર્વક વર્ણન કરશું.

અવતરણિકા - તે જિનપ્રતિમાનું વર્ણન કરે છે.

**કંચનમય કરપદતલ સોહે, ભવિજનનાં મન મોહે રે; ધન૦**
**અંકરતનમય નખ સસનેહા, લોહિતાક્ષ મધ્યે રેહા રે. ધન૦**
**॥૨॥**

**ગાથાર્થ** = તે જિનપ્રતિમાના સુવર્ણમય હાથ-પગના તળીયા શોભે છે, શ્વેત ઉજળા અંકરત્નમય નખ છે તેમાં લોહિતાક્ષરત્નની રેખા છે તે ભવ્યપ્રાણીઓના મનને મોહ પમાડે છે.

**ગાત્રયષ્ટિ કંચનમય સારી, નાભિ તે કંચન-ક્યારી રે, ધન૦**
**રિટ્ઠ રતન રોમ રાજિ વિરાજે, ચુચ્ચુક કંચન છાજે રે. ધન૦**
**॥૩॥**

**ગાથાર્થ** = તેમની કાયા સુવર્ણમય મનોહર યષ્ટિસમાન, નાભિ સુવર્ણની ક્યારી સમાન, અત્યંત મનોહર શ્યામરત્નની રોમરાજી છે તેમજ કંચનમય સ્તનપ્રદેશ શોભે છે.

**શ્રીવચ્છ તે તપનીય વિશાલા, હોઠ તે લાલ પ્રવાલા રે; ધન૦**
**દંત ફટિકમય જીહ દયાલુ, વળી તપનીયનું તાલુ રે. ધન૦**
**॥૪॥**

**ગાથાર્થ** = હૃદયના મધ્યભાગમાં તપનીય (લાલ) સુવર્ણમય વિશાલ શ્રીવત્સ, રાતા પરવાળા સમાન સુંદર હોઠ, સ્ફટિક રત્નમય ઉજ્જવળ દાંત, દયાવંત જીભ તેમજ તપનીય સુવર્ણમય તાળવું છે.

**કનક નાશિકા તિહાં સુવિશેષા, લોહિતાક્ષની રેખા રે; ધન૦**
**લોહિતાક્ષરેખિત સુવિશાલા, નયન અંક રતનાલા રે. ધન૦**
**॥૫॥**

**ગાથાર્થ** = તે પ્રતિમાઓની સુવર્ણમય મહામનોહર નાશિકા છે. તે નાશિકામાં લોહિતાક્ષરત્નની લાલ રેખા છે. શ્વેત અંકરત્નમય સુવિશાલ નેત્રની મધ્યમાં લોહિતાક્ષરત્નની લાલ ટસરીઓ = રેખાઓ છે.

**અચ્છિપત્તિ ભમુહાવલી કીકી, રિટ્ઠરતનમય નીકી રે; ધન૦**
**શ્રવણ નિલાડવટી ગુણશાલા, કંચન ઝાકઝમાલા રે.**
**ધન૦ ॥૬॥**

**ગાથાર્થ** = આંખની પાંપણ, તે ઉપર ભાંપણી (ભવા) અને કીકી આ ત્રણે વસ્તુ શ્યામરત્નમય મનોહર છે. ગુણની શાળા સમાન સુવર્ણના દેદીપ્યમાન કર્ણ અને ભાળ છે.

**વજ્ર રતનમય અતિહિ સોહાણી, શીશઘડી સુખ માણી રે; ધન૦**
**કેશભૂમિ તપનીયનિવેશા, રિટ્ઠરતનમય કેશા રે. ધન૦**
**॥૭॥**

**ગાથાર્થ** = સુખની ખાણ સમાન અત્યંત શોભતી મસ્તકની ઘડી વજ્ર રત્નમય છે. તપાવેલા સુવર્ણ જેવી કંઈક લાલ કેશની ભૂમિ (મસ્તક)છે. તેમજ રિષ્ટરત્નમય (શ્યામરત્નમય) કેશ છે.

અવતરણિકા - હવે તે એકસો આઠ પ્રતિમાઓના પરિકરનું વર્ણન કરે છે તે એક-એક પ્રતિમાને બીજી અગ્યાર પ્રતિમાઓ કેવી રીતે છે ? તે જણાવે છે-

**પૂંઠે છત્ર ધરે પ્રત્યેકે, પ્રતિમા એક વિવેકે રે; ધન૦**
**હોય પાસે હોય ચામર ઢાલે, લીલાએ જિનને ઉવારે રે. ધન૦**
**॥૮॥**

**ગાથાર્થ** = તે પ્રત્યેક શાશ્વતી પ્રતિમાની પાછળ એક પ્રતિમા વિવેકપૂર્વક છત્ર ધારણ કરે છે. બન્ને બાજુ બે પ્રતિમા શાશ્વતી પ્રતિમાને ચામર ઢાળે છે. જાણે તેઓ લીલાપૂર્વક જિનેશ્વર પરમાત્માને ઓવારણા લેતી હોય તેવી ભાસે છે.

**નાગ ભૂત યક્ષ ને કુંડધારા, આગે હોય ઉદારા રે; ધન૦**
**તે પડિમા જિનપડિમા આગે, માનું સેવા માગે રે. ધન૦**
**॥૯॥**

**ગાથાર્થ** = તે પ્રત્યેક શાશ્વતી પ્રતિમાની આગળ બે મૂર્તિ નાગદેવતાની, બે મૂર્તિ ભૂતદેવતાની, બે મૂર્તિ યક્ષદેવતાની અને બે મૂર્તિ આજ્ઞાધારક દેવતાની ઘણી ઉદાર છે. અહીં કવિ કલ્પના કરે છે કે જાણે તે નાગભૂતાદિ દેવતાની મૂર્તિઓ જિનપ્રતિમાઓની પાસે સેવા માગે છે તેવી શોભતી હોય છે.

ઘંટ કલશ ભૃંગાર આયંસા, થાલ પાઈ સુપઈટ્ઠા રે; ઘન૦
મનગુલિયા વાયકરગ પ્રચંડા, ચિંતા રયણકરંડા રે. ઘન૦
॥૧૦॥

ગાથાર્થ = ૧૦૮ ઘંટ, ૧૦૮ કલશ, ૧૦૮ ભૃંગાર (કલશ વિશેષ), ૧૦૮ દર્પણ, ૧૦૮ થાલ, ૧૦૮ કુંડીઓ = પાત્રી = ભાજનવિશેષ, ૧૦૮ સુપ્રતિષ્ઠ ભાજન વિશેષ = પાટલા, ૧૦૮ મનોગુલિકા = પાટો, ૧૦૮ વાતકરણ (મોટા વીંઝણા) અત્યંત શોભનીય છે એમ નાના પ્રકારના ૧૦૮ રત્નના કરંડીયા છે.

હય ગય નર કિન્નર કિંપુરિસા, કંઠ ઉરગ વૃષ સરિસા રે; ઘન૦
રયણપુંજ વળી ફૂલ ચંગેરી, માલ્ય ને ચૂર્ણ અનેરી રે. ઘન૦
॥૧૧॥

ગાથાર્થ = હયકંઠ, ગજકંઠ, નરકંઠ, કિન્નરકંઠ, કિંપુરૂષકંઠ, ઉરગકંઠ અને વૃષકંઠ એકસો આઠ છે. રત્નના પુંજ, ફૂલની છાબડી, ફૂલમાળાની છાબડી તેમજ સુગંધી ચૂર્ણની છાબડી એમ પ્રત્યેક એકસો આઠ છે.

ગંધ વસ્ત્ર આભરણ ચંગેરી, સરસવ પુંજણી કેરી રે; ઘન૦
ઈમ પુષ્પાદિક પડલ વખાણ્યાં, આગે સિંહાસન જાણ્યાં રે.
ઘન૦ ॥૧૨॥

ગાથાર્થ = સુગંધી ચૂર્ણની, વસ્ત્રની, આભૂષણની, સરસવની અને પુંજણીની એમ દરેકની એકસો આઠ છાબડીયો જાણવી. એમ શ્રી જીવાભિગમ સૂત્રમાં પુષ્પ વગેરે પડલ વખાણ્યા છે તેમજ સિદ્ધાંતના વચનથી આગળ સિંહાસન હોય છે.

**છત્ર ને ચામર આગે સમુગ્ગા, તેલ કુષ્ઠભૃત જુગ્ગા રે; ધન૦**
**ભરિયા પત્ર ચોયગ સુવિલાસે, તગર એલા શુચિ વાસે રે.**
**ધન૦ ||૧૩||**

**ગાથાર્થ** = છત્ર, ચામર, સુગંધી તેલથી ભરેલા ડાબડા, સુગંધી વસ્તુના ભરેલા ડાબડા એ સર્વ એકસો આઠ જાણવા. વળી તે ડાબડા પત્રથી, સુગંધી દ્રવ્યથી, તગરથી, એલચીથી અને પવિત્ર વાસક્ષેપથી ભરેલા આગળ મૂકેલા હોય છે.

**વળી હરતાલને મનસિલ અંજન, સવિ સુગંધ મનરંજન રે; ધન૦**
**ધ્વજા એક શત આઠ એ પૂરા, સાધન સર્વ સનૂરા રે.**
**ધન૦ ||૧૪||**

**ગાથાર્થ** = વળી હરતાળ, મનસિલ અને અંજનના-સુગંધવાળા મનને આનંદ ઉપજાવે એવા આ સર્વ એકસો આઠ[૨] ડાબડા છે. તેમજ ૧૦૮ ધ્વજાઓ છે એ સર્વ પૂજાની ઉત્તમ સામગ્રી જાણવી.

**સુર એ પૂજાસાધન સાથે, જિન પૂજે નિજ હાથે રે; ધન૦**
**સિદ્ધાયતને આપ વિમાને, થૂભાદિક બહુમાને રે. ધન૦**
**||૧૫||**

**ગાથાર્થ** = ઉપરની સામગ્રી વડે દેવતાઓ પોતાના હાથે પોતપોતાના દેવવિમાનમાં-સિદ્ધાયતનમાં (સિદ્ધ ભગવાનના દેરાસરમાં) રહેલી જિનપ્રતિમાઓની પૂજા કરે છે તેમજ સ્તૂપાદિકનું પણ બહુમાન કરે છે.

અવતરણિકા - ત્યાં દેવતા શી રીતે ભાવના ભાવે છે ? તે જણાવે છે-

**એહ અપૂરવ દરિશણ દીઠું, સુરતરૂ ફલથી મીઠું રે; ધન૦**
**એ સંસારસમુદ્રે નાવા, તારણતરણસહાવા રે. ધન૦**
**॥૧૬॥**

**ગાથાર્થ** = આજે મને અપૂર્વ પ્રભુદર્શન થયું અર્થાત્ ઘણા કાલથી આ સંસારમાં ભ્રમણ કરતાં આવા ભાવોલ્લાસપૂર્વક ક્યારેય પ્રભુદર્શન થયું નથી માટે કલ્પવૃક્ષના ફળ કરતાં પણ વધારે મને મીઠું લાગે છે. તેમજ જેમ નૌકા પોતે તરે અને બીજાને પણ તારે તેમ આ સંસારસમુદ્રમાં પરમાત્મા નૌકાસમાન તરણતારણ સ્વભાવવાળા છે અર્થાત્ પરમાત્મા પોતે પણ આ સંસારસમુદ્રથી તર્યા અને બીજાને પણ તારે છે.

**ઈમ વિસ્મય ભવભય ગુણરાગે, ઝીલે તેહ અતાગે રે; ધન૦**
**રાચે માચે ને વળી નાચે, ધરમધ્યાન મન સાચે રે. ધન૦**
**॥૧૭॥**

**ગાથાર્થ** = જેનો તાગ પામી શકાય નહીં એવા અનંતા ગુણમય પ્રભુને આશ્ચર્યતાપૂર્વક, સંસારના ભયથી મૂકાવનાર જાણીને પરમાત્માના ગુણ ગાતા-ગાતા પ્રભુગુણમાં લીન બનીને ધર્મધ્યાનમાં મનને સ્થિર કરે છે.

**થેઈ થેઈ કરતાં દે તે ભમરી, હર્ષે પ્રભુગુણ સમરી રે; ધન૦**
**યોગ નિરાલંબન લય આણી, વશ કરતાં શિવરાણી રે.**
**ધન૦ ॥૧૮॥**

**ગાથાર્થ** = તે દેવતાઓ હર્ષપૂર્વક પ્રભુના ગુણોનું સ્મરણ કરી થેઈ-થેઈ (નૃત્ય) કરતાં પ્રદક્ષિણા આપે છે. નિરાલંબન ભાવે સિદ્ધસ્વરૂપની લગની લગાડી શિવરાણીને વશ કરતા હોય છે.

**ઈમ નંદીશ્વરપ્રમુખ અનેરાં, શાશ્વત ચૈત્ય ભલેરાં રે; ધન૦**
**તિહાં જિન પૂજી તે અનુમાને, જનમ સફલ નિજ માને રે.**
**ધન૦ ॥૧૯॥**

ગાથાર્થ = એમ નંદીશ્વરદ્વીપ, રૂચકદ્વીપ વિગેરેમાં ભવનપતિ પ્રમુખના ચૈત્યોમાં શાશ્વતી પ્રતિમાઓ છે તેમની પૂજા કરે છે. તે પૂજાના અનુમાનથી દેવતાઓ પોતાનો જન્મ સફલ માને છે અર્થાત્ દેવતાને જિનભક્તિ એ જન્મની સફલતાનું કારણ લાગે છે.

અવતરણિકા - દેવતાઓ વિશેષ પ્રકારે જિનભક્તિ-મહોત્સવાદિ ક્યારે કરે ? તે જણાવે છે -

**કલ્યાણક અટ્ઠાઈ વરસી, તિથિ ચઉમાસી સરખી રે; ધન૦**
**તેહ નિમિત્તે સુર જિન અરચે, નિત્ય ભક્તિપણે વિરચે રે.**
**ધન૦ ॥૨૦॥**

ગાથાર્થ = પ્રભુના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ કલ્યાણક, સંવત્સરી તેમજ ચોમાસી અટ્ઠાઈ-આ દિવસોમાં ઘણા દેવતાઓ ભેગા મળી જિનપૂજા કરે તથા અટ્ઠાઈ મહોત્સવ વિગેરે ભક્તિ કરે છે.

**ભાવ અક્ખયભાવે જે મળિયો, તે નવિ જાએ ટળિયો રે; ધન૦**
**ફરી ત્રાંબુ નવિ હોય નિષેધે, હુઓ હેમરસ વેધે રે. ધન૦**
**॥૨૧॥**

ગાથાર્થ = જે ત્રાંબુ રસવેધે (રસાયનિક ક્રિયા દ્વારા) સુવર્ણ થયું છે તે સુવર્ણ ત્રાંબાને નિષેધપણે થયું છે તેથી તે ફરી ત્રાંબુ ન થાય. તેમ પોતાનો ભાવ પ્રભુની સાથે અક્ષયભાવે મળ્યો છે તે ક્યારેય ટળે નહીં.

અવતરણિકા - ઉપરોક્ત વાતને દૃષ્ટાંતસહિત જણાવે છે -

**એકે જલલવ જલધિ ભલાએ, તો તે અક્ષય થાયે રે; ધન૦**
**આપભાવ જિનગુણમાંહી આણે, તિમ તે અખયપ્રમાણે રે.**
**ધન૦ ॥૨૨॥**

**ગાથાર્થ** = પાણીનું એક બિંદુ પણ સમુદ્રમાં મળે તો અક્ષય થાય અર્થાત્ સૂકાય નહીં. તેમ પોતાનો ભાવ જિનેશ્વરના ગુણમાં મળે તો પૂર્વોક્ત યુક્તિપ્રમાણે અક્ષય થાય.

અવતરણિકા - ઉપસંહાર કરતાં જણાવે છે -

**અપુણરૂત્ત અડસય વડવૃત્તે, ઈમ સુર ભાવે ચિત્તે રે; ધન૦**
**ઈમ જિન પૂજી જે ગુણ ગાવે, સુજશ લીલ તે પાવે રે. ધન૦**
**॥૨૩॥**

**ગાથાર્થ** = જે એકવાર કહ્યું તે બીજીવાર ન આવે તેને અપુનરૂક્ત કહેવાય છે. અપુનરૂક્ત એવા એકસો આઠ મોટા કાવ્યો દ્વારા જે દેવતા પરમાત્માને ભાવપૂર્વક પોતાના ચિત્તમાં ધ્યાવે. એ રીતે જિનેશ્વર પરમાત્માને પૂજીને જે જિનના ગુણ ગાવે તે પ્રાણી યશની લીલાને પામે. શ્લોકમાં જસ શબ્દથી કર્તાએ જસવિજય એમ પોતાનું નામ સૂચવ્યું.

## ઢાળ-૬

(રાગ - અભિનન્દન જિન ! દરિસણ તરસીએ.....)

અવતરણિકા - ચોથી ઢાળમાં (સિદ્ધાન્તમાં) જિનપ્રતિમાનું વર્ણન જણાવ્યું. હવે તે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું જોઈએ પણ તે જિનાજ્ઞા શું છે ? તે આ ઢાળમાં જણાવે છે. આ સંબંધથી આ છઠ્ઠી ઢાળ શરૂ થાય છે.

**સમકિત સૂધું રે તેહને જાણીએ, જે માને તુજ આણ;**
**સૂત્ર તે વાંચે રે યોગ વહી કરી, કરે પંચાંગી પ્રમાણ.**
**સમકિત૦ ॥૧॥**

**ગાથાર્થ** = જે પ્રાણી પરમાત્માની આજ્ઞાને માને છે, યોગોદ્‌વહન કરી સૂત્રને વાંચે. તેમજ પંચાંગીમાં (સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકામાં) જે કહ્યું છે તે સર્વ સત્ય છે એમ માને તે પ્રાણીને શુદ્ધ સમકિત જાણવું.

અવતરણિકા - પાંચ જ્ઞાનમાં ઉદ્દેશાદિક જણાવે છે -

**ઉદ્દેશાદિક નહીં ચઉનાણનાં, છે સુઅનાણનાં તેહ;**
**શ્રી અનુયોગદુવાર થકી લહી, ધરીએ યોગસું નેહ.**
**સમકિત૦ ॥૨॥**

**ગાથાર્થ** = ઉદ્દેશ, આદિ શબ્દથી સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ એ ચારે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એ ચારેય જ્ઞાનના નથી પણ ઉદ્દેશાદિક માત્ર શ્રુતજ્ઞાનના છે. એમ અનુયોગદ્વારમાં કહ્યું છે. તેથી યોગને વિષે સ્નેહ ધારણ કરવો અર્થાત્ તે-તે સૂત્રો ભણવા માટે શાસ્ત્રોક્ત યોગની ક્રિયા કરવી. (ઉદ્દેશાદિક શ્રુતજ્ઞાનના હોવાથી ભણવું, ભણાવવું અર્થ શ્રુતજ્ઞાનનો જ જાણવો. મતિ, અવધિ, મનઃપર્યય અને કેવલ આ ચાર જ્ઞાન સ્થાપવા યોગ્ય છે કારણકે મતિજ્ઞાનાદિક ચાર જ્ઞાન અપાતા કે લેવાતા નથી માટે તેના ઉદ્દેશ, સમુદ્દેશાદિક પણ નથી.)

**ઉદ્દેશાદિક ક્રમ વિણ જે ભણે, આશાતે તેહ નાણ;**
**નાણાવરણી રે બાંધે તેહથી, ભગવઈ અંગ પ્રમાણ.**
**સમકિત૦ ॥૩॥**

**ગાથાર્થ** = ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગના અનુક્રમ વિના જેઓ સૂત્ર ભણે છે તેઓ જ્ઞાનની આશાતના કરતાં હોવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે.. એમ શ્રી ભગવતી નામે પાંચમાં અંગમાં કહ્યું છે.

**શ્રી નન્દી-અનુયોગદુવારમાં, ઉત્તરાધ્યયને રે યોગ;**
**કાલગ્રહણનો રે વિધિ સઘળો કહ્યો, ધરીએ તે ઉપયોગ.**
**સમકિત૦ ॥૪॥**

**ગાથાર્થ** = શ્રી નંદીસૂત્ર, અનુયોગદ્વાર તથા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં યોગ કહ્યા છે. તે યોગમાં લેવાતા કાલગ્રહણની સઘળી વિધિ પણ કહી છે. તેમાં ઉપયોગ રાખી વિધિપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

અવતરણિકા - સાધુને યોગોદ્‌વહન કરતાં આગમેસિભદ્રા થાય તે જણાવે છે -

**ઠાણે ત્રીજે રે વળી દશમે કહ્યું, યોગ વહે જેહ સાધ;**
**આગમેસિભદ્રા તે સંપજે, તરે સંસાર અગાધ.**
**સમકિત૦ ॥૫॥**

**ગાથાર્થ** = ત્રીજા શ્રીઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે, ત્રીજા સ્થાનમાં = 3 સ્થાનોમાં યોગ્ય સાધુ અનાદિ અનંત ચારગતિરૂપ સંસાર અટવીને પાર કરી શકે છે. (3 સ્થાન = ૧ અનિયાણાથી ૨ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી 3 યોગોદ્‌વહન કરવાથી તથા દશ સ્થાન = ૧ અનિયાણાથી ૨ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી 3 યોગોદ્‌વહન કરવાથી ૪ ક્ષમાપૂર્વક પ્રતિકૂળ નિમિત્તોને સહન કરવાથી ૫ ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાથી ૬

અમાયાવીપણાથી ૭ અપાર્શ્વસ્થપણાથી ૮ સુસાધુપણાથી ૯ શાસનના વાત્સલ્યથી ૧૦ શાસનની (ધર્મની) પ્રભાવનાથી) અને દશમા સ્થાનમાં કહ્યું છે કે જે સાધુ યોગોદ્વહન કરે તે જીવ આગળ ભદ્ર = ભવિષ્યમાં કલ્યાણકારક કર્મ બાંધે અને અગાધ સંસારને તરે. અર્થાત્ આવતાં ભવમાં કલ્યાણ છે જેને એવા તે સમ્યગ્દષ્ટિ દેવ અથવા મનુષ્યપણું પામી મોક્ષરૂપ કલ્યાણને પામે.

અવતરણિકા - શ્રુત એ તપ અને ઉપધાનપૂર્વક ગ્રહણ કરવું જોઈએ તે જણાવે છે -

**યોગ વહીને રે સાધુ શ્રુત ભણે, શ્રાવક તે ઉપધાન;**
**તપ ઉપધાને શ્રુત પરિગ્રહ કહ્યા, નન્દીએ તેહ નિદાન.**
**સમકિત૦ ॥૬॥**

**ગાથાર્થ** = શ્રી નંદીસૂત્રમાં જણાવ્યું છે કે શ્રી જિનેશ્વરભાષિત સૂત્રાર્થનું જ્ઞાન તપ અને ઉપધાનપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. તેથી સાધુ યોગોદ્વહન કરીને અને શ્રાવક ઉપધાન કરીને શ્રુતને ગ્રહણ કરે = ભણે.

અવતરણિકા - શ્રાવકની આવશ્યકાદિ ક્રિયા કેવી રીતે શુદ્ધ થાય ? તે જણાવે છે -

**ઈરિયાદિકના રે ષટ્ ઉપધાન છે, તેણે આવશ્યક શુદ્ધ;**
**ગૃહી સામાયિકાદિ શ્રુત ભણે, દીક્ષા લેઈ અલુદ્ધ.**
**સમકિત૦ ॥૭॥**

**ગાથાર્થ** = ઈરિયાવહિયં વિગેરેના છ ઉપધાન છે (પહેલું ઉપધાન પંચમંગલ મહાશ્રુતસ્કંધ, બીજું પ્રતિક્રમણ શ્રુતસ્કંધ,

ત્રીજું શક્રસ્તવાધ્યયન, ચોથું ચૈત્યસ્તવાધ્યયન, પાંચમું નામસ્તવાધ્યયન અને છઠ્ઠું શ્રુતસ્તવસિદ્ધસ્તવાધ્યયન છે.) એ છ ઉપધાન કરવાથી આવશ્યક શુદ્ધ થાય અર્થાત્ તે ભણવાનો અધિકાર મળે. ગૃહસ્થ સામાયિકાદિ શ્રુતને ભણી દીક્ષા ગ્રહણ કરી ક્રોધાદિક કષાયનો ત્યાગ કરી સામાયિકાદિ અગ્યાર અંગો ભણે.

અવતરણિકા - વળી શ્રાવક સૂત્ર ન ભણે તે જણાવે છે -

**સૂત્ર ભણ્યા કોઈ શ્રાવક નવિ કહ્યા, લદ્ધટ્ઠા કહ્યા તેહ;**
**પ્રથમ જ્ઞાન ને પછી દયા કહી, તિહાં સંજત ગુણ રેહ.**
**સમકિત૦ ॥૮॥**

**ગાથાર્થ** = કોઈ શ્રાવક કોઈ શ્રુતમાં ગહિયસુત્તા કહ્યા નથી. પણ લદ્ધટ્ઠા કહ્યા છે (શ્રી ભગવતી સૂત્રના બીજા શતકના પાંચમાં ઉદ્દેશામાં તુંગીયાનગરી પ્રમુખ શ્રાવકના અધિકારમાં लद्धट्ठा, गहियट्ठा, पुच्छिट्ठा, अभिगयट्ठा, विणिच्छियट्ठा વિગેરે વિશેષણ કહ્યા છે પણ लद्धसुत्ता के गहियसुत्ता કહ્યા નથી.) સાધુ દીક્ષા લીધા પછી પણ અમુક કાળ ગયે છતે તે તે સૂત્રો ભણે. (જો સાધુ અમુક સૂત્રો અમુક વર્ષો પછી ભણે તો, શ્રાવક તો તે સૂત્રો ભણી ન શકે). શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે ગુણની રેખા સમાન મુનિઓ પ્રથમ જ્ઞાન મેળવી પછી દયા પાળનારા હોય છે.

**નવમે અધ્યયને રે બીજા અંગમાં, ઘરમાંહિ દીવ ન દિટ્ઠ;**
**વળીય ચઉદમે રે કહ્યું શિક્ષા લહે, ગ્રન્થ તજે તે ગરિટ્ઠ.**
**સમકિત૦ ॥૯॥**

**ગાથાર્થ** = શ્રી સૂયડાંગ નામે બીજા અંગના નવમાં અધ્યયનમાં કહ્યું છે કે ગૃહસ્થો ઘરમાં સૂત્રરૂપ દીવો જોતાં નથી. વળી ચૌદમાં અધ્યયનમાં કહ્યું છે કે તેથી પરિગ્રહનો ત્યાગ કરીને ગુણગરિષ્ઠ નિર્ગ્રન્થ થઈને સૂત્રની શિક્ષા મેળવે.

**સપ્તમ અંગે રે અપઢિયા સંવરી, દાખ્યા શ્રાદ્ધ અનેક;**
**નવિ આચારધરાદિક તે કહ્યા, મોટો એહ વિવેક.**
**સમકિત૦ ॥૧૦॥**

**ગાથાર્થ** = સાતમાં શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં સૂત્ર ભણ્યા વિના પણ સંવરી = ઉપસર્ગને સહન કરનારા અનેક શ્રાવકો બતાવ્યા છે પણ આચારને ધરનારા કહ્યા નથી. એ મોટો વિવેક કર્યો છે. (શ્રાવકો સૂત્ર = આગમાદિને ભણ્યા વિના પણ ઉપસર્ગને સહન કરે છે તો સાધુઓ આગમાદિ ભણતા હોવાથી તેમને ઉપસર્ગને વિશેષ પ્રકારે સહન કરવા જોઈએ.)

અવતરણિકા - કુમતિ (ઢુંઢક) શંકા કરે છે - શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં શ્રાવકને કોવિદ કહ્યા છે તો ભણ્યા વિના કોવિદ શી રીતે કહેવાય ? તેનો જવાબ આપે છે -

**ઉત્તરાધ્યયને રે કોવિદ જે કહ્યો, શ્રાવક પાલિત ચંપ;**
**તે પ્રવચન નિર્ગ્રન્થ વચન થકી, અરથ વિવેક અકંપ.**
**સમકિત૦ ॥૧૧॥**

ગાથાર્થ = શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ચંપાનગરીમાં પાલિત નામે શ્રાવકને કોવિદ = પંડિત કહેલ છે. તે નિર્ગ્રન્થ પ્રવચનના વચનથી અર્થની ધારણાથી નિશ્ચયપણે શ્રાવક લદ્ધટ્ઠા કહ્યા છે (પણ લદ્ધસુત્તા કહ્યા નથી તેમજ શ્રાવકને કોવિદ કહ્યા પણ અધીત કહ્યા નથી.)

**સૂત્રે દીધું રે સત્ય તે સાધુને, સુરનરને વળી અત્થ;**
**સંવરદ્વારે રે બીજે ઈમ કહ્યું, અંગ દશમે સમત્થ.**
**સંમકિત૦ ॥૧૨॥**

**ગાથાર્થ** = શ્રી પ્રશ્નવ્યાકરણનામના દશમા અંગમાં બીજા સંવરદ્વારમાં સમર્થપણે કહ્યું છે કે પરમાત્માએ સાધુને સૂત્રથી બીજુ સત્યવ્રત આપ્યું = વીતરાગ પરમાત્માએ આટલા સિદ્ધાંત (ચૌદ પૂર્વાદિ) સાધુને આશ્રયીને આપ્યા અને સાધુએ જ ભણ્યા. તેમજ દેવતા (સૌધર્માદિક) અને ભરતમહારાજા વિગેરે મનુષ્યો સિદ્ધાંતનો અર્થ સાંભળી સત્યવચન જાણે.

અવતરણિકા - શ્રાવકને સૂત્ર ભણવાનો નિષેધ જણાવે છે -
**વળીય વિગયપડિબદ્ધને વાચના, શ્રી ઠાણાંગે નિષિદ્ધ;**
**નવિય મનોરથ શ્રુત ભણવાતણો, શ્રાવકને સુપ્રસિદ્ધ.**
**સમકિત૦ ॥૧૩॥**

**ગાથાર્થ** = વળી નિત્ય ઘી વિગેરે વિગઈમાં પ્રતિબદ્ધને પણ સૂત્રની વાચના આપવાનો શ્રી ઠાણાંગસૂત્રમાં નિષેધ કર્યો છે તેમજ શ્રાવકને કરવા યોગ્ય ત્રણ મનોરથમાં શ્રુત ભણવાનો મનોરથ નથી. (ત્રણ મનોરથ=૧ હું ક્યારે નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીશ ? ૨ હું ક્યારે મુંડ થઈને અણગાર બનીશ ? ૩ હું ક્યારે પાદોપગમન અનશન સ્વીકારીશ ?)

અવતરણિકા - હવે જે ગૃહસ્થને ભણાવે તેને દોષ બતાવે છે -
**વાચના દેતા રે ગૃહિને સાધુને, પાયચ્છિત્ત ચઉમાસ;**
**કહ્યું નિશીથે રે તો શું એવડી, કરવી હોંસ નિરાશ ?**
**સમકિત૦ ॥૧૪॥**

**ગાથાર્થ** = શ્રી નિશીથસૂત્રમાં કહ્યું છે કે ગૃહસ્થને વાચના દેતા (સૂત્ર ભણાવતા) સાધુને ચાતુર્માસ પ્રાયશ્ચિત આવે. કોઈ સૂત્રની સાક્ષીની આશા વિના શી વાત કરવી ?

**તજિય અસજ્ઝાઈ ગુરૂવાચના, લેઈ યોગ ગુણવંત;**
**જે અનુયોગ ત્રિવિધ સાચો લહે, કરે તે કર્મનો અંત.**
**સમકિત૦ ॥૧૫॥**

**ગાથાર્થ** = શાસ્ત્રમાં બતાવેલી અસજ્ઝાયનો ત્યાગ કરીને ગુરૂ ભગવંત પાસેથી વાચના ગ્રહણ કરી જે ગુણવાન આત્મા શાસ્ત્રાર્થને પ્રાપ્ત કરવા સંબંધી ત્રણ પ્રકારના અનુયોગને પામે તે પ્રાણી કર્મનો અંત કરી સિદ્ધિને પામે.

અવતરણિકા - ત્રણ અનુયોગ જણાવે છે -

**સૂત્ર અરથ પહિલો બીજો કહ્યો, નિજુત્તીએ રે મીસ;**
**નિરવશેષ ત્રીજો અંગ પંચમે, ઈમ કહે તું જગદીશ.**
**સમકિત૦ ॥૧૬॥**

**ગાથાર્થ** = ગુરૂ શિષ્યને પ્રથમ સૂત્રાર્થ (માત્ર શબ્દાર્થ) આપે તે પ્રથમ અનુયોગ. સૂત્રાર્થ બરાબર આવડ્યા પછી સૂત્રને નિર્યુક્તિસહિત (નિક્ષેપાસહિત) સમજાવે તે બીજો અનુયોગ. ત્યારબાદ પ્રસંગે-પ્રસંગે દૃષ્ટાંત, હેતુ, નય વિગેરે બધુ જ સમજાવે આ ત્રીજો અનુયોગ (ભાષ્ય, ટીકા, ચૂર્ણિ એ ત્રીજા અનુયોગમાં આવી જાય). હે જગદીશ ! શ્રી ભગવતીસૂત્ર નામના પાંચમાં અંગમાં અનુયોગની આ વિધિ તું કહે છે (અહીં જગદીશ=પરમાત્માને ભક્તિભાવે તું કહેલ છે.)

અવતરણિકા - હવે અનુગમ જણાવે છે -

**સૂત્ર નિજ્જુત્તિ રે બિહું ભેદે કહે, ત્રીજું અનુયોગદ્વાર;**
**કૂડા કપટી રે જે માને નહીં, તેહને કવણ આધાર ?**
**સમકિત૦ ॥૧૭॥**

**ગાથાર્થ** = (શ્રી અનુયોગદ્વારસૂત્રમાં ચાર અનુયોગ છે ૧ ઉપક્રમ ૨ નિક્ષેપ ૩ અનુગમ અને ૪ નય)શ્રી અનુયોદ્વારસૂત્રમાં ત્રીજા અનુગમ નામના અનુયોગમાં સૂત્રાનુગમ અને નિર્યુક્તિઅનુગમ એમ બે પ્રકારનો અનુગમ કહ્યો છે. તેને જે કુમતિ માનતા નથી તે જૂઠા અને માયાવી છે તેમને આ સંસાર સમુદ્રમાં પડતા કોણ આધારભૂત થશે ?

**બદ્ધ તે સૂત્રે રે અર્થ નિકાચિયા, નિજ્જુત્તેએ અપાર;**
**ઉપધિમાન ગણનાદિક કિહાં લહે ? તે વિણ માર્ગવિચાર.**
**સમકિત૦ ॥૧૮॥**

**ગાથાર્થ** = સૂત્રની સાથે નિકાચિત રીતે બંધાયેલા ઘણા અર્થ નિર્યુક્તિમાં છે. તે નિર્યુક્તિમાં ઉપધિનું પ્રમાણ (કેટલી લાંબી પહોળી) અને ગણત્રી (સંખ્યાથી કેટલી રાખવી ?) વિગેરે ઘણી વાતો આવે છે તે સર્વ નિર્યુક્તિ વિના જિનશાસનના માર્ગમાં ક્યાંથી પ્રાપ્ત થશે ?

**જો નિર્યુક્તિ ગઈ કુમતિ કહે, સૂત્ર ગયા નહીં કેમ ?**
**જેહ વાચનાએ આવ્યું તે સવે, માને તો હોએ ખેમ.**
**સમકિત૦ ॥૧૯॥**

**ગાથાર્થ** = નિર્યુક્તિ ગઈ એમ કુમતિ કહે છે તેના જવાબમાં કહે છે કે જો નિર્યુક્તિ ગઈ તો સૂત્ર શા માટે ન ગયા ? ગુરૂપરંપરાથી વાચના દ્વારા આપણી પાસે જે સૂત્ર આવ્યા તે માનીએ તો આત્માનું હિત થાય. (જો આવેલા સૂત્રોને માનીએ તો નિર્યુક્તિ પહેલા (સુતરામ્) માનીએ કારણકે ચારિત્રક્રિયાના સર્વવિશેષ ભાવો નિર્યુક્તિમાં છે.)

**આંધા આગે રે દરપણ દાખવો, બહિરા આગે રે ગીત;**
**મૂરખ આગે રે કહેવું યુક્તિનું, એ સવિ એક જ રીત.**
**સમકિત૦ ॥૨૦॥**

**ગાથાર્થ** = આંધળાના મુખની આગળ દર્પણ ધરવું, બહેરા માણસ આગળ ગીત-ગાન કરવું અને મૂર્ખને યુક્તિ દ્વારા સમજાવવું. એ સર્વ એક જ રીત = નિષ્ફળ જાણવું. કારણકે આંધળા પાસે જોવા માટે નેત્ર, બહેરા પાસે સાંભળવા માટે કાન અને મૂર્ખ પાસે સમજવા માટે બુદ્ધિ=ક્ષયોપશમ નથી. અર્થાત ભવાભિનંદીપણાના અગ્યાર દૂષણોથી દૂષિત આત્માઓ પાસે આત્મશુદ્ધિના ઉપાયની વાતો કરવી તે આંધળા આગળ દર્પણ દેખાડવાદિ સમાન છે.

અવતરણિકા - હવે હિતશિક્ષા જણાવે છે-

**મારગ-અરથી પણ જે જીવ છે, ભદ્રક અતિહિ વિનીત;**
**તેહને એ હિતશિખ સોહામણી, વળી જે સુનય અધીત.**
**સમકિત૦ ॥૨૧॥**

**ગાથાર્થ** = જેને (મોક્ષમાર્ગના અર્થી જીવોને) સુનયદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે એટલે જે એકાંતવાદમાં પરમાત્માની આજ્ઞાનું વિરાધકપણું અને સ્યાદ્‌વાદશૈલીથી ધર્મ અને મોક્ષપુરૂષાર્થની પ્રતિ યથાશક્તિ જ્ઞાનક્રિયા દ્વારા પ્રયત્ન કરવાથી આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે એમ જાણી ભદ્રક પરિણામે જ્ઞાન ક્રિયાની આરાધના કરે છે તે આત્માને સમસ્ત શાસ્ત્રવચનો હિત = શિખામણરૂપે અમૃતસમાન મીઠાં લાગે છે. જે માર્ગના અર્થી જીવો છે, ભદ્રક=કુવાસનાથી વાસિત નથી, અતિવિનયવાળા છે અને જેઓ સુનયથી ભણ્યા છે તેઓને માટે આ મનોહર હિતશિક્ષા છે (પણ અર્ધદગ્ધ માટે નથી.)

**પ્રવચનસાખે રે એમ એ ભાષિયા, વિગતે અરથવિચાર;**
**તુજ આગમની રે ગ્રહિય પરમ્પરા, લહીએ જગ જયકાર.**
**સમકિત૦ ॥૨૨॥**

**ગાથાર્થ** = અહીં ગ્રંથકારશ્રી કહે છે કે એ પ્રમાણે સિદ્ધાંતની સાક્ષીએ પ્રગટપણે અર્થના વિચાર કહ્યા છે પણ મારી મતિકલ્પનાથી કહ્યા નથી. તેથી જે આત્મા આપના આગમ = સૂત્રાર્થની પરંપરાને ગ્રહણ કરી આત્મકલ્યાણ કરવામાં પ્રયત્નશીલ બનશે. તેનું જગતમાં જય-જયકાર થશે.

**ગુણ તુજ સઘળા રે પ્રભુ ! કોણ ગણી શકે ?**
**આણાગુણલવ એક; ઈમ મેં થુણતાં રે સમકિત દઢ કર્યું,**
**રાખી આગમટેક. સમકિત૦ ॥૨૩॥**

**ગાથાર્થ** = હે પ્રભુ ! આપના સર્વ ગુણો અનંતા હોવાથી કયો પ્રાણી ગણી શકે ? અર્થાત્ કોઈ ન ગણી શકે. પરંતુ આપની આજ્ઞાના સ્વીકારરૂપ જે ગુણ, તે ગુણના બિંદુ માત્રની સ્તવના કરવાથી મેં સમકિતને દઢ કર્યું. આ રીતે આગમની ટેક રાખી છે.

**આણા તાહરી રે જો મેં શિર ધરી, તો શું કુમતિનું જોર ?;**
**તિહાં નવિ પસરે રે બલ વિષધરતણું,**
**કિંગારે જિહાં મોર. સમકિત૦ ॥૨૪॥**

**ગાથાર્થ** = આપની આજ્ઞા મેં મસ્તકે ધારણ કરી છે અર્થાત મારા જીવનમાં જિનાજ્ઞા એ જ પ્રમાણ હોવાથી કુમતિ કદાગ્રહીનું જોર નહીં ચાલે. જેમકે જ્યાં મોર કેકારવ અવાજ કરે ત્યાં ઝેરી સર્પનું બલ પણ વિસ્તાર પામતું નથી.

અવતરણિકા - ઉપસંહાર કરતાં કહે છે -

**પવિત્ર કરીજે રે જીહા તુજ ગુણે, શિર ધરીએ તુજ આણ;**
**દિલથી કહિએ રે પ્રભુ ન વિસારીએ, લહીએ સુજશ કલ્યાણ.**
**સમકિત૦ ॥૨૫॥**

**ગાથાર્થ** = હે પરમાત્મા ! અમે આપના ગુણોનું કીર્તન કરવા દ્વારા જીભને, આપની આજ્ઞા મસ્તકે ધારણ કરવા દ્વારા મસ્તકને અને હૃદયમાંથી પ્રભુનું વિસ્મરણ ન થવા દ્વારા હૃદયને પવિત્ર કરીએ. એમ કરતા-કરતા સમ્યગ્યશરૂપ કલ્યાણને પામીએ (એમાં કર્તાએ પોતાનું યશોવિજય એવું નામ સૂચિત કર્યું.)

## ઢાળ-૭

કળશ - (રાગ : સેવો ભવિયા ! વિમલ જિનેશ્વર....)

અવતરણિકા - આ વીર જિનેશ્વરની સ્તવના કરવા દ્વારા સમકિતની પ્રાપ્તિ થશે તે જણાવે છે -

**વર્તમાનશાસનનો સ્વામી, ચામીકરસમ દેહોજી;**
**વીર જિનેશ્વર મેં ઈમ થુણિયો, મન ધરી ધર્મ સનેહોજી;**
**એહ તવન જે ભણશે ગણશે, તસ ઘર મંગલમાલાજી;**
**સમકિતભાણ હોશે ઘટ તેહને, પરગટ ઝાકઝમાલાજી.**
**॥૧॥**

**ગાથાર્થ** = સુવર્ણસમાન કાયાવાળા, વર્તમાન શાસનના અધિપતિ એવા શ્રી વીર જિનેશ્વરની મેં (ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.) સ્તવના કરી. મનમાં ધર્મસ્નેહને ધારણ કરીને જે આત્મા આ સ્તવનને ભણશે અને ગણશે. તેના ઘરે માંગલિકની માળા=વિઘ્નો દૂર થઈ કલ્યાણ થશે અને તે આત્મામાં પ્રગટ પણે ઝગમગાયમાન સમ્યક્ત્વરૂપી સૂર્ય પ્રગટ થશે.

અવતરણિકા - હવે છેલ્લી હિતશિક્ષા જણાવે છે -

**અરથ એહના છે અતિસૂક્ષ્મ, તે ધારો ગુરૂ પાસેજી;**
**ગુરૂની સેવા કરતાં લઈએ, અનુભવ નિજ અભ્યાસેજી;**
**જેહ બહુશ્રુત ગુરૂ ગીતારથ, આગમના અનુસારીજી;**
**તેહને પૂછી સંશય ટાળો, એ હિતશીખ છે સારીજી. ॥૨॥**

ગાથાર્થ = આ સ્તવનના અર્થ ઘણા ગૂઢ હોવાથી ગુરૂભગવંતની સેવા કરવા દ્વારા ગુરૂ પાસેથી અર્થ જાણવા. આનો નિત્ય અભ્યાસ કરવા દ્વારા આત્મિક અનુભવ પ્રાપ્ત થાય. એમાં શંકા પડે તો આગમને અનુસરનારા = (પાપભીરૂ, સત્યભાષી) બહુશ્રુત ગીતાર્થ હોય તેમને પૂછી સંશય ટાળવું, એવી મારી રૂડી હિતશિક્ષા છે.

અવતરણિકા - આ સ્તવનની રચના ક્યારે કરી છે ? તે જણાવે છે અને પોતાના આચાર્યની પ્રશસ્તિ કહે છે -

**ઈંડલપુરમાં રહિય ચોમાસું, ધર્મધ્યાન સુખ પાયાજી;**
**સંવત સત્તરતેત્રીશા વરસે, વિજયદશમી મન ભાયાજી;**
**શ્રી વિજયપ્રભસૂરિ સવાયા, વિજયરતન યુવરાયાજી;**
**તસ રાજે ભવિજનહિત કાજે, ઈમ મેં જિનગુણ ગાયાજી.**
**॥૩॥**

ગાથાર્થ = શ્રી વિજયપ્રભસૂરી મ.સા. તપગચ્છનાયક થયા. તેમની પાટે શ્રી વિજયરત્નસૂરી મ.સા. યુવરાજ પદે વર્તતા હતા અર્થાત્ શ્રી વિજયપ્રભસૂરી મ.સા. ના વરદહસ્તે આચાર્યપદને વિષે આરૂઢ થયેલા હતા. ત્યારે મેં (યશોવિજયજી મ.) સંવત્ (૧૭૩૩)સત્તરસોને તેત્રીસમાં વર્ષે ઈંડલપુરમાં (અહમદાવાદનો પરો છે) ચોમાસામાં વિજયાદશમી = આસો સુદ દસમના ભવ્યજીવોના હિતને માટે શ્રી જિનેશ્વર પરમાત્માના ગુણોની સ્તવના કરતાં ધર્મધ્યાનનું સુખ પ્રાપ્ત કર્યું.

અવતરણિકા - હવે પોતાની પ્રશસ્તિ કહે છે -

**શ્રી કલ્યાણવિજય વરવાચક, તપગચ્છગયણદિણિંદાજી;**
**તાસ શિષ્ય શ્રી લાભવિજય બુધ, ભવિજનકૈરવચંદાજી;**
**તાસ શિષ્ય શ્રી જીતવિજય બુધ, શ્રી નયવિજય મુણિંદાજી;**
**વાચક જશવિજયે તસ શિષ્યે, થુણિયા વીરજિણંદાજી. ॥૪॥**

**ગાથાર્થ** = તપગચ્છરૂપ ગગનને વિષે સૂર્યસમાન શ્રી કલ્યાણવિજયજી ઉપાધ્યાયના શિષ્ય પંડિત શ્રી લાભવિજયજી મ.સા. થયા. ભવ્યપ્રાણીરૂપ ચંદ્રવિકાસી કમલને વિષે ચંદ્રમાં સમાન તેમના બે શિષ્ય-એક પંડિત શ્રી જીતવિજયજી મ.સા. અને બીજા મુનીન્દ્ર શ્રી નયવિજયજી મ.સા. થયા. તેમના શિષ્ય વાચક શ્રી યશોવિજયજી મ.સા. એ શ્રી વીરજિનેશ્વરની આ સ્તવના કરી.

અવતરણિકા - આ સ્તવન રચવાનું પ્રયોજન જણાવે છે-

**દોસી મૂલાસુત સુવિવેકી, દોસી મેઘા હેતેજી;**
**એહ તવન મેં કીધું સુંદર, શ્રુત અક્ષર સંકેતેજી;**
**એ જિનગુણ સુરતરુનો પરિમલ, અનુભવ તો તે લહેશેજી;**
**ભમર પરે જે અરથી હોઈને, ગુરૂઆણા શિર વહેશેજી. ॥૫॥**

**ગાથાર્થ** = શ્રી ઉપાધ્યાયજી મ.સા. ઢુંઢીયા દોસી મૂલાના વિવેકીપુત્ર મેઘજી દોસીને પ્રતિબોધ પમાડવા માટે સિદ્ધાંતના અક્ષરરૂપી સંકેતથી આ સુંદર સ્તવનની રચના કરી. જે પ્રાણી ભમરની જેમ અર્થી બનીને ગુરૂની આજ્ઞા શિરોધાર્ય કરશે તે પ્રાણી આ શ્રી જિનેશ્વરના ગુણરૂપી કલ્પવૃક્ષની સુગંધનો અનુભવ લેશે.

**રાગ દ્વેષ મલ ગાળવા, ઉપશમ રસ ઝીલો;**
**આતમપરિણતિ આદરી, પરપરિણતિ પીલો.**

આતમ૦ ॥૮॥

ગાથાર્થ = રાગદ્વેષરૂપી (અજ્ઞાનાદિ દુર્ગુણોરૂપી)મેલને ઓગાળવા માટે ઉપશમભાવ (પ્રશમભાવ, સમતાભાવ)રૂપી જલથી સ્નાન કરો. આત્માના ગુણોની જ ઝંખના રૂપ આત્મપરિણતિને સ્વીકારીને પરપુદ્ગલ કે પરવ્યક્તિ પ્રત્યેની પ્રીતિ-અપ્રીતિ-હર્ષ-શોક-રાગ-દ્વેષરૂપ પરપરિણતિને આત્મામાંથી દૂર ફગાવી દો. (કારણકે આ પરપરિણતિ આ જીવને આશારૂપી જાળથી બાંધીને ચારે ગતિરૂપ અપાર સંસારમાં ભટકાવે છે.)